ચંદ્રમણિ પ્રકાશન

કિંમત ₹ ૨૦

# મમતા

વર્ષઃ ૧, અંકઃ ૬, ૨૦૧૨

વાર્તામાસિક

આવતીકાલના વાર્તાકારોનું આજનું માસિક



# વાર્તાસ્પર્ધાનું પરિણામ



**અશોક હર્ષ પારિતોષિક રૂ. ૫૧,૦૦૦... સૌજન્ય દેવેન્દ્ર પીર, અમેરિકા**

- વત્સલ ર શાહ, અમદાવાદ ("વિખૂટો")
- સેજલ શાહ, મુંબઈ ("વચન")
- રમેશ રોશિયા, માંડવી ("અંધારું અજવાળું")

દરેકને રૂ. ૧૭,૦૦૧ હસ્તે સ્વ. હરિભાઈ ભટ્ટ ("મમતા"ના પ્રથમ ગ્રાહક)ના જયેષ્ઠ પુત્ર



**ચંદ્રમણિ પારિતોષિક, રૂ. ૨૧,૦૦૦... સૌજન્ય શશીબેન ભાટિયા, જબલપુર**

- દિલીપ ગણાત્રા, કલકત્તા ("ખિચ્ચાનો રૂપિયો")
- પૂજા તત્સત્, અમદાવાદ ("બોન વોયાજ")
- ધનરાજ કોઠારી, ભાવનગર ("બિચ્ચારા શાંતિલાલ")

દરેકને રૂ. ૭,૦૦૧ હસ્તે જય વસાવડા (પ્રતિષ્ઠિત ગદ્યલેખક)



**વલ્લભ પારિતોષિક, રૂ. ૧૦,૦૦૦.... સૌજન્ય મધુસૂદન ઠાકર, ખંભાળિયા**

- જયશ્રી પાઠક, ભાવનગર ("ઓહ અક્ષય!")
- બકુલેશ દેસાઈ, સુરત ("મધુની માસી")
- શૈલેશ દેસાઈ, કેનેડા ("એક અધૂરી વાર્તા")
- વિપુલ ઠક્કર, અમદાવાદ ("નટી")

દરેકને રૂ. ૨૫૦૧ હસ્તે કુંજલ છાયા (નવોદિત વાર્તાકાર)



**નલિન પારિતોષિક, રૂ, ૧,૦૦૦... સૌજન્ય એ. વી. ઠાકર, ગાંધીનગર**

- નૈમેષ નાણાવટી, કેનેડા વિજેતાને રૂ. ૧,૦૦૦ ટપાલથી

આત્મીય એન્જિનીયરિંગ કોલેજ, કાલાવડ રોડ, રાજકોટ
તારીખ ૦૩-૦૩-૨૯૧૨, સાંજે ૪-૩૦ કલાકે

**સૌ વિજેતાઓને અભિનંદન ❀❀ સૌ સ્પર્ધકોને ધન્યવાદ**


***❀ સચિત્ર અહેવાલ માટે જુઓ જુઓ જુઓ કવર પેજ ૩ ❀***


***❀ ઇનામ વિતરણ સમારંભના ફોટોગ્રાફ્સ રાકેશ ભટ્ટ ❀***

ચંદ્રમણિ પ્રકાશન

# મમતા

વાર્તામાસિક

## આવતીકાલના વાર્તાકારોનું આજનું માસિક

સંપાદક મધુ રાય

તંત્રી, મુદ્રક, પ્રકાશક એ. વી. ઠાકર

વાર્તાકાર દિનકર જોષી કહે છે કે, કલકત્તામાં કેવળ સાહિત્ય અને સાહિત્યકારોના સમાચાર-ગપશપ-ગોસિપનું એક બંગાળી મેગેઝિન એમણે જોયું હતુંઃ કયા કવિને ત્યાં બાબો આવ્યો, કયા એડિટરનાં સાસુજીએ કાર ખરીદી, કયા નોવેલિસ્ટે ઘર બદલ્યું, કયા વાર્તાકારને કઈ ગાયિકા સાથે અફેર છે, આદિ. જાણે સાહિત્યનું ફિલ્મફેયર. યાને બંગાળમાં લેખકો ફિલ્મસ્ટાર જેટલા જનપ્રિય છે. મરાઠીઓ પણ ભાષાના એટલા જ ઝનૂની છે; એ લોકો 'એરપોર્ટ'નું વિમાનતળ અને 'એક્સપ્રેસ વે'નું 'દ્રુતમાર્ગ' કરે છે. આજે ભલે તે વેદિયાગીરી ગણાય પણ એવાં અન્વેષણથી ભાષાસમૃદ્ધિ વધે છે, અને એરપોર્ટ કે એક્સપ્રેસ વેની જેમ જ નવા શબ્દો પણ જીભે ચડી જશે. હિન્દીવાળા જોડણીના એવા ચુસ્ત છે કે 'વિદ્યા' (જોડાક્ષર) લખાય કે 'વિદ્‌યા' (અડધો દ કરીને ય) સ્વીકાર્ય છે તેની અને પ્રત્યય હટાકર લખવા ('રામ ને' 'સીતા સે' કહા) કે સટાકર લખવા ('રામને' 'સીતાસે' કહા) તેની સરગર્મીભરી બહસ કરતા હોય છે. અમેરિકન અખબાર 'ન્યુ યોર્ક ટાઇમ્સ'ની સ્પેલિંગ, ગ્રામર, પંકચુએશનની માર્ગદર્શિકા યાને સ્ટાઇલબુકમાં શબ્દ તૂટે ત્યારે કેવો ડેશ મૂકવો; બે શબ્દોને જોડવા કેવો ડેશ વાપરવો; વાક્યની મધ્યે કશીક સ્પષ્ટતા માટે આગળ/પાછળ કેવડા ડેશ યોગ્ય છે; અને બે વાક્યાંશોને જોડવા માટે કયો ડેશ જરૂરી છે તેના કડક નિયમો છે. આપણને બબ્બે ઇઉ ભારે પડે છે ત્યારે 'ટાઇમ્સ' ડેશના પણ ત્રણ-ચાર પ્રકાર અપનાવે છે.

આપણે ગુજરાતીઓ વેપારી છીએ; આપણા માટે ભાષા એક સાધન છે, સાધ્ય નથી. ભાષાને ખાતર ભાષાની મુખશ્રીનો વિચાર કરવાનો આપણને સમય નથી. આપણી ગુજરાતી તુંબડી વગાડવા કરતાં આપણે ગ્રાહકની બોલીમાં વાત કરવામાં ડહાપણ માનીએ છીએ. સાહિત્ય પરિષદના એક અધિવેશનમાં ભાષાવિદ ડો. સુનીતિકુમાર ચેટર્જીએ કહેલું કે ગુજરાતીઓ અને બંગાળીઓ અમુક રીતે એક સરખા છે. એ 'અમુક' રીત જે હોય તે, બંગાળીઓ અને ગુજરાતીઓ ભાષાની બાબતમાં સામસામા છેડે છે. તદ્દન નવા તેમ જ કેટલાય સ્થાપિત ગુજરાતી લેખકો પણ ભાષાની ચુસ્તી, ભાષાના લાવણ્ય, વ્યાકરણ કે જોડણી પ્રત્યે અકળાવી મૂકે એવા લાપરવાહ છે. લખતાં લખતાં વાતે વાતે!!! ત્રણ ટપકાં... કે ત્રણ આશ્ચર્યવિરામ??? કે... પ્રશ્નવિરામ કે બંને?!... લખી??? દેતા...!!! હોય! છે! કારણ વિના શબ્દોના માથે મીડાં ચોડી દેતા હોય છે, 'કેટલા' અને 'કેટલાં'માં ફરક છે? તેથી શું થઈ ગયું મહીં? એવા ફરકની વાત કરવામાં ટાઇમ વેઇસ્ટ કરનારાં પંતુજી ધોતિયાદાસ કે વેદિયાં ગણાય છે. વાક્યે વાક્યે 'વેલ', ને 'ઇવન', ને 'મોરોવર', ને 'ઓફ કોર્સ' અને 'અગેન' જેવા ગરબડિયા અંગરેજીના આપણે ગોટલા ચડાવીએ છીએ. હજી હમણાં સુધી દૈનિકોમાં લીટીએ લીટીએ છાપભૂલો સર્વમાન્ય ગણાતી હતી. આજે પણ ગુજરાતમાં જોડણીને તો ઘેર ગઈ, 'પાત્રોનું સર્જન કર્યું હતું'ના સ્થાને 'પુત્રોનું સર્જન કર્યું હતું' છપાઈ જાય તો કોઈની ઊંઘ હરામ થતી નથી; એમોં શૂ યાર, વાચક સુધારીને વાંચી લેશે. ગુજરાતમાં સજ્જ પ્રૂફવાચકો કદાચ આંગળીનાં વેઢાં જેટલા હશે; જે હશે તે કામમાં એટલા ગળાડૂબ હશે કે હાથમાં લીધેલાં બધાં કામને સાચવી શકતા નહીં હોય. અને હવે કમ્પ્યુટર ટાઇપસેટિંગના નવા છોગાળા સોફ્ટવેરને ગુજરાતી કમ્પોઝ કરવા જોતરાવામાં આવે છે ત્યારે બેડોળ ભૂલોની એક અપૂર્વ શ્રેણીએ પ્રભુતામાં પગલાં પાડ્યાં છે, જેમાં કાનામાત્રા, કે હસ્વઉ દીર્ઘઊ શબ્દોથી છૂટા લટકાવીને છપાય છે. યાને કમ્પ્યુટરના સુવર્ણયુગમાં આપણે પથ્થરયુગની ભાષાથી ચલાવી લઈએ છીએ. ભાષાની મુખશ્રી, અને જોડણીની શુચિતાની શેખી મારનાર સંપાદકના ખુદના સંપાદિત આ સામયિકમાં એવી અને અન્ય અક્ષમ્ય ત્રુટિઓ સતત જોવા મળે છે જે લલાટે કરાઘાત કરાવે છે. દેશનો મોરમુકુટ આપણું સુવર્ણ ગુજરાત એના સાહસ, વાણિજ્યનૈપુણ્યથી ઝળહળે છે. ગુજરાતના રંગકર્મીઓ દેશના ફિલ્મ ને ટીવીઉદ્યોગમાં છવાઈ ગયા છે. ગુજરાતી ચિત્રકારો, સંગીતજ્ઞો, ખેલાડીઓ ને પાકશાસ્ત્રીઓએ જગતમાં ડંકા વગાડ્યા છે, પણ ભાષા પ્રત્યે આપણી સભાનતા 'જીરો જીરો' છે. ભાષા માટેની પથ્થરયુગીન જડતાને આપણે ઘરેણાની જેમ પહેરીએ છીએ. સંપાદકના થઈ શકે તેટલા અગ્નિશમનના ધમપછાડા છતાં 'મમતા'માં એ અને બીજી મનસ્વી છાપભૂલો થતી જ રહે છે; ગ્લાનિ એ છે કે એ ભૂલો ભવિષ્યમાં નહીં થાય એવો કોલ આપી શકાય તેમ નથી.

વધુમાં, ગયા અંકમાં છપાઈની ગફલતના કારણે એક વાર્તાનું ચિત્રના બદલે તે જગ્યા કોરી છપાઈ હતી. સંપાદક તે બદલ પણ તે ચિત્રકાર, તે વાર્તાલેખક અને વાચકો પાસે લાચાર દિલગીરી વ્યકત કરે છે.

-મધુ રાય

# નિયમાવલિ

- 'મમતા'માં દર માસની ૧૧મી તારીખે પ્રસિદ્ધ થાય છે.
- 'મમતા' કોઈ સવેતન કર્મચારી નથી તેથી ગ્રાહકો અને વાર્તાકારોના સહયોગની અપેક્ષા છે.
- 'મમતા' આવતી કાલના વાર્તાલેખકોનું આજનું માસિક છે તેથી તેમાં નવા લેખકોને હાર્દિક આવકાર છે.
- **'મમતા'માં કમ્પ્યુટર ઉપર લેટર સાઈઝ કે એફોર સાઈઝના કાગળ ઉપર ટાઈપ કરેલી, ઇ-મેઈલથી** mamatamonthly@gmail.com (sub: story for mamata) **મોકલેલી કૃતિઓ વહેલી ધ્યાનમાં લેવાશે. ઈમેઈલ કરેલી કૃતિની પહોંચ અને નિર્ણય ઈમેઈલથી જણાવાશે.**
- ટપાલ કે કુરિયરથી ઉપર મુજબ ટાઈપ કરેલી વાર્તાઓ તે પછી ધ્યાનમાં લેવાશે. હાથે લખેલી વાર્તાઓ પણ સ્વીકારાશે, પણ તેના નિર્ણયમાં વિલંબ થશે. ટપાલ કરેલી વાર્તા સાથે જવાબી પોસ્ટકાર્ડ હશે તો પહોંચ જણાવી શકાશે.
- 'મમતા' માત્ર વાર્તામાસિક છે. તેમાં ફક્ત વાર્તા સ્વીકારવામાં આવશે.
- વાર્તાની સાથે એ કૃતિ પૂર્વે કોઈ પ્રકાશનમાં, ઇન્ટરનેટ કે રેડિયો-ટીવી ઉપર કે બીજે ક્યાંય પણ કોઈ સ્વરૂપે અપ્રકાશિત અને મૌલિક છે તેવો પત્ર, લેખકનો ફોટો, ૫૦ શબ્દોમાં પરિચય તેમ જ ફોન નંબર અને હોય તો ઇ-મેઈલ આઈડી મોકલવાં.
- અનુવાદ કે રૂપાંતર સાથે મૂળ લેખકનું નામ, ૫૦ શબ્દોમાં પરિચય તથા હયાત હોય તો તેમનો અનુમતિપત્ર અને સરનામું, ફોન નંબર તથા ઇ-મેઈલ આઈડી મોકલવાં અનિવાર્ય છે.
- લખાણોની જોડણી સાર્થ જોડણીકોશ મુજબ ઇચ્છનીય છે.
- વાર્તા મળ્યા બાદ એકાદ - બે માસમાં લેખકને નિર્ણય જણાવવામાં આવશે. દરેક વાર્તાની એક નકલ સાચવવી. અસ્વીકૃત વાર્તા પાછી મોકલી શકાશે નહીં.
- પ્રસિદ્ધ થયેલી દરેક કૃતિના પ્રથમ પ્રકાશનનો પુરસ્કાર અપાય છે. તે પછી પ્રકાશનના તમામ હક લેખકના રહેશે.
- 'મમતા'નું (૧૨ અંક) વાર્ષિક લવાજમ રૂ. ૨૦૦ છે. લવાજમનો ચેક કે ડ્રાફ્ટ 'મમતા વાર્તામાસિક'ના નામે રીડર્સ પેરેડાઇઝના સરનામે મોકલવો. અન્ય સંસ્થાઓમાં રોકડેથી પણ લવાજમ આપી શકાશે, જેની પહોંચ સાચવી રાખવી.
- **કોઈ પણ પત્રવહેવારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. લવાજમ મોકલવાનું, અંક ન મળ્યાની કે રવાનગી બાબત કોઈ પણ ફરિયાદ કરવાનું સરનામું, 'મમતા' કાર્યાલય, રીડર્સ પેરેડાઇઝ, ૬ ઉત્સવ રો હાઉસ, સાલ હોસ્પિટલની સામે થલતેજ, અમદાવાદ ૩૮૦૦૫૨. અથવા** mamatacirculation@gmail.com
- રજિસ્ટર્ડ ઓફિસઃ 'મમતા' કાર્યાલય, કેર ઓફ એ. વી. ઠાકર, ૯૭૭/૨ સેક્ટર ૭-સી, ગાંધીનગર ૩૮૨-૦૦૭ ઇ-મેઇલ mamatamonthly@hotmail.com

# અનુક્રમ


૦૩ પંખીનો મેળો

૦૪ ઝવેરચંદ મેઘાણી / અતીતરાગ

૦૮ વત્સલ ર. શાહ / વિખૂટો

૧૫ ધનરાજ કોઠારી / બિચ્ચારા શાંતિલાલ

૧૭ શૈલેશ દેસાઈ / એક અધૂરી વાર્તા

૨૦ પ્રીતિ સેનગુપ્તા / એકનો એક પ્રેમી

૨૪ પ્રજ્ઞા પટેલ / અધૂરી જિંદગી

૨૭ પ્રવીણ શાસ્ત્રી / લકી ગ્રે સૂટ

૩૧ દિનેશ પંચાલ / એટેક

૩૪ સિગફ્રિડ લેન્ઝ / પરદેશી વાર્તા

૩૬ ઓરહાન પામુક / રાગ વિશ્વરંજની

૩૯ જ્યોતિ પી. દવે / હું સવલી

૩૯ કોકિલા રાવળ / મન્સૂર



**કમ્પોઝ, ડિઝાઇન અને લે-આઉટ** 'આર્ટ મણિ' રીટા ડાંગોદરા એફ એફ/૧૩ મૂર્ધન્ય કોમ્પલેક્સ, સુપર સોસાયટીની સામે, રામદેવનગર, સેટેલાઇટ, અમદાવાદ-૧૫ ફોન ૯૪૨૬૪ ૧૮૫૧૦

**રેખાંકન** કિશોર રાવળ, પાનાચંદ લુણેચિયા, ઉપેન્દ્ર પંચાલ

**મુદ્રણ સ્થાન** એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૧૪/૨ કાલિદાસ મિલ કંપાઉન્ડ, ગોમતીપુર અમદાવાદ ૩૮૦૦૨૧ ફોન ૨૨૯૪ ૧૧૫૦

**પ્રબંધ** બિપિન શાહ, રીડર્સ પેરેડાઇઝ, અમદાવાદ

**મુખપૃષ્ઠ ફોટો** અંજલી મહેતા

# પંખીનો મેળો

માર્ચ અંકમાં અશોક હર્ષની 'સુલોચના' જેવી ભાવસભર વાર્તા મૂકવા બદલ રજનીકુમાર પંડ્યાને અભિનંદન. ભાઈ બહેનના નિર્દોષ પ્રેમનું, સહજ સાહચર્યનું સુંદર આલેખન થયું છે. બાબુ સુથાર સંકલિત' નીપ્પી' પણ ચોટદાર છે. લિયોનાર્દ આંદ્રેયેવને અભિનંદન. માણસ કે પશુ પક્ષી જ્યારે લાગણીનો ભૂખ્યા હોય છે ત્યારે એ ઝીલવાની સામેવાળાને ખુશ કરવામાં ખુશી મળે છે જે ભૌતિક સુવિધામાં નથી મળતી. કુંજ મોહન સિંઘની વાર્તાના હૃદયસ્પર્શી ભાવાનુવાદ માટે કામિનીબેન સંઘવીને અભિનંદન. પન્ના ત્રિવેદીની 'રા'ણ કૂકડી' નવો વિષય લઈને આવે છે.

**દુર્ગેશ ઓઝા, પોરબંદર**

તમે તો દરેક અંકમાં પૂછ્યે જતાતા, 'તમને કઈ વાર્તાઓ ગમી?' પણ ગમી હોય તો કહીએને!

હવે ગમી. તે લો કહું, અદભુત છે, સુમન શાહની 'રેવતી'. ખાસ્સા જુના-સિત્તેર વટાવેલા-વાર્તાકાર આવો નવો વિષય લઇ આવી તાજી વાર્તા આપે તેનો આનંદ છે. શૈલી-ભાષા-અભિવ્યકિતબધામાં તાજપ અનુભવાય છે. હા, 'નિપ્પી' જેવા અનુવાદ-ભાવાનુવાદ મળતા રહે તો ય મજા પડી જાય.આશા છે, વધુને વધુ સારી વાર્તાઓ મળતી રહેશે.' આવતીકાલના વાર્તાકારો'ના આગ્રહમાં વાર્તાની ગુણવત્તા સાથે સમાધાન ન થવું જોઈએ, એવો મારો નમ્ર મત છે. બીજું, આ સાઇઝનું કંઈ થાય એમ નથી? આમ બેવડો કરીને અંક ન મોકલવો પડે એવું કંઈ...અને હા, વાર્તાઓ તો બધા અંકમાંથી એકાદ-બે 'ચાલે એવી' કદાચ મળીય રહે પણ અંદરના સ્કેચીઝ તો, સોરી ટુ સે, બહુ જ ખરાબ હોય છે.

**જિજ્ઞેશ બ્રહ્મભટ્ટ**

jigneshpb@yahoo.com

ફેબ્રુઆરીના અંકની શ્રેષ્ઠ વાર્તા છે, અતીતરાગ (રા. વિ. પાઠકની બે મુલાકાતો). ધરમાભાઈ શ્રીમાળીની પછડાટ અને કલ્પેશ પટેલની લટ ગ્રેડ એ. નીલમ દોશીની અંતરના આયનેથી ગ્રેડ બી. બાકીની બધીની વાત કરવામાં સમયની બરબાદી છે.

**'પેઇડ ગ્રાહક', અમેરિકા**

આપની સ્પર્ધામાં મેં ૬ વાર્તાઓ મોકલી હતી. એ વાર્તાઓ આપના સામયિકમાં છપાવા યોગ્ય છે કે નહી એની જાણ ક્યારે કરશો જેથી હું એને રીરાઈટ કરી છપાવા યોગ્ય કરી શકું?કે આપના સામાયિકમાં એનો સમાવેશ ન થવાનો હોય તો એને બીજા કોઈ સામાયિકમાં મોકલી શકું. આશા છે કે આનો રીપ્લાય મને મળશે. આભાર.

**નિમિષા દલાલ, સુરત**

રાજકોટ ખાતે મમતા ના પારિતોષિક વિતરણ સમારંભમાં થોડા વહેલા નીકળી જવાથી મમતાનું લવાજમ ભરવાનું બન્યું નહીં. શક્ય હોય તો મમતાના શરૂઆતથી અત્યાર સુધીના અંકો મેળવવા અને હવે પછીના અંકો માટે લવાજમ ભરવાની વિધિ જણાવશો.આવા વાંચનના દુકાળમાં નવું મેગઝીન અને તે પણ વાર્તાનું! અભિનંદન. બાળક જન્મે નબળું હોય ત્યારે માબાપને જે ફડક રહે એવું જ કંઇક સહુ શુભેચ્છકોને થતું હશે પણ આ બાળક દીર્ઘાયુષ્ય ભોગવે એવી દુઆ. આપને અને મમતા માટે આપને પ્રેરનારા સર્વેને કોટિ કોટિ પ્રણામ. આ મેગેઝિન ઈન્ટરનેટ પર ડીજીટલ સ્વરૂપે પણ મળી શકે- અલબત્ત લવાજમ ભરનારને જ - એવું થઇ શકે?

**સંજય ઉપાધ્યાય, રાજકોટ**

> ***તમને કઈ વાર્તાઓ ગમી? વાચકોના પત્રો બને તો ઈમેઈલથી** (sub: pankhino melo) **મોકલવા. અથવા ટપાલનું સરનામું 'મમતા' વાર્તામાસિક, કેર ઓફ રીડર્સ પેરેડાઇઝ, ૬ ઉત્સવ રો હાઉસ, સાલ હોસ્પિટાલની સામે, થલતેજ, અમદાવાદ ૩૮૦૦૫૨.***

હું છેલ્લે મુંબઈ આવેલો ત્યારે મિત્ર સૌરભ શાહે પ્રેમથી મમતાનો પ્રવેશાંક વાંચવા આપેલો. પહેલું પાનું ખોલતાં અચાનક ૧૯૬૭માં મારી પહેલી વાર્તા ચાંદનીમાં પ્રગટ થઈ હતી એની સ્મૃતિ તરવરી ઊઠી. અને એવું વાર્તામાસિક આજે ફરી શરૂ થતું જોતાં રોમાંચ થયો. હવે તો કદાચ મારી શૈલી જૂની થઈ ગઈ કહેવાય, પણ કદાચ હવે મમતાના સ્પર્શથી કદાચ તાજગી આવે ને નવું લખવાની પ્રેરણા મળે. મમતા માટે નવા લેખકોને પ્રેરવાની ચાનક ચડે છે. તમે સરસ કાર્ય કરો છો, અને મને ખાતરી છે કે એને સફળતા સાંપડશે.

**અશ્વિન દેસાઈ, ઓસ્ટ્રેલિયા**

ગત ૩ માર્ચે ગુજરાતી સાહિત્યનો એક સીમાચિહ્નરૂપ મમતા વાર્તાસ્પર્ધાના ઈનામ વિતરણનો અવસર યોજાઈ ગયો. અગાઉના 'ચાંદની', 'આરામ', અને 'સરિતા' જેવાં વાર્તા માસિકોના અતીતઝુરાપા સાથે ફરી શરૂ થયેલી નવા વાર્તાકારોને પોષવાની આ પરંપરાને 'મમતા'ના પરામર્શક બળવંત જાની વાર્તાસ્પર્ધાને નવોદિત વાર્તાકારો માટેનો રિયાલીટી શો ગણાવે છે. આ વાર્તાસ્પર્ધાનાં નિર્ણાયક નિબંધ લેખિકા સુચી વ્યાસ (જેને 'અમેરિકા સ્થિત' એવું છોગું ભલે હોય પણ તે ચોખવટ કરે છે કે હું અમેરિકામાં પણ રાજકોટનો શ્વાસેશ્વાસ લઈને જીવું છું) ચંદ મિનિટમાં ધોની જેવી ફટકાબાજી કરી ગયાં. એવરગ્રીન જય વસાવડાએ તો સોય ઝાટકીને કહી દીધું કે ૭૦ ટકા ગુજરાતી વાર્તાઓ વેવલી હોય છે. તેમણે નવોદિત વાર્તાકારોને વાર્તાઓમાં અવનવા પ્રયોગો કરવાની હાકલ કરી અને સેંકડો ઉદાહરણોની બારીમાંથી વાર્તાવિશ્વના અતીત અને ભાવિની ઝાંકી કરાવી દીધી. ગુજરાતી સાહિત્ય પરિષદના મહામંત્રી અને લેખક રાજેન્દ્ર પટેલે આ દિવસ પ્રતિવર્ષ 'મમતા' પર્વ તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી. રજનીકુમાર પંડ્યાએ વાર્તાપ્રેમીઓને માત્ર વાહ વાહ કરીને બેસી ન રહેતાં 'મમતા'ના વાચકો વધે તેવા પ્રયત્નો કરવાનો અનુરોધ કર્યો હતો.

**તુષાર દવે, રાજકોટ**



*જેમને પ્રતીતિપૂર્વક શબ્દસ્વામી કહી શકાય તેવા સાહિત્યરત્ન ઝવેરચંદ મેઘાણી (૧૮૯૬-૧૯૪૭) માત્ર એકાવન વર્ષના આયુષ્યકાળમાં ગુજરાતી ગદ્ય અને પદ્યને એવું તો રળિયાત કરી ગયા કે જેનો જોટો નથી. કાવ્યની બાનીમાં હોય કે નાટક-વાર્તા-નવલકથાના નિર્વહણમાં હોય કે પછી પત્રલેખનમાં હોય. સીધા હૃદયના અંતરતલની સંવેદનાભૂમિમાંથી એક રસછોળની જેમ એમના શબ્દો વછૂટી રહ્યા છે. અભિવ્યક્તિ એવી પરાકોટિની કે યોગ્ય શબ્દ ના જડે તો તદ્દન નવો શબ્દ એ નિપજાવી લેતા (આ વાર્તામાં એવો એક શબ્દ છે: "ઉગ્રભાગી"). તે જમાનાના એક ઓછું ભણેલા એકલવાયા બ્રહ્મપુત્ર સદાશિવ ટપાલીની ભરપૂર કલાત્મકતાથી છલકાતી આ વાર્તા આજે પણ યથાર્થ લાગે છે.*

***વાર્તા સંકલન અને પરિચય***
***રજનીકુમાર પંડ્યા***
***મો. ૯૮૯૮૦ ૧૫૫૪૫***
***rajnikumarp@gmail.com***

## ઝવેરચંદ મેઘાણી/અતીતરાગ

# સદાશિવ ટપાલી

'થાવા જ દઉં નહિ ને! પાટે ચડવા જ દઉં નહિ ને! ભલેને દીકરો ફાવે તેટલા દાવ ફેંકી લ્યે!'

આટલું બોલીને ભવાનીશંકરકાકાએ પોતાની ડાબી હથેળીમાં ચૂનો મિલાવેલી તમાકુ ઉપર એક, બે ને ત્રણ થાપટ મારી લીધી. તાબોટાના રણકાર સારા બોલ્યા.

'જોયું! મારી તાળી પણ સાક્ષી પૂરે છે!' એટલું કહી, નીચલો હોઠ જમણા હાથથી લાંબો કરીને તેના પોલાણમાં કાકાએ ફાકડો પૂરી દીધો. અમરસંગની કટારી જેવી એની કતરાતી નજર તે વખતે ટપાલ નાખીને ચાલ્યા જતા સદાશિવ ટપાલીની લોહી છલકતી પીઠ પાછળ દોડી જતી હતી. અત્યારે જો કલિયુગ ન હોત તો ભવાનીશંકરકાકાની એ દૃષ્ટિ તીણું ત્રિશૂળ બની જાત અને સદાશિવના ભરાવદાર બરડામાંથી આરપાર નીકળત. જમના શુકલાણીના એ મજૂરી કરનાર અભણ દીકરાનો બરડો એટલો બધો આકર્ષક હતો.

લોટ માગવાનો વ્યવસાય મોળો પડ્યો હતો. મોરુકા વખતની કણબણો ખોબા ભરીને લોટ દેતી, તે હવે રાંધણિયામાંથી જ 'હાથ એઠા છે, મા'રાજ!' કહીને શુકલોને વિદાય દેતી. જાતમહેનતના ધંધામાં હીણપ લાગતી, એટલે ભવાનીશંકરકાકાની ડેલીએ શુક્લ ન્યાતના નવરા બ્રહ્મપુત્રોનો અખાડો ભરચક રહેતો. એ મંડળમાં સદાશિવ ટપાલીની ચર્ચા મંડાઈ.

'ભવાનીકાકા! ઘર બાંધવાપેને બાપડાનું! બિલાડાની જેમ 'વઉ! વઉ!' કરી રહેલ છે!'

'એમ કાંઈ ઘર બંધાશે! મોટો ભાઈ કુંવારો મૂઓ, તેનાં લીલ પરણાવ્યાં નથી, બાપનું કારજ કર્યું નથી. અરે, પોતેય જનોઈના ત્રાગડા વાઘરીની જેમ પે'રી લીધા છે. આટલી પેઢીથી ન્યાતનાં ભોજન ઊભે ગળે ખાધાં છે, અને હવે ખવરાવવામાં ઝાટકા શેના લાગે છે!'

'બાપના વખતનું કંઈ ઘરમાં ખરું કે નહીં ભવાનીકાકા?'

'ખોયડું છે ને! શીદ નથી વેચતો?'

'પણ પછી એને રે'વું ક્યાં?'

'એને શું છે! વાંઢો છે. આપણા ખડવાળા ઓરડાની ઓસરીના ખૂણે ભલેને રોજનાં બે દડબાં ટીપી લ્યે; કોણ ના પાડે છે?'

'પણ અત્યારે કોણ એ ખોરડાનાં નાણાં દેતું'તું?'

'ન્યાતનું મોં મીઠું થતું હોય, ન્યાતનો ધારો સચવાતો હોય ને એનું સારું થતું હોય તો હું રાખી લઉં.'

'હા! ભવાનીકાકાને હવે વધુ ખોરડાની જરૂર પડશે. દીકરા મોટા, જુવાન દીકરી ઘરમાં, પોતાનું ત્રીજી વારનું પરણેતર... વસ્તાર તો વધે જ ના!'

'ભવાનીકાકાને સળંગ ઓસરીએ એના બે શીરાબંધ ઓરડા ઊતરે હો!'

'મારે તો ઠીક, સાંકડ્યેમોકડ્યે ચલાવી લેવાય, પણ આ તો ન્યાતનું ભૂષણ નથી રે'તું, ન્યાતનો ધારો તૂટે છે, શુક્લ બામણનાં બસો કુટુંબનાં મોઢાંમાંથી મીઠો કોળિયો જાય છે.'

એ વખતે જ ભવાનીશંકરકાકાની પંદર વર્ષની કિશોર દીકરી મંગળા પાણીનું બેડું ભરીને ડેલીમાં થઈ ઓરડે ચાલી ગઈ. મંગળાની હેલ્ય ઉપર કાગડો બેસે એ રીતે ઊડી-ઊડીને બ્રાહ્મણોનાં હૈયાં એ રૂપ ઉપર રમવા લાગ્યાં. કોઈ ટીખળીએ કહ્યું : 'કાકા! સદાશિવને


જમાઈ જ ન કરી લેવાય?'

'નરહરિશંકર!' કાકા કોચવાઈ ગયા : 'કાગડાને મોતીના ચારા નીરનાર હું ગમાર નથી. હું અંબાજીનો ઉપાસક દ્વિજ-પુત્ર છું - દ્વિજોનો પણ શુક્લ છું. એથી તો દીકરીને દૂધપીતી કરીશ, પણ કઠેકાણે કેમ નાખીશ?'

જ્ઞાતિનાં ગૌરવ જ્યારે આ પ્રમાણે ચર્ચાઈ રહ્યાં હતાં, ત્યારે સદાશિવ ટપાલીના પેશીદાર, લઠ્ઠ પગ ગામને બીજે છેડે સોંસરા નીકળી ચૂક્યા હતા. 'દાક્તર સાહે...બ', 'ફોજદાર સાહે...બ', 'હીરાચંદ પાનચંદ', 'સપાઈ દાદુ અભરામ', 'પગી ઝીણિયા કાળા' અને 'મેતર મલિયા ખસ્તા' - એવા સિંહનાદે એક પછી એક શેરીને અને ફળીને ચમકાવતો, ઘરેઘર કાગળ ફેંકતો સદાશિવ સડેડાટ, કોઈની સાથે વાતો કરવા થોભ્યા વિના કે ગતિમાં ફેર પાડ્યા વિના, ગાંડાની માફક ચાલતો હતો. આડુંઅવળું જોવાની એને ટેવ નહોતી. એક તો જાતનો શુક્લ, અને પાછો અભણ, એટલે તોછડો તો ખરો. ખુદ નગરશેઠ પૂછે કે, 'મારો કાગળ છે?' - તો જવાબમાં 'ના જી'ને બદલે એકલી 'ના' જ કહેવાની સદાશિવિયાની તોછડાઈને કારણે નગરશેઠે પોસ્ટ-ખાતાને ફરિયાદ કરી હતી. 'નોટ-પેઈડ' થયેલું પરબીડિયું છાનું વાંચવા દઈને પાછું લઈ જવાની એણે ના પાડેલી, તેથી મ્યુનિસિપાલિટીના નવા 'કાઉન્સિલર' જમિયતરામભાઈનો એ ગમારે ખોફ વહોરેલો. પરિણામે એના ખોરડાને એક બારી મૂકવાની પરવાનગી જોઈતી હતી તે નહોતી મળી.

પણ સદાશિવ ટપાલીનો કોળીવાડાને, કુંભારવાડાને તેમ જ ઢેઢવાડાને ભારી સંતોષ હતો. ઘરધણી ઘેર ન હોય તો એનો કાગળ પોતે પૂરી કાળજીથી ઘરના બારણાની તડમાંથી સેરવી આવતો. ઢેઢવાડાના કાગળો એ ઠેઠ રામદે પીરના ઘોડાની દેરી સુધી જઈને આપી આવતો. માલિયા ઝાંપડાનું રજિસ્ટર આવેલું, તેની પહોંચ પોતે છાંટ લીધા વગર લઈ લીધેલી, અને ગલાશ ડોશી કહેતાં કે, 'મારા દીકરાનું મનીઆડર આવેલું તે દિ'હું ખેતર ગઈ'તી - તે સદાશિવ બાપડો દિ' આથમતાં સુધીમાં ત્રણ આંટા ખાઈને પણ તે દિ'ને તે દિ' પૈસા પોગાડ્યે રિયો'તો. તે દિ' જો મને નાણાં ન મળ્યાં હોત ને, તો તળશી શેઠ ઉધાર માંડીને બાજરો આપવાનો નો'તો!'

ને, તે સાચે જ શું સદાશિવ રૂપાળો હતો? હા; એની સચોટ સાક્ષી જો'તી હોય તો પૂછો ભવાનીશંકરકાકાની જુવાન દીકરી મંગળાને. પણ ના, ના; મંગળાને એમાં શું પૂછવું છે? બ્રાહ્મણ માબાપનું કિશોરબાળ પૂછ્યે જવાબ પણ શો આપવાનું હતું! પોસ્ટ-ઓફિસ સામેની ટાંકીએ મંગળા પાણી ભરવા જતી, ત્યારે



સદાશિવ એને બેડું ચડાવવા આવતો ખરો; પણ એ કદી હસ્યોય નહોતો, મંગળાની સામે ટીકતોય નહોતો; બની શકે તેટલો છેટો રહીને બેડું ચડાવતો. ગામની મેમણિયાણીઓ આડાં બેડાં નાખીને જોરાવરીથી મંગળાનો વારો ટાળતી, ત્યારે સદાશિવ ખડે પગે ઊભો રહીને મંગળાને રક્ષણ દેતો, પણ એ કાંઈ પ્રેમ કહેવાય! પ્રેમ શું એવા મૂઢ હોય! પ્રેમની તો અદ્‌ભુતતા હોવી જોઈએ ને!

મંગળા તો ગામની કન્યાશાળામાં પાંચ ગુજરાતી ભણી હતી. દાક્તરે દીકરીઓને અંગ્રેજી શીખવવા ઘેર એક માસ્તર રાખ્યો હતો. ત્યાં જઈને અંગ્રેજી ભણવા માટે પણ મંગળાએ મન કરેલું, પણ ભવાનીશંકરકાકા તો શુક્લની દીકરી અર્ધે માથે અને ખસી ગયેલે ઓઢણે 'વંઠેલ' ભાષા ભણવા બેસે તે કલ્પનામાત્રથી જ કંપી ઊઠેલા. પાંચ ચોપડી ગુજરાતી પૂરી કરાવી હતી, અને કન્યાશાળાના મેળાવડાઓમાં ગીત-ગરબા તેમજ સંવાદોમાં પાઠ લેવા દીધેલા, તે તો કોઈ સારો મુરતિયો મેળવવાના હેતુથી. કોઈ દરબારી કે સરકારી અમલદાર મળી જાય, તો મંગળાને પણ ભયો-ભયો : પોતાનો પણ વશીલો : દીકરાઓને કોન્ટ્રાક્ટનાં બહોળાં કામકાજ હાથમાં આવે... એ બધું એમની ગણતરી બહાર નહોતું.

**૨**

શુદ્ધ શુક્લ-ઓલાદના એ બ્રહ્મપુત્રની આશા બરોબર ફળી : ઇડર રાજના 'પબ્લિક પ્રોસિક્યૂટર' રાંડ્યા. ઉંમર વર્ષ પિસ્તાલીસથી વધારે નહોતી. એની ખાતરી જોઈતી હોય તો પ્રોસિક્યૂટર સાહેબનું નિશાળે બેઠા તે દિવસનું સર્ટિફિકેટ તેમણે મેળવ્યું હતું. પણ ભવાનીશંકરકાકાને એ ખાતરીની ક્યાં જરૂર હતી? મુરતિયાને આગલી બે વહુઓનાં પાંચ બચ્ચાં હતાં ખરાં, પણ તે તો મોસાળ જઈ રહેવાનાં હતાં. ટૂંકામાં, પ્રોસિક્યૂટર પચાસ માણસોની જાન લઈને એક દિવસ આવ્યા. ઇડરના ઠાકોર સાહેબ ખુદ ટીકાબાપુ ખાસ સ્પેશ્યલ ગાડી લઈને એક કલાક માટે પ્રોસિક્યૂટરની જાનમાં આવ્યા. તે બનાવે તો આખા ગામને હેરત પમાડી દીધી. ધર્મરાજ યુધિષ્ઠિરના રથની માફક ભવાનીશંકરકાકા પણ તે ઘડીથી ધરતીથી એક વેંત અધ્ધર ચાલતા થયા. પ્રોસિક્યૂટરે ચોરાસી જમાડી, તેની તો એઠ્ય જ એટલી બધી વધી પડી કે ગામના બંને ઢેઢવાડા ધરાયા ને મોટે-મોટે ચાળીસ ઘેર પિરસણાં પહોંચ્યાં. ઇડર રાજનું દરબારી બેન્ડ આવીને ગામને ચાર-ચાર દિવસ સુધી જલસા કરાવી ગયું, એ


> ધર્મરાજ યુધિષ્ઠિરના રથની માફક ભવાનીશંકરકાકા તે ઘડીથી ધરતીથી એક વેંત અધ્ધર ચાલતા થયા. પ્રોસિક્યૂટરે ચોરાસી જમાડી, તેની એઠ્ય એટલી બધી વધી પડી કે ગામના બંને ઢેઢવાડા ધરાયા ને મોટે-મોટે ચાળીસ ઘેર પિરસણાં પહોંચ્યાં.


તો અવધિ થઈ ગઈ.

આવી જાહોજલાલીથી પરણી ઊતરેલી પંદર વર્ષની ઉગ્રભાગી મંગળા ઇડર રાજ્યના પ્રોસિક્યૂટરની અર્ધાંગના બની. 'અર્ધાંગના' શબ્દ આંહીં અલંકારમાં કે કટાક્ષમાં નથી વાપરેલો. સોગંદ પર કહી શકાય કે વરરાજાનો બેઠી દડીનો, ચરબીવંત દેહ મંગળાના શરીરથી બેવડો મોટો હતો. ઇડર રાજના પ્રોસિક્યૂટરની પડખોપડખ બેઠેલી બહેન મંગળા એના પિતા ભવાનીશંકર પંડ્યને તો બરોબર કોઈ ઘટાદાર આમ્ર-વૃક્ષને વળુંભતી માધવી-લતા સમાણી લાગી હતી, પણ આ તો આડા ઊતરી જવાયું. કહેવાનું એ હતું કે બહેન મંગળા પરણીને સિધાવી તેના વળતા સવારથી જ સદાશિવ ટપાલી ઘેર રોટલો ટીપવા આવતો બંધ થયો હતો. પોસ્ટ-ઓફિસ સામે એક બગીચો હતો, તેના બાંકડા ઉપર બેસીને બે-ચાર પૈસાનાં ભજિયાં કે ગાંઠિયા ખાઈને ફુવારાના નળનું પાણી પી લેતો.

વાણિયાની દુકાનનાં ભજિયાં-ગાંઠિયા ખાઈને સદાશિવ ટપાલીએ બ્રાહ્મણ જેવો પવિત્ર દેહ વટલાવ્યો હતો, એનું એક કારણ કહેતા ભૂલી જવાયું છે. જે દિવસ મંગળાના વિવાહની ચોરાસી જમી, તે દિવસે એ પણ એના દાદાની વેળાનું જાળવી રાખેલું-સહેજ જળી ગયેલું-રેશમી પીતામ્બર પહેરી, પટારામાંથી કાઢીને ખંતથી માંજેલો જસતનો ચકચકિત લોટો લઈ ચોટલી ઓળી, ખાસું ચાર ઇંચનું ત્રણ-પાંખિયાળું ત્રિપુણ્ડ તાણી જમવા ગયો, પણ પંગતમાં બેસવા ગયો ત્યારે એને દરેક તડાએ 'આંહી નહિં... આંહી જગ્યા નથી...' કહીને તારવેલો, ટલ્લે ચડાવેલો. ચોરાસીની ન્યાતમાં તે દિવસે સદાશિવ ટપાલીની દશા દ્રૌપદી-સ્વયંવરમાંના દાસી-પુત્ર કર્ણના જેવી થઈ હતી. દાઝમાં ને દાઝમાં ગમારે બોળી માર્યું કે, 'શું હું શુક્લ બ્રાહ્મણ નથી?'

એ વખતે કોઈકે અવાજ કર્યો :

'વાં...ઢો! ત્રીસ વરસનો ઢાં... ઢો!'

કોઈ શિકારી શ્વાનના જૂથને સિસકારે તેવી મજાની આ શબ્દોની અસર થઈ હતીઃ ખિખિયાટી અને હસાહસ ચાલ્યાં હતાં. કોપાગ્નિમાં સળગતા સદાશિવે જવાબમાં હૈયે હતું તે હોઠે લાવીને બોલી નાખ્યું કે, 'વાંઢો-વાંઢો કરતાં લાજતા નથી? શા સારુ પારકાને તેડાવીને દીકરિયું દઈ દિયો છો? શું અમે મજૂરી કરીનેય બાયડીનાં પેટ પૂરતા નથી? શું અમને બાયડી વા'લી નથી? શા સારુ પારકાને-'

ભવાનીકાકાની આ વાતમાં થોડોક જ સુધારો જરૂરી છેઃ જમાઈરાજનું મૃત્યુ સદાશિવના શાપથી નહીં. પણ શરીરમાં વધી પડેલી ચરબીથી નીપજ્યું. એ માધવી લતાનો ઓધાર આંબો જાણે કે બેહદ કેરીઓના ફાલથી ફસકાઈ પડ્યો હતો.

એ જ વખતે કાકો ભવાનીશંકર શુક્લ આ રંગભૂમિ પર દેખાયા. એમણે સદાશિવની બોચી ઝાલી આટલું જ કહ્યું : 'હું સમજું છું તારા પેટનું પાપ. જો! બાપનું કારજ કર્યા પછી જ પંગતમાં બેસવા આવજે!'

સદાશિવ ટપાલી ઘેર ચાલ્યો ગયો. પછી એ આખા બનાવમાંથી ફક્ત એક જ બિના એ વારે-વારે સંભારતો, ને મનમાં ને મનમાં બબડતો કે, 'તે વખતે બાઈઓની પંગતમાં મંગળા બેઠી'તી ખરી; એણે ખિખિયાટા કર્યા'તા ખરા? આજ બે વરસે હું શા સાટુ નીમ તોડીને ન્યાતમાં ગયો? મંગળાને છેલ્લી વાર જોઈ લેવાનો મોહ કેમ ન છોડ્યો? એ ત્યાં બેઠી હતી ખરી? એ હસી હશે ખરી? એના દેખતાં જ શું આ ફજેતી થઈ?'

તે દિવસથી સદાશિવ ઉઘાડેછોગ વાણિયાનાં ભજિયાં ખાઈને ન્યાત ઉપર દાઝ કાઢતો હતો.

### ૩

ભવાનીકાકાની ચાલુ ખણખોદથી કંટાળીને સદાશિવે પોતાની બદલી હલકારામાં કરાવી છે. અધમણનો થેલો ઉપાડીને નદીકાંઠાનાં સાત ગામડાંની ફેરણી કરવા રોજરોજ ચાલી નીકળે છે. નદીનો પ્રવાહ એનો રોજનો સાથી બન્યો છે. બંને એકલા છે : બંને મૂંગા છે : બન્નેને તાપમાં તપતાં-તપતાં, બસ, કેવળ પંથ જ કરવાનો હતો. એકના શરીર ઉપર તારાઓના, વાદળીઓના અને વૃક્ષોના પડછાયા પડતા હતા; અને બીજાના માથા પર અનેક માનવીઓનાં સુખ-દુઃખની છૂપી-અછૂપી કથાઓનો ભાર પડતો આવતો હતો. પણ નદીના પ્રવાહને જેમ સૂર્ય કે સંધ્યા પોતાના અઢળક રંગ-તેજનું એક ટીપુંયે નહોતાં દેતાં, તેમ સદાશિવના હૈયાને પણ એ થેલી માંહેલા કાગળો એક લાગણી, એક ધબકારા, એક નિશ્વાસ પણ નહોતા દેતા. બંનેનું જીવતર વેરાનમાં વહેતું. રેણુ નદી-દરિયે પહોંચ્યા પહેલાં જ ખારાપાટમાં ફોળાઈ-શોષાઈ જતી : સદાશિવનું જીવન-વહેણ પણ એકલતાની ધરતીમાં ઊતરીને વરાળ બની જતું. પારકાના અધમણ કાગળો ઉપાડનારને પોતાને તો એક ચપતરી મોકલવાનું પણ કોઈ સરનામું નહોતું. ઘણી વાર તેની આંગળીઓ ત્રમ્-ત્રમ્ થતી. એક વાર કવરમાં એક નનામો કાગળ ફક્ત 'તમો સુખી છો?' એટલું જ લખીને ચોડ્યો હતો. સરનામું 'બેન મંગળા ઠે...' - એટલું લખતાં તો આંગળીઓ પરસેવે ટપકી ગયેલી; ને એ કવરની ઝીણી-ઝીણી કરચો કરીને ગજવામાં રાખી મૂકી ફેરણીએ નીકળતી વખતે, કોઈ ન દેખે તેમ, નદીમાં પધરાવી દીધેલી.

જગતમાં 'વાંઢા' જેવો કોઈ ગહન કોયડો છે ખરો? એને કોઈ પડોશમાં ઘર ન આપે : કોઢિયા ને રક્તપીતિયા જેવો એ ભયંકર છે. એનું ટીખળ સહુયે કરે; પણ એને પોતાને તો છૂટથી હસવાનુંય જોખમ છે. પાડોશના બાળકને જો એ પિપરમીટ લાવીને આપે, તો તે ઘડીથી 'બબલીની બા' અને પિપરમીટ આપનાર વાંઢાની ચાર આંખો કેટલી વાર અને કેટલીક 'ડિગ્રી'ને ખૂણે મળે છે તેની ગુપ્ત તપાસ 'બબલીના બાપા' રાખવા લાગે. એ જો બરાડા પાડીને કવિતા વાંચે તો બૈરાં સમજે કે, 'પીટ્યો અમને સંભળાવવા સારુ આરડે છે!' એ જો મૂંગો મરી રહે, તો 'હલકા મનસૂબા' ગોઠવતો લાગે. એની આંખો અમસ્તી જોતી હોય તો પણ 'ચકળવકળ' થતી લાગે. એની અનંત વેદનાઓને વ્યક્ત થવામાં સભ્ય વાક્ય એક જ : 'મારે રોટલા-પાણીની વપત્ય પડે છે!'

### ૪

'મારું કરમ ફૂટી ગયું, ભાઈ! દીકરી મંગળાનો ચૂડો ભાંગ્યો.'

'ઓચિંતાનું શું થયું ?'

'હરિ જાણે! જમાઈની કાયા તો કંચન સરખી હતી; પણ એકાએક હૃદય બંધ પડી ગયું. ઓછામાં પૂરું દરબારે મકાન પણ પાછું લઈ લીધું; જમીન આપી'તી તે રાજમાં દાખલ કરી દીધી, અને દીકરીને પહેર્યે લૂગડે બહાર કાઢી.'

'આ તે શો કોપ!'

'હું જાણું છું. ભાઈ, જાણું છું : દીકરીના લીલા માંડવા હેઠે જ એ કાળમુખો સદાશિવિયો તે દિ' નિસાસો નાખી ગયેલો ને શરાપી ગયેલો. વાઘરીવાડે જઈને કાંઈક કામણટૂમણ પણ કરાવતો હતો. એનાં પાપ મંગળાની આડાં ફરી વળ્યાં.'

ભવાનીકાકાની આ વાતમાં થોડોક જ સુધારો જરૂરી છે : જમાઈરાજનું મૃત્યુ સદાશિવના શાપથી નહીં, પણ શરીરમાં વધી પડેલી ચરબીથી નીપજ્યું હતું. એ માધવી લતાનો ઓધાર આંબો જાણે કે બેહદ કેરીઓના ફાલથી ફસકાઈ પડ્યો હતો.

### ૫

એક વરસ વીતી ગયું છે. માથાના ચળકતા મૂંડા સાથે અઢાર વર્ષની મંગળા મહિયરે ખૂણો મુકાવવા આવી છે. એક વરસની કીકી એની કેડ્યે રમે છે. હવે એને પાછું સાસરે જવાનું

રહ્યું નથી. વરના પિત્રાઈઓએ એની સાસરીની સંપત્તિનો કબજો કરી લઈ આ ‘રાંડમૂંડી’ને માસિક બે રૂપિયા જિવાઈના ઠરાવી આપ્યા છે. ભવાનીકાકાને નવી વહુથી થયેલી બાળગોપાળ-વાડી બહોળી હોઈ આ રાંડીરાંડ દીકરી ઉપર ખાસ કશું હેત તો નથી રહ્યું, પણ મંગળાનો રંડાપો એમને ભારી ઉપયોગી થઈ પડ્યો : નવી માને વરસોવરસ આવતી સુવાવડ મંગળા જ કરશે; અને એટલી બધી સુવાવડને કારણે નવી મા માંદાંસાજાં રહે છે, તેમને કામમાંથી સંપૂર્ણ વિસામો મળશે.

નદીકાંઠે ધોળી માટીના ઓરિયા હતા. આખી ગોહિલવાડમાં એ માટી પંકાતી. ગાર-ઓળીપામાં એનો તે કાંઈ રંગ ઉઘડતો! ભવાનીકાકાને નવું પરણેતર, એટલે પોતાના ઓરડામાં એ ધૂળની ગાર કરાવવી ગમતી. કેડ્યે પોતાની નાની કીકીને તેડી, ખંભે કોશ ઉપાડી, માથા પર પછેડી લઈ મંગળા એ ઓરિયાની માટી લેવા ઘણી વાર જતી. સવાર-સાંજ તો ઘરકામ હોય, તેથી બળતે બપોરે જતી. ગામથી અરધો ગાઉ દૂરના એ ઓરિયા પાસે થઈને જ સદાશિવ હલકારાને કેડે જતો. એ રીતે કોઈ-કોઈ વાર એ નદીપ્રવાહ, એ બળતો વગડો અને એ હૈયાશૂન્ય ટપાલી-ત્રણેના નિત્ય સંગાથમાં એક ચોથું જણ ભળતું : રાંડીરાંડ મંગળા. મંગળાની કીકી સારુ સદાશિવ પોતાની કેડ્યે પિપરમીટની પડીકી ચડાવી રાખતો. કોઈ-કોઈ વાર થેલો ઝાડના થડ પાસે મેલીને માટી ખોદી આપતો, ગાંસડી ચડાવતો; પણ અગાઉની માફક જ મૂંગો રહેતો. સામી મીટ માંડતો હતો ખરો, પણ સસલાની માફક બીતો-બીતો.

હા! ધીરે-ધીરે એક પાપ એના અંતરમાં ઊગ્યું : આ ઓરિયાની અંદર મંગળા થોડેક વધુ ઊંડાણે ઊતરી જાય… એકાએક એના ઉપર ભેખડ ફસડી પડે… એ ક્ષણે જ પોતે નીકળે… નાની કીકી રોતી હોય, મંગળાનું ધોળું ઓઢણું અથવા માથાનો લીસો મૂંડો જરીક બહાર દેખાતો હોય, તે નિશાનીએ દોડીને પોતે મંગળાને એ દડબાં નીચેથી બહાર કાઢે, પાણી છાંટે, પવન નાંખે. જીવતી કરે; ને પછી –

આહાહા! કોઈ નવલકથાના વીરની માફક મંગળાને અલૌકિક પરાક્રમથી જીતવી હતી : ઘર માંડવું હતું : આ માટીથી ઓરડો લીંપાવવો હતો. મંગળાને માથે ભલે વાંભ એકનો ચોટલો ન હોય, ભલે મૂંડો જ રહે, ભલે એનું રૂપ શોષાઈ ગયું.

આહાહા! પછી શું? અદ્ભુત. કોઈ નવલકથાના વીરની માફક મંગળાને અલૌકિક પરાક્રમથી જીતવી હતી : ઘર માંડવું હતું : આ માટીથી ઓરડો લીંપાવવો હતો. મંગળાને માથે ભલે વાંભ એકનો ચોટલો ન હોય, ભલે મૂંડો જ રહે, ભલે એનું રૂપ શોષાઈ ગયું – સદાશિવ તૈયાર હતો.

પણ જીવતર ક્યાં નવલકથા છે! આવા કશા જ દટણપટણથી જરૂર ન પડી. એવો એક દિવસ સીધી-સાદી રીતે આવી ગયો કે જ્યારે દુઃખના ડુંગરા હેઠ ચંપાતાં-ચંપાતાં બામણની રંડવાળ દીકરીએ મરવા-મારવાની હિંમત ભીડી.

મંગળા એટલું જ બોલી : ‘આમાંથી મને બહાર કાઢ. પછી રૌરવ નરકમાં દુઃખ ભોગવવાય હું તૈયાર છું.’

સદાશિવે દૂર ઊભા રહી ફક્ત કીકીને પોતાની છાતીએ ચાંપી; કીકીની નાનકડી હથેળી પોતાની આંખો ઉપર મેલી એટલું જ કહ્યું : ‘આ નદીની સાક્ષી : આખી દુનિયાની સામે ઊભો રહીને તને ને કીકીને હું પાળીશ.’

૬

વૈશાખ સુદ પાંચમની રાતે નદી-કાંઠાના ઉજ્જડ શિવાલયના વાડામાં પચાસ ભેટબંધ શુક્લ બ્રાહ્મણોના હાથની ડાંગોની ઝડી વરસી, અને એમાં ત્રણ જણાંનાં માથાં ફૂટ્યાં : પરણવા બેઠેલા ટપાલી સદાશિવનું ને વિધવા મંગળાનું, તેમજ લગ્નમાં પુરોહિત બની ભાગ લેનાર કમ્પાઉન્ડર વિશ્વનાથનું. વિશ્વનાથ બેભાન બન્યો ત્યાં સુધીમાં તો સપ્તપદી ગગડાવીને પૂરી કર્યે જ રહ્યો. બેશુદ્ધિમાંથી જાગ્યો ત્યારે પણ એ અત્યારે બહાદરિયો મંત્રો જ બબડતો હતો. ગામના બ્રાહ્મણો એને ‘સાળો વીશવો આર્યસમાજીડો!’ કહી ઓળખતા.

ત્રણે જણાં એક પખવાડિયે દવાખાનામાંથી સાજાં થયાં. સદાશિવને પોસ્ટખાતામાંથી ‘બરાબર નોકરી કરતો નથી’ તે કારણે રજા મળી. કોળીવાડને પડખે એ બેય જણાંને ઓડ લોકોએ નાનું ઘર બાંધી આપ્યું. કોળીઓ ભેગા થઈને કહે કે, ‘મા’રાજ! તું જો કે’તો હો ને, તો અમે ઈ પચાસે શુક્લોનાં ઘરમાં આવતે અંધારિયે ગણેશિયા ભરાવીએ.’ સદાશિવે હસીને ના પાડી.

–ને દુનિયા શું આટલી બધી નફ્ફટ છે! એની નફ્ફટાઈની અને એના ભુલકણા સ્વભાવની તે શી વાત કરવી! સદાશિવ અને મંગળા રોજ પેલા ઓરિયાની માટી લાવે છે, ચોમાસે સીમમાંથી ખડની ગાંસડીઓ લાવે છે. ઉનાળે કરગઠિયાંની ભારીઓ લાવે છે : નફ્ફટ લોકો એ ચંડાળોથીયે બેદ બે પાપાત્માઓની ભારીઓ વેચાતી રાખે છે!

બે વરસમાં તો કીકી પણ પોતાની નાનકડી ભારી માથે લઈને માબાપની વચ્ચે ઊભતી થઈ ગઈ. હૈયાફૂટાં ગામલોકો એ ત્રણ ગાંસડીઓ પર જ આ સારુ અવાયાં પડતાં હશે!

– ને શાં ઘોર પાપ બિચારા ભવાનીકાકાનાં, કે સગી આંખે એને આ બધું જીવ્યા ત્યાં સુધી જોવું પડ્યું! ઓ અંબાજી મા! ક્યાં ઘોર પાપે! **મ**




વત્સલ ર. શાહ


# વિખૂટો


કવિતામાં ઊંડો રસ ધરાવું છું. વિક્ટર હ્યુગો, આનાતોલ ફ્રાંસ, મોપાસાં, રા.વિ.પાઠક, રમેશ શાહ એ મારા ગમતાં સાહિત્યકારો છે. મારી ઓફિસમાં સાડા છ પછી હું એન્જિનીયરમાંથી સાહિત્યકાર બની જાઉં છું.

**વત્સલ ર. શાહ**
**એ/૧ શ્રેયાંસનાથ સોસાયટી-૧ ધરણીધર દેરાસર પાછળ, વાસણા**
**અમદાવાદ-૩૮૦૦૦૭**
**ફો. ૯૮૨૪૦૭૯૮૯૦**
**vatsalramesh@gmail.com**


**૧**

***ઊછર્યું માળે, ઊડ્યું આકાશે, અજાણ એવા કોઈ અવાજે***
***એકલું એકલું ઊડવું પડશે, નહોતી એને ખબર જરાકે***


રાતના લગભગ સાડા આઠની આસપાસ, જેટ એર વેઝની ફ્લાઈટ નં ૪૯ મુંબઈના સહારા એરબેઝ પર લેન્ડ કરવા બીજું ચક્કર કાપી રહી હતી.

વીન્ડો સીટ પર બેઠેલા નીલે સહેજ ટટ્ટાર થઈ બારીમાંથી નીચે નજર કરી. આછા ધુમ્મસિયા પટલ પાછળ અગણિત દીવાઓ ઝબકી રહ્યા હતા. તારા ખચીત આકાશ જાણે ધરતી પર ઉતર્યું હોય એવું દશ્ય રચાયું હતું.

નીલ દષ્ટિ વ્યાપ વધારી દૂર સુધી નજર કરી. આટલે ઊંચેથી આટલા બધા ઘરો એક સામટા એ પહેલી વાર જોઈ રહ્યો હતો. દરેક ઘરનો પોતોનો ઈતિહાસ-એમાં રહેનાર દરેક આદમીના પોતાના પ્રશ્નો, સુખો-દુઃખો, નોકરીઓ, સ્ત્રી-બાળકો, દરેકની પોતાની અલગ-સાવ અલગ એક જિંદગી.

એને થયું જિંદગી એક અજબ ચીજ છે. અતિ રહસ્યમય. બ્રહ્માંડ વિશે કદાચ વિચારી શકાય પણ જિંદગી વિશે...? 'પ્લીઝ ફાસ્ટન્ યોર સીટ બેલ્ટ્સ'ની એનાઉન્સમેન્ટથી નીલ પાછો રીયાલીટીમાં આવ્યો. પ્લેઇનને લેન્ડીંગનું ગ્રીન સિગ્નલ મળતાં જ એણે ઊંચાઈ ગુમાવવી શરૂ કરીને છેલ્લે એક આછા ઝાટકા સાથે પોણો કલાકની સફર પછી ફરીથી એ ધરતીને સ્પર્શ્યું.

નીલ રાતની ત્રણ વાગ્યાની લુફથાન્સા ફ્લાઈટમાં બેસી વર્જિનીયા, એની પત્નીને



'મમતા' વાર્તાસ્પર્ધામાં પ્રથમ સ્થાને આવેલી ત્રણ વાર્તાઓમાંની એક

ત્યાં જવા નીકળ્યો છે. દોરીનો એક તાંતણો છૂટો પડ્યો હોય એવા વિચાર સાથે એણે ઘરેથી માતા-પિતાની વિદાય લીધી હતી. ઈશાની. એની પત્ની.

એને પહેલી નજરે નહોતી ગમી. કદાચ ઈશાનીને ય એ પહેલી નજરે નહોતો ગમ્યો. નીલ એલ. ડી. એન્જીનીયરીંગ કોલેજમાં ગયા વર્ષે જ આસિ. લેક્ચરર તરીકે એપ્લાઇડ મિકેનીક્સ ડીપાર્ટમેન્ટમાં જોડાયો હતો. નીલનું કેરિયર થ્રૂ-આઉટ ડીસ્ટીન્કશન હતું. ભણતો'તો ત્યારે અદમ્ય ઉત્સાહથી, અતૂટ લગ્નથી એ ભણતો. કોઈક કારણસર એને સ્ટુડન્ટવીઝા ન મળી શક્યો. પણ એથી તો એની યુએસએ જવાની ઈચ્છા ઓર ભડકી.

ને એણે જોઈ યુએસ સીટીઝન ઈશાનીને. દેખાવે એવરેજ. ને વિચારોમાંય ભિન્નતા હોવા છતાં તેણે હા પડી. ને બન્ને પરણી ગયાં. ભારતનો ભારતીય અમેરિકાની અમેરીકનને પરણી ગયો. વીસ દિવસ પછી ઈશાની અમેરિકા ગઈ અને ત્યાં એણે નીલ માટે એપ્લાય કર્યું.

આજે નીલ અત્યારે લુફથાન્સાના બોઇંગ વિમાનમાં ભૂમધ્ય સમુદ્ર પર ઉડી રહ્યો છે, ને એના ચિદાકાશમાં કેઈ કેટલાંયે વિચાર-જેટ ઉડી રહ્યાં છે, કલાકના સાતસો ત્રીસ માઇલની ઝડપે. ઘર છોડીને પહેલી જ વખત એ નીકળ્યો છે સાત સાગર પાર. એની પાસે છે માત્ર ત્રણ બેગ ને વલોવાઈ ગયેલું. મન એ આવા દૃશ્યોથી, આવા અનુભવથી બિલકુલ અજાણ છે. એણે કદીય કલ્પના ય ન કરી હોય એવી ક્ષણો પસાર થઈ રહી છે, એક પછી એક નિત નવા આશ્ચર્ય સર્જતી.

નીલ મૂક થઈ ગયો છે. ભમ્મર ભમ્મર ભમી આકાશે ચડતી ડામરીમાં ફંગોળાય છે એણે ભારતમાં પસાર કરેલા દિવસો. એનો પ્રિય ભારત દેશ અત્યારે દૂર છે એનાથી કેટલાય માઇલ ને એની નજીક છે એનો સ્વપ્નપ્રદેશ, એણે હંમેશા જેને ચાહ્યો, જેને પૂજ્યો, જેના પર પગ મૂકવાની ઉત્કટ આકાંક્ષા સેવી એવો અમેરિકા-દેશ.

## ૨ *"આવ પ્રિય, રાતના શ્યામ સાળુમાં ઝિલમિલ તારલાં ગૂંથાવી તું, આવ"*

ગઈ રાત્રે લંડનમાં હિથરો એરપોર્ટથી ઉપડેલી ફ્લાઈટ ૩૪૭ અત્યારે સાંજના સાડા પાંચે વર્જિનીયાના ડલાસ એરપોર્ટથી કલાક જ દૂર છે. નીલ છેલ્લા બાર કલાકથી ૩૫,૦૦૦ ફૂટ ઊંચે એકધારા વેગથી ઉડી રહ્યો છે.

'વુડ યુ લાઇક ટુ ટેક અ કોફી, સર?' ગોરી એરહોસ્ટેસ ના અવાજે એણે બારીમાંથી અંદર નજર ફેરવી.

એણે પહેરેલી જાંબલી કલરની હેટ પર આછા લાલ ટપકાવાળી ભાત હતી. ને એની નીચે હતો લાવણ્યમય ચહેરો. એ જોઈ રહ્યો અને ક્ષણભર. એરહોસ્ટેસ હજુ પ્રશ્નાર્થ નજરે આછું સ્મિત કરતી હતી.

'ઓહ, યસ ઓફકોર્સ વીથ બિસ્કીટસ.' એ સહેજ ઝડપથી બોલી ગયો.

એરહોસ્ટેસ બ્લેક કોફી, ક્રીમ અને બિસ્કીટ મૂકી આગળની સીટ તરફ ગઈ. ઈશાની, એને સટ્ કરતી ઈશાની યાદ આવી. સહેજ ગોળ મોં ઉપર ચશ્મા. વાળ ઓળતી વખતે ચશ્મા કાઢી નાખેલાં ઈશાનીનો ચહેરો. કલાક પછી મળશે ફરીથી. 'આફટર લોંગ સેવન મન્થસ' એણે વિચાર્યું, ફરીથી એ ભોગવશે એને. એણે એરહોસ્ટેસ પરથી નજર ફેરવી લીધી.

પ્લેઇન હવે ડલાસ એરપોર્ટ પર ઉતરવાની તૈયારી કરતું હતું. વાદળનો જાડો પડદો ચીરીને નીચે ઉતરતાં જ અદ્‌ભુત દૃશ્ય દેખાવા માંડ્યું. ફ્લાય ઓવર્સ પર ઝડપથી દોડી જતી કારો, ભરેલા પાર્કિંગ લોટ ઉડવાની તૈયારી કરી રહેલા વિમાનો... કંઈક જુદી જ દુનિયામાં નીલ આવી ચઢ્યો હા- અને સાચ્ચે જ આજુદી દુનિયા હતી.

એને પીકઅપ કરવા ઈશાની, એનો ભાઈ સુહાસ અને બનેવી અતુલ આવ્યાં હતા. ઈશાનીએ એને હાય કર્યું ને પછી 'હગ' કર્યો. સુહાસ અને અતુલે એને સ્મિત સાથે વેલકમ કર્યું.

'થાકી ગયા હશો.' અતુલે ફોર્માલીટી કરી.

'હા', નીલે કહ્યું, 'પણ એકંદરે મઝા પડી.'

ગ્રાન્ડ પોન્ટીયાક ગાડીમાં બેસી, સટ્ સટ્ ઇન્ટરસ્ટેટનો સાંધાવાળો રસ્તો પસાર કરી, ત્રણ જગાએ ટોલ-ટેત્ર ભરી આખરે નીલ એની મંઝિલે, ઈશાનીના ઘરે પહોંચ્યો, ત્યારે રાતના આઠ વાગ્યામાં હજુ મોટા કાંટા એ પાંચ મિનિટની મજલ કાપવી બાકી હતી.

●●●

'નીલ, તારો ફોન છે' એની પત્નીની બૂમે એ સફાળો જાગી ગયો.

એણે રીસ્ટવોચ જોઈ. રાતના નવ વાગ્યા હતા. એણે બારીમાંથી આવતો સૂર્યપ્રકાશ જોયો. ને ક્ષણ પછી સહેજ મલકી ગયો. એની ઘડિયાળ હજુ ભારતીય સમય બતાવતી હતી. બાજુની એલાર્મ કલોકમાં સવારના સાડા અગિયાર થયા હતા.

'કોનો છે? બેડમાંથી ઉઠતા એણે પૂછ્યું.

તારા સવિતામાસીનો, મેરીલેન્ડથી ઈશાની હેરડ્રાયર ચાલુ કરતાં બોલી.

ભ'ઇ, મઝામાં? આવી ગયો? માસીએ પૂછ્યું.

'હા' એણે ટૂંકાણમાં જવાબ આપ્યો.

માસીએ ભારત વિશે અને એવી બીજી પૃચ્છા કરી.

'ના ગમે તો અહીં આવતો સ્હેજે હો',

'સારું'. 'જે શ્રીકૃષ્ણ.'

એણે આંખ ચોળી. હજુ જેટ-લેગ લાગેલો હોવાથી માથું ભારે હતું. એણે બેઝિન પાસે ઊભેલી ઈશાની ને ખભે આછો સ્પર્શ કર્યો.

'આજે તારું સોશ્યલ સિક્યોરીટી કાર્ડ કાઢવા જવાનું છે, એ સિવાય અહીં જોબ નહીં મળે. જલદી નાહી ને તૈયાર થઈ જા. મીન વ્હાઈલ હું તારી ચા મૂકું છું.

ઈશાનીએ હેરડ્રાયર બંધ કર્યું.

●●●

ને એમ દિવસો વીતવા માંડ્યા. નીલ-ઈશાનીનો સંસાર આછા આછા પ્રેમથી શરૂ થયેલો. એણે ધીમેધીમે રંગ પકડવા માંડ્યો. શરૂઆતમાં નીલ જબરજસ્ત હોમસિકનેસથી પીડાતો. ભારત યાદ આવતાં જ મગજમાં એક સણકો-શો વાગતો. એની લાઈફસ્ટાઈલ ચેઈન્જ કરતાં કરતાં એ ઘણી જગ્યાએથી ઘસાયો, ઘણે ઠેકાણેથી તૂટ્યો એના ઘણાં ધારદાર ખૂણા ગોળ બન્યાં. ને અમેરિકન લાઈફને એણે જીવવી શરૂ કરી. એની અચાનક બદલાતી મોસમો, ઊંચા ઊંચા ઘટાદાર વૃક્ષો, ગાડીઓની કતારો, લીસ્સા ફ્રી-વે રસ્તાઓ, દિવસે સેન્ડવીચ ને રાતે જમવાની રીતભાતો, ગંદા ઈન્ડીયન સ્ટોર ને અદ્‌ભુત અમેરિકન ડીપાર્ટમેન્ટલ સ્ટોર્સ...

> નીલ તળાવમાં પડતા ભૂરા આકાશનું પ્રતિબિંબ જોતો હતો. જેનીફર અડીને બેઠી. પહેલી વખત જેનીફરના ખભાનો સ્પર્શ એના ખભાને થયો. એક ધ્રુજારી દોડી ગઈ એના શરીરમાં. જેનીફરે આજે રેડ સ્કર્ટ પર ચલો સ્લીવલેસ ટી-શર્ટ પહેર્યું હતું.

એણે 'વોલ્માર્ટ' નામના ડીપાર્ટમેન્ટલ સ્ટોરમાં સેલ્સ ફ્લોર પર નોકરી લીધી. કલ્લાકના આઠ ડોલર. ઈશાની ડો. હિમાંશું શાહ નામના ભારતીય ન્યુરોલોજીસ્ટને ત્યાં આસીસ્ટન્ટ તરીકે કામ કરતી હતી. ત્રણ વર્ષથી એક જ જગ્યાએ કામ કરવાને લીધે અત્યારે સારું કમાતી હતી.

નીલને આર્થિક કોઈ તકલીફ નહોતી. બન્ને જણે ઈશાનીના પપ્પાના હાઉસથી નજીક એક એપાર્ટમેન્ટ ભાડે રાખ્યું. ને એમનો સંસાર-અલાયદો સંસાર શરૂ થયો.

ઈશાની રોજ એના ઉઠ્યા પહેલાં તૈયાર થઈ નીકળી જતી. નીલ લગભગ સવા આઠે ઉઠતો ને જાતે ચા અને બટર રોસ્ટેડ બ્રેડ બનાવી નાસ્તો કરતો. ડાઈનીંગ ટેબલ પર એને લઈ જવાનો ડબો ઈશાની તૈયાર કરી મૂકતી. નાહીને દસ મિનિટ ભગવાનની પાસે બેસતો, ભોગ ધરતો, શિવમહિન્નસ્ત્રોત બોલતો. 'ઓમ્ નમઃ શિવાય' કરતો કરતો ઝડપથી તૈયાર થતો ને ડબો લઈ એની સેકન્ડ હેન્ડ ટોયોટો કોરોલા ગાડીમાં બેસતો.

'વોલ્માર્ટ' લગભગ પાંત્રીસ મિનિટના અંતરે હતો.

આજે સહેજ મોડું થયું હતું. એણે એક્સીલરેટર પર પગ સહેજ વધુ દબાવ્યો.

'હાય, ટુ ડે યુ આર લેઈટ' જેનીફરે નીલને કહ્યું.

જેનીફર 'વોલ્માર્ટ'માં એની સાથે કામ કરતી કો-વર્કર હતી. બંને ચેક આઉટ કાઉન્ટર પર સાથે કામ કરતા.

જેનીફર મેક્સિકન હતી. નીલના જેમ જ ઈમીગ્રેન્ટ હતી. પણ એ લગભગ બાળપણથી અહીં હતી. એટલે 'અમેરિકન વે ઓફ લાઈફ' એણે અપનાવી લીધો હતો.

જેનીફરની ત્વચા પર હજુ મેક્સિકોની ગુલાબી ઝાંય ટકી હતી. એના કાળા વાળમાં ચમકતો શ્વેત ચહેરો ને પછી નીચેની ગોળાકાર ગરદન. ખૂબ સુંદર હતી જેનીફર.

એ નીલનું 'નેઈલ' કરી લાંબું ઉચ્ચારણ કરતી.

'ઓ યા, આઈ કેપ્ટ અવેક ટીલ લેઈટ નાઈટ, સો વોક અપ લેઈટ.' નીલે એપ્રોન પહેરતાં કહ્યું.

જેનીફરે રાત્રે મોડા સૂવા વિશે હસતાં હસતાં કોમેન્ટ કરી.

નીલે કહ્યું 'ઓ નો, નો ઈટ વોઝ નોટ ડુયુ ટુ ધેટ.'

બન્ને સાથે હસી પડ્યાં.

નીલમાં ય હજુ ભારતીય ઘઉંવર્ણો રંગ ટકેલો હતો.

અમેરિકામાં પોતપોતાની દેશની અલગ અલગ લાક્ષણિકતાઓ લઈને લોકો આવે છે. ને પછી એ લાક્ષણિકતાઓ એક બીજામાં ભળે છે. ને તેથી જે મિકસ્ડ કલ્ચર ઊભું થાય છે, એમાં ભારતની પ્રામાણિકતા, ચીનની સખ્ખત મહેનત, જાપાન-જર્મનીનું બુધ્ધિ કૌશલ્ય, દક્ષિણ અમેરિકાનું સૌંદર્ય, ઈંગ્લેન્ડના એટીકેટસ્, આફ્રિકાની નિર્દોષતા... ભળેલાં છે.

એટલે જ સર્વગુણ સંપન્ન સમાજની રચના થઈ શકી છે. જોકે સર્વગુણની સાથે સર્વદુર્ગુણ પણ ભેગા થયા છે. અને એટલે ક્રાઈમ-રેટ પણ એટલો જ ઊંચો છે.

દૂર ક્ષિતિજ તરફ નજર કરી ઘણીવાર નીલ વિચારતો 'આફટર ઓલ ઈટ ઈઝ અ લેન્ડ ઓફ ઈમિગ્રેન્ટ્સ.'

## 3 ***"આવ પ્રિય, ઉઘડતા પ્રભાતના ઓસબિંદુઓ પર પગલાં પાડી, તું આવ"***

સવા બે વર્ષના સહવાસ પછી ઈશાનીનો સારા દિવસો રહ્યાં. એને જોબ પરથી છેલ્લા બે મહિના માટે પેઈડ-લીવ મળી. ઈશાની પપ્પા-મમ્મીને ત્યાં અઠવાડિયે બે દિવસ રહેવા જતી. નીલ પણ એ બે દિવસ ઈશાનીની સાથે જ રોકાતો. ને ત્યાંથી જ ડબો લઈ જોબ પર જતો. એક શુક્રવારની સાંજે જોબના છેલ્લા અડધા કલાક દરમિયાન એ ક્લોઝિંગ કરી રહ્યો હતો. પેની-નીકલ ગણાઈ ગયા હતો હવે ડાઈમ ગણતો હતો. જેનીફરે ક્લોઝીંગ પતી ગયું હતું.

એણે નીલને પૂછ્યું, 'ડુ યુ હેવ ટાઇમ ધીસ ઇવનીંગ? લેટ્સ ગો ટુ વ્હીટનપાર્ક.'

ઈશાની આજે મમ્મી પપ્પાને ત્યાં સવારે જ ગઈ હતી. એટલે એની ચિંતા હતી નહીં.

નીલે હા પાડી.

બન્ને 'વોલ્માર્ટ'માંથી નીકળ્યાં.

જેનીફરે કહ્યું 'મારી ગાડીમાં જ જઈએ, પછી તને અહીં મૂકી જઈશ.'

નીલ 'ઓલરાઈટ' કહી બાજુની સીટ પર બેઠો

વ્હીનપાર્ક વર્જિનીયાને અડીને આવેલા મેરીલેન્ડ સ્ટેટમાં હતો. લગભગ પોણો કલાકનો રસ્તો હતો. બન્ને મ્યુઝિક સાંભળતા એંશી માઈલની સ્પીડે જઈ રહ્યાં હતાં. એકઝીટ ૩૫ લઈ સાઉથમ્ટન ડ્રાઈવ પર જેનીફરની લેન્ડરોવર ગાડી દોડવા માંડી.

શુક્રવારને લીધે બાગમાં ભીડ હતી. બન્ને ચાલતાં ચાલતાં એક નાના તળાવ પાસે આવ્યા. ત્યાં ઢાળવાળી જમીન પર સુંદર કાપેલા ઘાસમાં બન્ને બેઠાં.

નીલ તળાવમાં પડતા ભૂરા આકાશનું પ્રતિબિંબ જોતો હતો. જેનીફર એને અડીને બેઠી. પહેલી જ વખત જેનીફરના ખભાનો સ્પર્શ એના ખભાને થયો. એક ધ્રુજારી દોડી ગઈ એના શરીરમાં. જેનીફરે આજે રેડ સ્કર્ટ પર યલો સ્લીવલેસ ટી-શર્ટ પહેર્યું હતું. એના ખુલ્લા ગૌર હાથ એમાંથી બહાર નીકળતા હતા. નીલે જોયું એ અદ્‌ભુત સુંદર લાગતી હતી. એનામાં એક ગજબનું ચુંબક હતું. એના શરીરમાંથી એક ભીની, ઘેનપ્રદ સુગંધ આવી રહી હતી.

નીલે એકદમ જેનીફરનો હાથ એના હાથમાં લીધો, ને એની આંખમાં જોઈ બોલ્યો 'યુ આર એક્સ્ટ્રીમ્લી બ્યુટીફૂલ.'

જેનીફરે થોડો સમય એની આંખમાં જોયા કર્યું. ને બોલી 'યુ આર અ મેન, હુમ આઈ વોઝ ફાઈન્ડીંગ ફોર લોન્ગ ટાઈમ'ને એણે નીલના હોઠ પર આસ્તેથી એક ચુંબન કર્યું.

નીલ હતપ્રભ થઈ ગયો. આવો અનુભવ એના જીવનમાં પહેલો જ હતો. એનું મગજ બહેર મારી ગયું. એને કશું દેખાતું નહોતું. જેનીફરની આંખો માત્ર સિવાય.

બન્ને જણ એમ કેટલીય વાર સુધી એકમેક જોતાં બેસી રહ્યાં. છેવટે નીલે સહેજ સ્વસ્થ થતાં કહ્યું 'જઈએ.'

પછી તો બન્નેની મુલાકાતો વધી પડી. ક્યારેક થિયેટરમાં, ક્યારેક ડાઉનટાઉનની કોફીશોપમાં, ક્યારેક નીલના એપાર્ટમેન્ટમાં.

જેનીફર એકલી જ રહેતી હતી. એટલે એને પુછનાર કોઈ ન હતું.

એક વખત બન્ને, ઓસનસીટી દરિયાકિનારે જઈ આવ્યાં. દૂર સુધીનું લીલું-ભૂરું આકાશ દરિયામાં ઓગળી ગયું હતું. જેનીફર પર એ પાણીનો આછો ભૂરો પ્રકાશ પડતો હતો. નીલ અને સૌંદર્ય પર ફિદા હતો. એણે જેનીફરને એની આગોશમાં લઈ લીધી હતી.

ઈશાનીને છેલ્લા દિવસો જતાં હતાં. એણે જોયું હતું કે નીલ કંઈક જુદો દેખાય છે. પણ એને થયું કે મારા સહવાસ વગર કદાચ આવો થઈ ગયો હોય.

એક સવારે નીલ ઈશાનીના પપ્પા-મમ્મીને એના ભાઈ ઈશાનીને કારમાં હોસ્પિટલ લઈ ગયાં. થોડી વારમાં જ ઈશાનીએ એક સરસ બેબી-બોયને જન્મ આપ્યો.

નીલે બાળકને અને એની માતાને એક એક કીસ કરી.

ઈશાનીએ પૂછ્યું 'કોના જેવો લાગે છે?'

નીલે સહેજ વાર બાળકને જોયા કર્યું, પછી બોલ્યો 'બિલકુલ મારા પર ગયો છે. એનું નાક, હોઠ અદ્દલ મારા જેવો છે.'

ઈશાનીએ દીકરાને છાતી સરસો ચાંપી દીધો.

નીલ બન્નેને થોડીવાર જોઈ રહ્યો. એણે જોયું ઈશાની ખૂબ ખુશ દેખાય છે. તરત જ એના મનમાં જેનીફરના વિચારો ઘોળવા શરૂ થયાં.

એણે આજે રજા લીધી હતી. જેનીફર ક્લોઝીંગ પતાવી વોલ્માર્ટથી સીધો વ્હાઈટ ઓકના સબ-વે (સેન્ડવીચ રેસ્ટોરાં) માં સાડા છ એ એની રાહ જોવાની હતી. ત્યાંથી બન્ને ટાઈટેનીકનો લાસ્ટ શો જોઈ નીલના ફ્લેટ પર આવવાના હતાં.

જેનીફરના સહવાસે નીલના જીવનમાં એક તરફ આનંદ ભરી દીધો હતો. પણ જ્યારે જ્યારે નીલ ઈશાનીને મળતો ત્યારે એક ગીલ્ટફીલ કરતો. ઈશાની સાથે એને ક્યારેય એટલો આનંદ નહોતો મળતો જેટલો જેનીફર એને આપતી.

એકલો હોય ત્યારે મનમાં ભારે ઘર્ષણ પેદા થતું. એને થતું આનો અંત કેવો હોઈ શકે? ઈશાની જાણશે તો શું કરશે? શું ઈશાનીને ડીવોર્સ આપી શકાય? જેનીફરને પત્ની તરીકે અપનાવાય કે પછી એને માત્ર પ્રિયતમા જ બનાવી રાખવી? જેનીફર સાથે આખી જિંદગી નીકળે ખરી? ઈશાની એક ભારતીય નારી છે. અને એટલે વિશ્વાસ મૂકી શકાય એવી છે. જેનીફર? એ જે દેશની માટીની છે ત્યાંની સંસ્કારીતા શું?

એનું મન ભારે વલોપાત અનુભવતું. એક તરફ મધ્યમ દેખાવવાળી, વફાદાર પત્નીને બીજી તરફ સ્ફોટક સૌંદર્યવાળી જેનીફર. ક્યાં જવું? શું કરવું?

એણે વિચાર્યું કે એ હવે જેનીફર વગર જીવી નહીં શકે. ને એણે મનોમન કશુંક નક્કી કરી લીધું.

●●●

એક બપોરે સ્ટોરમાં જ્યારે એ કેશ કાઉન્ટર પરથી સહેજ નવરો પડ્યો ત્યારે એણે થોડે દૂર કન્ઝ્યુમર રેકને બરાબર ગોઠવી રહેલી જેનીફરને જોઈ. જેનીફર કોઈક મેક્સિકન ગીત ગણગણતાં એના કામમાં વ્યસ્ત હતી.

નીલે બાજુમાં ઉભેલા એની સાથે કામ કરતાં આફ્રિકન માણસ એન્થનીને એનું કાઉન્ટર સાચવવા કહ્યું. ને ઝડપી પગલાં ભરી જેનીફર પાસે ગયો.

'ઓ નેઈલ, યુ લૂક હેન્ડસમ ટુ ડે ઈન બ્લ્યુ શર્ટ.'

એણે જેનીફરની આંખમાં થોડીવાર આંખ પરોવી રાખી. જેનીફરનેઅચાનકકંઈકગંભીરતાનો ખ્યાલ આવ્યો.

એણે નીલને પૂછ્યું 'વ્હાય ડૂ યુ લૂક મી લાઈક ધેટ?'

નીલે એને સહેજ ખૂણામાં અંદર ખસેડી ઝડપથી પૂછી કાઢ્યું.

'જેનીફર, આઈ કાન્ટ લીવ વિધાઉટ યુ.' હું તારી સાથે લગ્ન કરવાં માંગું છું.'

જેનીફરની આંખો પહોળી થઈ ગઈ. એણે કહ્યું સાંજે આપણે બહાર બધીવાત કરીએ.નીલે કહ્યું, 'નહીં, અત્યારે જ.' 'સે યસ ઓર નો.'

જેનીફરે એનાં હાથને હાથમાં લઈ સ્હેજ દબાવ્યો, ને બોલી કે 'પહેલાં જ દિવસે તું જ્યારે અહીં જોડાયોને મેં તને જોયો, ત્યારથી હું તારી બની ગઈ હતી. તું પરણેલો હોવાથી હું તને પૂછતાં ખચકાતી હતી. પણ હું માત્ર તને જ પરણીશ. હા, હું ખૂબ જ ખુશીથી તને પરણીશ.

'આઈ વીલ ગીવ યુ અ લાઈફ ફૂલ્લ ઓવ હેપીનેસ.'

●●●

૪

***પ્રિય, મારી ઉડતી પાંખનું એક-એક પીંછુ ખરતું ગયું છે,***
***મારી ખીલેલી સ્વપ્નડાળનું એક-એક પાન ખરતું ગયું છે***

વ્હીટનપાર્કના વૃક્ષો પર ફોલસીઝન બેઠી છે. ઊંચાઊંચા ઓક વૃક્ષોના પાંચ ખૂણિયા પાંદડા લાલ બની વ્હેતી હવાના ઝોકાથી ડાળથી વિખૂટા પડી રહ્યા છે. જમીન પર લાલ-પીળા કડક થયેલાં પાંદડાની પ્રત જામી ગઈ છે. હમણાં જ ઠંડીએ વિદાય લીધી છે. પણ એના પગલાંની છાપ હજુ થોડી થોડી છે.

સાંજનો સમય છે. સૂર્ય હજુ પૂરેપૂરો લાલ નથી બન્યો. પણ હા-એના લાલ થવાની શરૂઆત થઈ ચૂકી છે. આકાશ સ્વચ્છ છે બિલકુલ. નિર્ભેળ.

નીલ એની હંમેશની જગ્યાએ બેઠો છે. છેલ્લા છવ્વીસ વર્ષથી આ જ જગ્યાએ નીલ સાંજે આવીને બેસે છે. તળાવના આછા આછા હલતાં પાણીમાં એના ચહેરાનું પ્રતિબિંબ હલે છે.

નીલે ઉંચે આકાશ તરફ
નજર કરી. નાના નાના
સફેદ પક્ષીઓનું ઝૂંડ નિશ્ચિત
આકારે અને નિયત વેગથી
એક ચોક્કસ દિશામાં ઉડી
રહ્યું હતું. દૂર ક્ષિતિજે સૂરજ
અડધો કપાઈ ગયો હતો.
એનાં રક્તથી પશ્ચિમનું
આકાશ લાલ બની ગયું હતું.

એણે સ્વચ્છ પાણીમાં પડતાં એના ચહેરાના પ્રતિબિંબને જોયું. ને એને યાદ આવ્યું. પહેલી વાર જ્યારે વ્હીટનપાર્કમાં આવ્યો હતો ત્યારે એની સાથે જેનીફરના પ્રતિબિંબને જોયું હતું. એ વખતે ય પાનખર હતી. સ્વચ્છ ભૂરા આકાશને પાણી આ જ રીતે ઝીલતું ને એમાં વચ્ચે ઉપસતું હતું જેનીફરનું ગૌર વદન. એણે જોયાં જ કર્યું હતું. ને હંમેશની માફક જ જેનીફર યાદ આવતાં જ એને ઈશાની યાદ આવી.

પચીસ વર્ષ પહેલાં, એણે ઈશાનીને છૂટાછેડા આપી દીધા હતા. અત્યારે પ્રત્યુષ, એનો ને ઈશાની નો દીકરો બરાબર પચીસ વર્ષનો થયો હશે.

●●●

એ રાત્રે જેનીફર લગ્નનો પ્રસ્તાવ કરી છૂટા પડ્યા પછી ફ્લેટ પર એકલો ગયો હતો. બીજે દિવસથી ઈશાની બાળકને લઈ ફ્લેટ પર જ આવવાની હતી.

આખી રાત એણે પાસા ઘસ્યા કર્યા. એને સમજાતું નહોતો કે ઈશાનીને કેવી રીતે વાત કરવી. ઈશાનીને કેવો આઘાત લાગશે? બાળકનું શુ? હજુ એને અમેરિકાના કાયમ રહેવા માટેનું ગ્રીનકાર્ડ પણ મળ્યું નહોતું. એ માટે એણે ઓછામાં ઓછા બે વર્ષ ઈશાની સાથે રહેવું જ પડે.

તો શું હજુ બે વર્ષ આ જ રીતે લપાતા છૂપાતા જેનીફરને મળવાનું? સતત ડરતાં જ રહેવાનું?

એણે મનોમન નક્કી કરી લીધેલું ના. ઈશાનીને ભલે આઘાત લાગે. ભલે અમેરિકામાં ઈલ્લીગલ રહેવું પડે, એ માત્ર જેનીફર સાથે રહેશે, કારણ કે એ જેનીફર વગર હવે જીવી નહીં શકે.

ને બીજે દિવસે ઈશાનીને હોસ્પિટલમાંથી રજા મળી. એ બન્નેને લઈ ફ્લેટ પર આવ્યો. ઈશાનીના મમ્મી-પપ્પાએ એમના ઘરે લઈ જવા કહ્યું, પણ ઈશાનીએ જાતે જ કહ્યું કે 'ના, નીલ બહુ દિવસ એકલો રહ્યો છે, હવે હું ફ્લેટ પર જ જઈશ.'

હોસ્પિટલમાંથી આવ્યા પછી ઈશાની બાળક પર વધારે ધ્યાન આપવા માંડી નીલ ભારે તનાવમાંથી પસાર થતો. એ બાળકને ચાહતો. બાળક એની સામે જોઈ હસતું. જાણે કહેતું, 'પપ્પા, મને છોડીને ના જશે.' ને નીલ એના પરથી નજર ફેરવી લેતો.

બે-ત્રણ દિવસ સુધી નીલે ઈશાનીને કહેવા માટે યોગ્ય

તકની રાહ જોયા કરી.

એક સાંજે સ્ટોર પરથી ઘરે આવ્યો ત્યારે ઇશાની કીચનમાં કંઈક કામ કરતી હતી. એમનો દીકરો ઉંઘતો હતો.

એણે રસોડામાં જઈ ઇશાનીને કહ્યું 'ઇશાની, મારે તારી સાથે વાત કરવાની છે, આઇ નીડ ટુ ટોક ટુ યુ' ઇશાનીએ કહ્યું 'બોલને'

'ના' નીલે કહ્યું' તું જરા બહાર આવ, આપણે શાંતિથી બેસીને વાત કરીએ.'

ઇશાનીએ ભયમિશ્રિત ભાવથી એની સામે જોયુ, ને પછી હાથ ધોઈ બહાર આવી. બેઠા બેઠા નીલે થોડીવાર ઉંઘતા દીકરાને જોયા કર્યો, ને પછી ઇશાનીને કહ્યું 'ઇશાની, તું ખૂબ સારી છે, પત્ની તરીકે આદર્શ છે, પણ પણ ઇશાની, હું જેનીફરને ચાહું છું, અનહદ. અને તેની સાથે લગ્ન કરવા માગુ છું 'આઇ વોન્ટ ટુ લીવ વીથ હર ઓફીસીયલી.'

થોડા સમય માટે ઇશાની અવાચક બની ગઈ. પછી એની આંખોમાંથી અશ્રુધારા વહેવા માંડી એણે નીલને સમજાવવાનો કોઈ પ્રયત્ન ન કર્યો. માત્ર ઊંઘતા પ્રત્યુષ (જેનું નામ ભારતમાં રહેતા નીલના પિતાએ સૂચવ્યું હતું) ને જોયા કર્યો.

ને પછી જરાક સ્વસ્થ થઈ બોલી 'ઓ કે, નીલ પણ ડીવોર્સ તું હજુ એક વર્ષ પછી લેજે. જેથી તને અમેરિકાનું ગ્રીનકાર્ડ મળી જાય. હું આજે જ મારા પપ્પાના ઘરે જાઉં છું. અને હા, પ્રત્યુષને ભારતીય સંસ્કાર મળે એટલે મારી સાથે જ લઈ જાઉં છું. તું ચાહે ત્યારે એને મળી શકીશ. અને તું ચાહે ત્યારે મારા ઘરે આવી શકીશ.'

એણે ઇશાનીને ફરીથી જોયા કરી હતી. ખરેખર પત્ની તરીકે એક આદર્શ નારી હતી. હા પૂર્ણ ભારતીય સ્ત્રી.

નીલને જરાય કલ્પના નહોતી કે આવો પ્રત્યુત્તર મળશે. એના ગળા સુધી ઇશાનીને રોકવા શબ્દો આવ્યા. પણ હોઠ સુધી ન આવી શક્યા. એણે ખૂબ બળ કર્યું છતાંય.

●●●

નીલે ઉંચે આકાશ તરફ નજર કરી. નાના નાના સફેદ પક્ષીઓનું ઝૂંડ નિશ્ચિત આકારે અને નિયત વેગથી એક ચોક્કસ દિશામાં ઉડી રહ્યું હતું. વ્હીટનપાર્ક પર સાંજ ઉતરી આવી હતી. દૂર ક્ષિતિજે સૂરજ અડધો કપાઈ ગયો હતો. ને એનાં રક્તથી પશ્ચિમનું આકાશ લાલ બની ગયું હતું.

પછી જેનીફર સાથે એનું લગ્નજીવન શરૂ થયું. એ બન્ને હંમેશાં આનંદમાં રહેતાં. એકમેકને ભરપૂર પ્રેમ કરતાં. છતાં ક્યારેક નીલ શૂન્યમનસ્ક થઈ જતો. એકલો હોય ત્યારે ખાસ. શરૂઆતમાં પ્રત્યુષને મળવા એની સ્કૂલે જતો જેનીફર પણ ક્યારેક સાથે આવતી રિસેષના સમયમાં એની સાથે બેસતો અને એને પૂછતો કે 'મમ્મી' શું કરે છે.'

એણે ઇશાનીને મળવા ય પ્રયત્નો કરી જોયા હતાં. પણ માત્ર એક વખત 'વ્રજ' મંદિરમાં મળી ગઈ હતી. એના ચહેરા પર નીલ માટે લેશ-માત્ર કડવાશ નહોતી દેખાઈ. એણે જોયું હતું કે ઇશાની હિંમતભેર જીવી રહી હતી. એના ચહેરા પર એક આત્મગૌરવ અંકિત થયેલું નીલને દેખાયું હતું.

તે પછી એક દિવસ પ્રત્યુષને મળવા એની સ્કૂલે ગયો તો ખબર પડી કે હવે એ લોકોએ સ્ટેટ બદલી નાંખ્યું છે. કદાચ ફલોરિડા ગયા છે. એવું સ્કૂલના પ્રિન્સિપાલે કહ્યું હતું.

નીલ એ દિવસે ખૂબ સંતાપ અનુભવ્યો. એ અત્યાર સુધી પ્રત્યુષને મળતો ત્યારે ઇશાની સાથેનું સંપર્કસૂત્ર સચવાતું હોય એમ લાગતું. એક રાહતની લાગણી થતી. એ પ્રત્યુષને ઉંચકીને અનહદ વ્હાલ કરતો, ચુંબનોથી એને નવડાવી દેતો. પ્રત્યુષ પણ નિર્દોષભાવે ડેડી સાથે આનંદ કરતો.

હવે પ્રત્યુષ-ઇશાની કદી નહીં મળી શકે એ ખ્યાલથી નીલ પર જાણે વ્રજઘાત થયો હતો. જેનીફર સાથે હોય ત્યારે એ બધું ભૂલી જતો.

પણ, એમના પાંચ વર્ષના દામ્પત્યજીવન પછીય એમને સંતાન નહોતું.

●●●

સૂર્ય સંપૂર્ણ ડૂબી ગયો. વ્હીટનપાર્કના તળાવના પાણીમાં રાતની શ્યામલતા ઉપસવી શરૂ થઈ. છેલ્લું એક કપલ 'કમ ઓન ચાર્લ્સ ડીયર, લેટ્સ ગો હોમ નાઉ' કહી એમના દીકરાને બોલાવી રહ્યું હતું. સહેજ સહેજ ઠંડીની શરૂઆત થઈ ચૂકી હતી. ધીમેધીમે આકાશ પક્ષીઓ વગરનું થઈ ગયું.

હવે વ્હીટનપાર્કમાં નીલ સિવાય કોઈ ન હતું, હા માત્ર બે ત્રણ બતકો હજુ પોકારો કરી સૂર્યને છેલ્લી વિદાય આપતા હતાં.

નીલ ધીમેથી બાંકડેથી ઉઠ્યો. ને પાંદડા કચડતો પાર્કિંગ લોટમાં પાર્ક કરેલી એની કાર તરફ ચાલવા માંડ્યો.

પાંચ વર્ષ જેનીફર સાથે ગાળ્યા પછી એક સાંજે જ્યારે નીલ સ્ટોર પરથી ઘરે પાછો આવ્યો ત્યારે ડાઇનીંગ ટેબલ પરથી જેનીફરની ચિઠ્ઠી મળી હતી.

જેનીફર એને છોડીને ચાલી ગઈ હતી. 'નેઇલ, આઇ લવ યુ, બટ ડીયર, નોટ ટીલ ધ એન્ડ. આઈ એમ વુમન ઓફ ચેઇન્જ. આઈ એમ લીવીંગ યુ. પ્લીઝ ફરગીવ મી, ઇફ યુ કેન.'

તે પછીથી નીલ એકલવાયું જીવન જીવે છે. એનું મન-હ્રદય હવે લગભગ પથ્થર છે. અહીં અમેરિકા આવ્યા પછી એ કદી ભારત ગયો નથી. એના પિતાના મૃત્યુ સમયે પણ નહીં.

એની માતા કદાચ એને હજુ ક્યારેક યાદ કરે છે. પણ નીલ કોઈને ય નહીં. ઇશાનીને ય નહીં, પ્રત્યુષને ય નહીં અને જેનીફરને ય નહીં.

નીલ જીવે છે માત્ર. વ્હીટનપાર્કમાં દૂર ખૂણામાં ઉગેલાં કોઈ ઓક-ટ્રીની માફક હવે. **મ**



ઓટોમોબાઇલ એન્જિનીયર ૧૯૭૪-ભારત સરકારના વસ્ત્ર મંત્રાલય દ્વારા હસ્તકલા તજ્જ્ઞ, ત્રણ અલગ અલગ માધ્યમથી વનમેન શો થયેલ છે, જે ભારત પ્રથમ હતા. ૨૦૧૦-૧૧માં ચાર મેટ્રો સિટીમાંથી હસ્તકલા પ્રદર્શનમાં પ્રથમ ક્રમાંકે એવોર્ડ મળેલ છે. હાલમાં ઘણી આઇટમો બનાવું છું તથા એક્ષપોર્ટ કરું છું.

**૯૮ "ચંપાકુંજ", નેચરલ પાર્ક - એરપોર્ટ રોડ**
**સુભાષનગર**
**ભાવનગર ૩૬૪૦૦૧**
**ફો. ૦૨૭૮ ૩૨૦૯૩૦૩**
**મો. ૯૫૩૭૪ ૪૯૦૪૪**

ધનરાજ કોઠારી

# બિચ્ચારા શાંતિલાલ

આમ તો નામ તેવા ગુણ ધરાવતા લોકો ઓછા હોય છે, પણ શાંતિલાલ ખરેખર શાંત જ હતા અને અમારી ચાલીમાં બીજા માળે, મારાથી ત્રીજા રૂમે, ચાલીમાં રહેતા પડોશી હતા. બેઠા ઘાટની અમારી આ ચાલી બે માળની હતી. નાના નાના રૂમ, રસોડું બધાને ભાગે આવતું. એક મારી રૂમ છેલ્લે એટલે કે કાટખૂણે. મારી બારીમાંથી બધાની રૂમો અને આખી ચાલી દેખાતી, ને ચાલી એટલે લાંબી ગેલેરી અને ગેલેરીમાં બધાના ખાટલા ને ખુરસી ને એવો જૂનો ભાગ્યે જ વપરાતો સામાન પડ્યો રહેતો, ને પાછા બધાના ચંપલ-બુટ રાખવાના નાના-નાના ઘોડા કે લાકડાનાં ખોખાં રહેતાં. તેમાંથી બુટ-ચંપલ સામે જ આખો દિવસ દેખાતી નાની દીવાલ ને તેની ઉપર લાકડાની વાડ કરી હોય તેવો કઠેડો, પોતે જ જાણે કહેતો હોય કે મને ટેકો દઈને ન ઊભા રહેતા, એટલે શાંતિલાલ પોતાનાં બારણાં ને બારીની વચ્ચે પોતાની જૂની-પુરાણી ખુરશીમાં આરામથી બેસતા ને છાપું વાંચતા. આ ખુરસીઓ પણ પોતાના પહેલા પગારમાંથી લીધેલી ને હજી હમણાં નિવૃત્ત થયા ત્યાં સુધી સરસ કામ આપતી. હા, જરાક ઉંમર દેખાતી, પણ કામ રોડવાતું. નીચે લેંઘો ને ઉપર આખી બાંયનો સદરો - આ શાંતિલાલનો રોજનો પોશાક, ને જાડા કાચનાં ચશ્માંથી કોની સામે જુવે છે તે આપણે વિચારવાનું રહે. છાપામાંથી ઊંચું જોયા વગર ચાલીમાં જે નીકળે તેને બોલાવે, 'કાં જશુભાઈ આજે વે'લ્લા...?'

'નારે ના, શાંતિલાલ. આજે તો રવિવાર છે. તમારે તો રોજ રવિવારને?'

'હા, અમારે તો રોજ રવિવાર, જશુભાઈ, પણ ટાઇમ પસાર કરવો પડે ભાઈ.આ વે'લ્લો ઊઠીને મગનલાલનું છાપું વાંચવા બેઠો છું. મગનલાલના ઘરના તો મોડા ઊઠે,



**'મમતા' વાર્તાસ્પર્ધામાં દ્વિતીય સ્થાને આવેલી ત્રણ વાર્તાઓમાંની એક**

એ પહેલાં આખું છાપું એડવેટાઈઝ ને મરણ નોંધ સહિત વાંચી નાખું... પણ તમે ક્યાં? અત્યારના પહોરમાં?'

'આજે તો રવિવાર છે ને શાંતિલાલ, તે થયું કે રસિકના ગાંઠિયા ને જલેબી લેતો આવું.'

'લે...' કંઈક જાણીતું કે અજાણ્યું બને એટલે શાંતિલાલને 'લે...' બોલવાની ટેવ.

બરાબર એ જ સમયે મગનલાલનું બારણું ખૂલ્યું, ને તેમનાં ધર્મપત્ની ફુંગરાયેલા મોઢે છાપું લેવા જ્યાં નીચે નમ્યાં ત્યાં જ શાંતિલાલ બોલ્યા, 'લે... અહીંયા છે બેન, અહીંયા છે, તમારું છાપું. આ તો વે'લ્લો ઊઠ્યો તો, થયું કે તમારું છાપું જરાક વાંચું. લ્યો બેન લ્યો, તમારું છાપું.'

આમ, રોજ શાંતિલાલ મગનલાલનું છાપું જ વાંચે તે આશાબેનને જરાય ન ગમે, પણ મન મારીને બેસી રહે. ક્યાં ઝઘડા કરવા, પણ શાંતિલાલ એમ કાંઈ નમતું મૂકે? તરત બોલે, 'કાલની વાર્તાની પૂર્તિ હોય તો આપજો, જરાક નજર ફેરવું.' પાછા આશાબેન મોઢું બગાડીને વાર્તાની પૂર્તિ ગોતીને આપે ને જોરથી બારણું બંધ કરે. આવો નિત્ય ક્રમ!

પાછા એક વાર તો માટું ધરમસંકટ ઊભું થયું. શાંતિલાલના ઘરે મહેમાન આવ્યા ને શાંતિલાલ તો રોજની જેમ મગનલાલનું છાપું લઈ આવ્યા ને આપ્યું મહેમાનને.મહેમાન તો નિરાંતે છાપું વાંચતા હતા ને શાંતિલાલ બાથરૂમમાં નહાવા ચાલ્યા ગયા - બરાબર ત્યાં જ મગનલાલનું બારણું ખૂલ્યું ને આશાબેન રોજની મુદ્રામાં છાપું લેવા નીચે નમ્યાં ને છાપું ન જોયું ને સામે એ જ છાપું શાંતિલાલના મહેમાનના હાથમાં જોયું. આશાબેનને એમ કે મહેમાન છે, એટલે એકમદ શાંતિથી માંગ્યું, મહેમાન કહે, 'આપું છું થોડી વારમાં.' થોડી વાર પછી આશાબેને પાછું છાપું માંગ્યું. મહેમાન કહે, 'હવે નિરાંતે છાપું તો વાંચવા દ્યો, આમ સવારના પહોરમાં કોકનું છાપું માંગવા કરતાં બંધાવી લેતા હો તો?'

આશાબેનનો પિત્તો આસમાને, ઘણા વખતથી દાઝ તો હતી જ, એમાં મહેમાનના શબ્દોથી વધારે સળગ્યું ને આશાબેન તો બેફામ બોલવા લાગ્યાં. શાંતિલાલ ટુવાલ પહેરીને ઝટઝટ બહાર આવ્યા ને કહે, 'લે... આ તો મહેમાન આવ્યા હતા તે તમારું છાપું જરાક વાંચવા લીધું એમાં શું? અમે છાપું બંધાવીએ ત્યારે તમેય લઈ જજો તમતમારે!' આશાબેન આકરા પાણીએ તો હતાં જ, એમાં શાંતિલાલના શબ્દો.

આશાબેન તો હાથ લાંબા કરીને કહે, 'હવે રહેવા દ્યો. આઈયાં રહેવા આવ્યા એટલાં વર્ષોથી એકેય વાર છાપું બંધાવ્યું છે? ને પાછા એમ કહો છો, અમે બંધાવીએ ત્યારે લઈ જજો? ને મે'માન હોય તો તમારા ઘરે, એમાં અમારે શું?'

'લે...'

'લે... લે... શું કર્યા કરો છો?' ને આખો દિ' ચાલીનાં બૈરાંની સામે ડાફોળિયાં મારે રાખો છો? હવે શરમાવ જરાક, સાંઈઠે પોગ્યા. આ શોરબકોરમાં આખી ચાલી ભેગી થઈ ગઈ. મગનલાલ પણ બહાર નીકળ્યા. પોતાની દેખાવડી પત્નીને આમ ઉગ્ર મિજાજમાં જોઈને શાંત પાડવા મહેનત કરવા લાગ્યા ત્યાં તો આશાબેન વધારે ગરમ થઈ ફરી શાંતિલાલ સામે હાથ લાંબા-ટૂંકા કરીને બોલવા લાગ્યાં,

'અરે તમેય શું કાંઈ બોલતા નથી? આ ડાબલા જેવાં ચશ્માંમાંથી હું જ્યારે જ્યારે કપડાં સૂકવું ત્યારે ડોળા ફાડી-ફાડીને શું જોયે રાખો છો? કો'કદી' આ સોડા બોટલ જેવાં ચશ્માં જ ધોકા ભેગી ફોડી નાખવાની છું! જો હવે ક્યારેય મારી સામે જોયું ને તો...!'

'લે...'

હું બારીમાંથી આ બધો તમાશો સાંભળતો ને જોયે રાખતો હતો, ને હવે લાગ્યું કે મારે સમાધાન માટે જવું પડશે ને ચાલીમાં પણ બધાને લાગતું કે આ જગદંબાને સમજાવી શકે તેવું કોઈ હોય તો તે હું જ છું.

આશાબેનને માંડ માંડ શાંત પાડ્યાં ને શાંતિલાલની બાજુની ખુરશીમાંથી મહેમાનને ઉઠાડીને હું બેઠો ને બધાની સામે શાંતિલાલને સમજાવવા લાગ્યો, ''બૈરાં કપડાં સૂકવતાં હોય ત્યારે થોડી વાર ખુરશી અંદર લઈ લેવી ને અંદર જતા રહેવું.'

'લે...'

ધીરે ધીરે ચાલીના સૌ પોતપોતાના ઘરમાં કામે લાગી ગયા એટલે મેં એકલા શાંતિલાલને જ સમજાય તેવા ધીમા અવાજે કીધું કે, 'શાંતિલાલ, છાપામાં એક નાનું કાણું પાડી દેવાનું ને એમાંથી જે જોવું હોય તે જોવાનું.'

'લે... પણ છાપું જ એનું હોય ને કાંઈ રોજરોજ છાપામાં કાણાં પડાય?'

મેં કહ્યું, 'અરે શાંતિલાલ તમેય શું? આ બારી છે કે નહીં? એમાં એક જૂનું છાપું કાણું પાડીને જ રાખવાનું ને આશાબેન કપડાં સૂકવવા આવે ત્યારે, તે જ છાપું આડું રાખીને નિરાંતે જોયે રાખવાનું, સમજ્યાને?'

'લે...'

'આમ પણ આશાબેન કપડાં સૂકવે ત્યારે જોવા જેવાં તો ખરાં જ ને. ઉંમર ચાલી-બેતાલી, ઊંચો ઘઉંવર્ણો દેહ, કામણગારી પાતળી કમનીય કાયા, વિશાળ અને કાળી નમણી આંખો, નાની ચીબુક, ને જોતાં જ નજર પડી જાય તેવું રૂપ!'

શાંતિલાલ કહે, 'લે...'

'ચાલો, શાંતિલાલ હવે ધ્યાન રાખજો' અને બોલતા બોલતા ઊભા થતાં મેંય એક પ્રશ્ન પૂછી લીધો,

'પણ શાંતિલાલ, આશાબેન કપડાં સૂકવવા આવે છે ક્યારે?'

આ સાંભળતાં શાંતિલાલનું મોઢું ફાટી ગયું ને બોલી ઊઠ્યા, 'આ લે... લે...' **મ**



*લગભગ વીસેક વર્ષથી કેનેડામાં રહું છું; ફાર્માસિસ્ટ છું. ગુજરાતી સ્વર અને અક્ષર  માણવા ગમે છે. વિવિધ સ્વરૂપોમાં લખવાના પ્રયત્નો કરતો રહું છું, કવિતા-ગઝલ પ્રમાણમાં વધુ લખાય. "ટૂંકી વાર્તા લખી તો જો," જેવા પડકારને ઝીલવા માટે સર્જેલી આ કૃતિ મારી સૌથી પ્રથમ વાર્તા છે.*

***3124, Shadetree Drive***
***Mississauga,***
***ON L5N 6P3, CANADA***
***ફો. ૯૦૫ ૮૨૪ ૫૬૫૨***

**'મમતા' વાર્તાસ્પર્ધામાં તૃતીય સ્થાને આવેલી ચાર વાર્તાઓમાંની એક**

## શૈલેશ દેસાઇ

# એક અધૂરી વાર્તા

"ઈનામદાર…"

"હલો… ઈનામદાર…"

સુધાંશુ ઈનામદારને આવા કટાણાના આગંતુકો પર બહુ ગુસ્સો આવતો, અને આ તો પાછો સામેથી ફોન કરવો અને પછી જવાબ આપવાને બદલે મૂંગા રહેવું. એના ચહેરાની રેખાઓ તંગ થઇ ગઇ અને નસકોરાં ફૂલવા માંડ્યાં.

નંદિની હોત તો જરૂર કહેત, "શા માટે આવા ફોન ઉપાડતો હોઇશ? જવા દે ને આન્સરિંગ મશીનમાં…"

પણ સુધાંશુને લોકોનામાં રહેવું ગમતું.

"હલો… ઈનામદાર સ્પીકિંગ…" સુધાંશુનો અવાજ ઊંચો થઇ ગયો.

સામે છેડેથીઃ "કામ ડાઉન , લેખક મહાશય! એક તો દસ દિવસથી ફોન કર્યા કરું છું ને ફોન ઉપાડતા નથી અને આજે બસ માત્ર દસ સેકન્ડમાં જ અકળાઇ ઊઠ્યા? કોલ ડિસ્પ્લે પર આ નંબર જોઇને જ ટાળી દો છો કે શું?"

સુધાંશુઃ "હલો, કોણ?"

સુધાંશુઃ (મોટેથી) "કોણ બોલો છો?"

સામે છેડેથીઃ "હાઉ ડઝ ઇટ મેટર? બુક શોપમાંથી તમારું પુસ્તક ઊંચકીએ છીએ ત્યારે તો અમને પૂછતા નથી કે કોણ છો?"

સુધાંશુઃ (ઠંડો પડીને) "અચ્છા, તો એમ વાત છે! ખરીદીને પુસ્તકો વાંચવાનો શોખ ફરમાવો છો,એમ ને?"

સામે છેડેથીઃ "કહી શકાય…"

સુધાંશુઃ "નામ કહો તો ઠીક રહે, વાત કરવાની વધારે મજા આવે."

સામે છેડેથીઃ "એમ? તો તો તમે જ કહો ને! મારું નામ શું હોય તો તમને ગમે?"

સુધાંશુઃ "એટલે?"

સામેછેડેથીઃ "એટલે…એટલેસાહેબ…તમેતમારીવાર્તાનાંપાત્રોનાંનામકઇરીતે પાડો છો? પહેલા મનમાં છબી ઊભી કરો અને પછી બંધબેસતાં નામ આપો કે પછી પહેલાં નામ અને પછી પાત્રાલેખન?"

સુધાંશુ દાંત કચકચાવીને પણ સ્વસ્થતાપૂર્વક વાત ચાલુ રાખવાનો પ્રયત્ન કરી રહ્યો હતો.

સુધાંશુઃ "ચાલો ત્યારે, હું તમને અનામી કહું તો તમને ગમશે?"

સામે છેડેથીઃ "વ્હોટેવર!!! અમારા ગમાઅણગમાથી તમને શું ફેર પડશે, લેખક મહાશય?"

સુધાંશુઃ "એમ ન બોલો મિત્ર! અમારું તો અસ્તિત્વ જ તમારા ગમાઅણગમા પર નભે છે. જુઓ ને, આ તમારી સાથે ટચમાં રહેવા માટે જ તો આ ફોન, ટ્વીટર અને ફેસબુક એકાઉન્ટ્સ રાખ્યા જ છે ને?"

સામે છેડેથીઃ ''હા, હા એ તો જગજાહેર છે!''

સુધાંશુઃ ''તમે દાઢમાં કેમ બોલો છો?''

સામે છેડેથીઃ ''ના, ના સાહેબ! હું તો તમારી પેલી જગજાહેર સ્પર્ધાની વાત કરું છું. યાદ છે કે પાછી ભૂલી ગયા? પેલી લગભગ આખી વાર્તા જ તમે લખો અને પછી પ્રિય વાચકો, લેખક બનો! વાળી ચેલેન્જ... એક બેઠકે વાંચેલી વાર્તાનો અંત જ ન મળે... કારણ? કારણ, અંત તો તમે અમારી ઉપર છોડતા...''

સુધાંશુઃ ''સી? મેં આગળ જ તમને કહ્યું કે તમારા ગમાઅણગમા પર જ...''

સામે છેડેથીઃ ''હેય હેય, સ્ટોપ ઇટ! સાચું કહેજો હં... કેટલા જવાબો આવતા? અને તમે એમાંથી કોનો જવાબ પસંદ કરતા? અંતિમ હક્કો કોના રહેતા, સાહેબ?''

સુધાંશુઃ ''અરે પણ યાર, જરા સમજો તો ખરા! એમાં વાચકોનું કેટલું ઇન્વોલ્વમેન્ટ રહેતું...''

સામે છેડેથીઃ ''ઇન્વોલ્વમેન્ટબિન્વોલ્વમેન્ટ માય ફુટ! તમે આ સ્પર્ધાબર્ધાના ગતકડાંની વાત જ જવા દો ને...''

સુધાંશુઃ ''કેમ, કેમ?''

સામે છેડેથીઃ ''સાચું કહેજો ઇનામદાર સાહેબ! ખરેખર કોઇ જવાબ મોકલતું કે પછી જુમરીતલૈયાથી જમનાદાસ અને અંબાલાથી અમીનાના નામે પત્રો પણ તમે જ લખતા?''

સુધાંશુઃ ''હેય, હેય, જબાન સમ્ભાલ કે...''

સામે છેડેથીઃ ''માફ કરજો સાહેબ, પણ આ બધું સાલું ગરબડવાળું તો ખરું જ કે નહીં?''

સુધાંશુઃ ''વાચકશ્રી, બીજા લેખકો વિશે તો હું કેવી રીતે કહી શકું, પણ મારી વાત સાંભળી લો... આ તમારી સેવામાં ને સેવામાં જ તો આ બધા વાળ ધોળા થયા વિના જ ખરી ગયા છે અને શબ્દોના ઢગલે ઢગલા ઢસડી ઢસડીને આંગળાં પણ ઠરડાઇ ગયાં છે.''

સામે છેડેથીઃ ''સાહેબ, ચાલો તમે કહો છો ત્યારે એક વાર માની પણ લઇએ. પણ તો પછી, જ્યાં ને ત્યાં અમુક ચોક્કસ સવાલોના જવાબો આપવાનું ટાળી કેમ દો છો?''

સુધાંશુ એકદમ સાબદો થઇ ગયો.

સુધાંશુઃ ''એટલે, એટલે તમે...''

સામે છેડેથીઃ ''એટલે સાહેબ... આ તમારો છેલ્લો સંગ્રહ...''

સુધાંશુઃ ''તે એનું શું છે?''

સામે છેડેથીઃ ''સાહેબ, કાલે જ ખરીદીને લીધો... પણ સાહેબ એક વાત કહું? સાલું નક્કી નથી થઇ શકતું કે પૈસા પડી ગયા કે પછી વસૂલ થયા...''

સુધાંશુઃ ''સરસ!''

સામે છેડેથીઃ ''જુઓ આ જ! આ તમારો એટિટ્યૂડ આપણને પસંદ નથી હં!''

સુધાંશુઃ (સંપૂર્ણ સ્વસ્થતાપૂર્વક) ''ભલે, એમ રાખો...''

સામે છેડેથીઃ (અકળાઇને) ''એમ નહીં! તમે પૂછો તો ખરા કે, સંગ્રહ ક્યાંથી ખરીદ્યો? પબ્લિશરનું ડિસ્કાઉન્ટ મળ્યું કે નહીં? તમને જેવો લાગ્યો એવો શા માટે લાગ્યો? આવા પ્રશ્નો તો કોઇ પણ સ્વાભાવિક રીતે પૂછે જ ને?''

સુધાંશુઃ ''એમ?''

સામે છેડેથીઃ ''અરે આમ શું સાવ નાંખી દેવા જેવી વાત કરો છો, બોસ?''

સુધાંશુઃ ''નાંખી દો ત્યારે, બીજું શું?''

સામે છેડેથીઃ ''જુઓ સાહેબ, મને તમારી આ રીત નથી ગમતી હં...''

સુધાંશુઃ (મોટેથી) ''તો શું કોઇ એક જણ ૧૫૦ રૂપિયા આપીને પુસ્તક ખરીદે એટલે એ ઇચ્છે ત્યારે લેખકે કાંડામાં ગજરા બાંધી એમની સામે મુજરો કરવો, એમ?''

સામે છેડેથીઃ ''સાહેબ, આપ તો નાહકના ભડકી જાવ છો...''

સુધાંશુઃ ''ના, ના, તો તો તમે જ કહો કે મારે શું કરવું?''

સામે છેડેથીઃ ''સાહેબ, એમ નહીં પણ...''

સુધાંશુઃ (ધમકાવતાં) ''નહી તો શું? તમે લોકો અમને સમજો છો શું? એક પુસ્તક કે એક ચોપાનિયું ખરીદો એટલે તમે અમારા માલિક, એમ?''



સામે છેડેથીઃ ''માફ કરજો સાહેબ, મેં તો માત્ર તમારી સાથે આ સંગ્રહ વિશે થોડી સમજણ મેળવવા માટે જ ફોન કર્યો હતો...''

સુધાંશુઃ (ઠંડા પડતાં) ''મિત્ર, લખવું એ તો બસ પ્રસવ જેવી વાત છે. એમાં ઘણું ય થાઉં થાઉં થાય, મનમાં વિચારોની વણઝારો ચાલે; પણ જ્યારે કાગળ પર અવતરે ને ત્યારે તો કાંઇક બીજું જ નીકળે! અમને ય ન સમજાય એવું...''

સામે છેડેથીઃ ''બસ, બસ, બોસ! હું ય આ જ કહેવા

માંગતો હતો. મને પણ સંગ્રહ વાંચવાની શરૂઆત કરીને ત્યારે તો કંઇક જુદું જ સમજાયું'તું પણ જેમ જેમ વંચાતું ગયું તેમ તેમ... અને, અંતે તો, એકદમ જ...''

સુધાંશુઃ ''જુઓ મિત્ર, મને પણ એવું જ થાય. કોઇ વાર વાર્તાનો આખેઆખો પ્લોટ મનમાં રમ્યા કરે ને કોઇ વાર માત્ર કથાબીજ મનમાં આવે પણ કશું આગળ જ ન વધે... તો વળી કોઇ વાર અંત પકડાઇ જાય અને વચ્ચેનું બધું જ સખળડખળ...''

સુધાંશુના મનમાં ફોન પર વાત કરતાં કરતાં વિચારો ચાલવા માંડ્યા હતા... લખવાનું પણ સાલું કેવું કમ્પલઝન થઇ ગયું હતું! વિચારો પૂરજોશમાં ચાલુ થઇ જાય અને બધું જ પડતું મૂકીને લખવા બેસી જ જવું પડે! અને એટલે જ એ હંમેશા સાફસૂથરા ડેસ્ક પર કાળી શાહીથી ભરેલી ફાઉન્ટનપેન અને લાઇનવાળું રાઇટિંગ પેડ તૈયાર જ રાખતો. કોણ જાણે ક્યારે લખવા ઊપડે અને લખવા બેસી જવું પડે, અને એ જ વખતે પેનમાં સાલી શાહી ખલાસ થઇ ગઇ હોય એ તો કેમ ચાલે? અને પેન પણ પાર્કર જ, અને એય નંદિનીએ ભેટમાં આપેલી એ જ...

સામે છેડેથીઃ ''જુઓને સાહેબ, ગજરા બાંધીને મુજરો કરવો અને એવું બધું કહેવાથી કદાચ તમારો સુપીરિયારિટી કોમ્પ્લેક્સ પોષાતો હશે, પણ આમ જુઓ તો એ વાત સાચી નથી લાગતી?''

સુધાંશુ ચમકી ગયો...

સામે છેડેથીઃ ''આપની એકાદ-બે આઇટમથી પરિચિત હોય એવા અદકપાંસળા આયોજક તમને આમંત્રણ આપે અને પછી ભાવતાલ નક્કી કરીને તમે બનીઠનીને ત્યાં પહોંચો; દબદબાભેર રજૂઆત અને ત્યાર બાદ ફરમાઇશોનો દોર... તાળીઓના ગડગડાટ... અને પછી પૈસા ભેગા કરીને ઘર ભેગા...''



સુધાંશુઃ ''એય વાચકશ્રી, તમારી સાથે જરાક વાત શું કરી કે તમે તો બિલકુલ જાત પર જ ઊતરી આવ્યા ને કાંઇ?''

સામે છેડેથીઃ ''બસ, બસ સાહેબ, હું એ જ કહું છું, આપણે આમ બિલકુલ જાત જેવા, એટલે કે જે છીએ એ જ થઇને વાત કરીએ તો કેમ?''

સુધાંશુઃ ''એટલે, એટલે તમે કહેવા શું માંગો છો?''

સામે છેડેથીઃ ''એટલે હું એ જ કહું છું સાહેબ કે આપણે ટચમાં રહેવું! વાસ્તવિકતા સાથે!''

સુધાંશુઃ ''જરા ફોડ પાડીને વાત કરો ને યાર!''

સામે છેડેથીઃ ''આ તમને લેખકોને આ દુનિયા તમારી મરજી મુજબની ન લાગે એટલે તમે તમારાં લખાણોમાં તમે એક ફેન્ટેસીની દુનિયા ઊભી કરો અને પછી તમારી મરજીજ મુજબનાં પાત્રો ઊભાં કરીને તમને ગમે એ રીતે એ લોકોને રમાડ્યા કરવાનાં! યુ નોવ, જસ્ટ લાઇક રીયલ ભગવાન...''

સુધાંશુઃ ''પણ, પણ...''

સામે છેડેથીઃ ''અને બિલકુલ એની જેમ જ અમારી સાથે સંતાકૂકડી રમ્યા કરવાની...''

સુધાંશુઃ ''ના, ના એવું કશું નથી...''

સામે છેડેથીઃ ''અમે તો અમારા મનમાં તમારી લાર્જર ધેન લાઇફ છબી ઊભી કરીને તમને મનોમન પૂજ્યા કરીએ...''

સુધાંશરુઃ ''તો એમાં ખોટું શું છે? તમને પણ એવી સપનાંની દુનિયામાં રાચવું ગમે જ છે ને?''

સામે છેડેથીઃ ''હા સાહેબ, પણ જ્યારે આંખ ખુલે છે ને ત્યારે... ત્યારે...''

સુધાંશુઃ ''ત્યારે સાલું લાગી આવે છે, એમ જ ને?''

સામે છેડેથીઃ ''અ... અ... હા... હા... સાહેબ...''

સુધાંશુઃ (ધીમેથી) ''અમને પણ એવું જ થાય છે...''

સામે છેડેથીઃ ''તો પછી સાહેબ, મૂકો ને એ બધી લપ! આ આજુબાજુ જે અફાટ રણ છે એને જ મનગમતો બાગ ગણી લઇએ તો ન ચાલે?''

સુધાંશુને માથામાં ઘણ પડ્યો હોય એવું લાગ્યું. છેલ્લી વાર એરપોર્ટ પર છૂટા પડતી વખતે નંદિનીએ કહ્યું હતું એ યાદ આવી ગયું, ''મૂક ને આ બધી લપ! ચાલને, આપણી વચ્ચે જે છે એ સ્વીકારી લઇએ...''

સુધાંશુને તમ્મર ચડી ગયા, એણે તરત જ ફોન કટ કરી દીધો અને ઊભા થઇને ડેસ્ક તરફ ધસી જઇને ફાઉન્ટન પેનની નીબ તોડી નાંખી... **મ**

# પ્રીતિ સેનગુપ્તા

# એકનો એક પ્રેમી



ગુજરાતી સાહિત્ય-લેખનમાં અમેરિકાનિવાસી પ્રીતિ સેનગુપ્તાનું નામ પ્રવાસ વિષયક બહુસંખ્ય પુસ્તકો માટે જાણીતું છે. એ બંગાળી, હિન્દી, અંગ્રેજી તથા એકથી વધુ યુરોપિયન ભાષાઓમાં માહેર છે. પ્રીતિ કવિ છે, અને વાર્તાઓ પણ લખે છે, જે ગુજરાતીનાં મુખ્ય સામયિકોમાં જોવા મળતી રહે છે. એમના વાર્તાસંગ્રહનું નામ 'એક સ્વપ્નનો રંગ' છે.

**preetynyc@gmail.com**
**૧+૯૧૪ ૯૯૭ ૯૦૧૬**

હમણાં હમણાંથી કિનારી બહુ વિચિત્ર મૂડમાં રહેતી હતી. ક્યારેક ઉદાસ ને ચૂપ થઈ જાય, તો ક્યારેક અધીરી ને ઉતાવળી, પણ અકળાયેલી તો જાણે હંમેશાં જ હોય, એવું કેશવને લાગતું હતું. વાતવાતમાં ચિડિયાં કરતી રહે, ને જીભ એની કડવી થઈ ગયેલી. વારંવાર, ને બધી બાબતમાં એને વાંકું જ પડ્યા કરે.

સારું હતું કે કેશવનો સ્વભાવ ધીરજનો હતો. પરણ્યાંને બાવીસ વર્ષ થયાં, પણ કેશવને હજી એ એટલી જ ગમતી હતી. કિનારી-એની કિની - આખો દિવસ બેગમ અખ્તરની ગાયેલી ગઝલો ગણગણતી જાય, ને ઘરમાં ફરતી જાય. કોઈ વાર કેશવ એને બાથમાં લઈ લે, અને ''ઐ મહોબ્બત, તેરે અંજામ પે રોના આયા'' જેવી લીટી ગવાતી હોય તો એને પૂછે, ''કેમ ભઈ, તારા પ્રેમનો એવો કેવો અંજામ આવ્યો છે? આ જોને, હું તારો સદાનો ચાહક તારો પડ્યો બોલ ઝીલવા હાજર તો છું.''

કિનારી એના ગાલ પર ટપલી મારતી, ને હસતી. એ હસતી ત્યારે એવી સરસ લાગતી. ભાગ્યે જો કોઈ વાર કેશવને સહેજ ગુસ્સો ચઢ્યો હોય તો તે કિનારીનું સ્મિત જોતાં જ લાપતા થઈ જતો. હસતી રહેતી, ગાતી - ફરતી કિનીને આ શું થયું છે હમણાં?, કેશવ પોતાને જ પૂછતો.

કેશવ જે બોલે કે જે કરે તેમાં કિનારીને વાંધો જ પડતો. ''આજે જમવામાં કંઈક સરસ બનાવજે'', એવું કહે તો જવાબ મળતો, ''કેમ, રોજ બનાવું છું તે સારું નથી હોતું?'' અથવા જો કેશવ કહે, કે ''ચાલ, આજે બહાર જમી આવીએ'', તો તો આવી જ બન્યું. કિનારી તરત બોલી ઊઠે, ''કેમ, હવે ઘરનું ખાવાનું ભાવતું નથી?''

પણ સૌથી વધારે કડવાશ સુહાસિની અને ડેવિડની બાબતે આવી ગઈ હતી. આમ તો એ લોકો ઘણા વખતથી ઓળખતાં હતાં, અને ચારેય વખતોવખત ભેગાં પણ થતાં, પણ હમણાં કિનારી વાંધા કાઢ્યા કરતી - ''પોતે છે ઇન્ડિયન, ને ડેવિડ નામ રાખવાની શી જરૂર? અને પાછાં બહેનબા તો ફક્ત સુ. સુ-જો, સુંદરનો સુઉઉઉ.''

કિનારીને ખબર હતી કે દેવેન્દ્રનું દેવ/ડેવ/ડેવિડ બન્યું હતું, અને સુહાસિની જેવું લાંબું નામ અમેરિકામાં જલદી જીભે ચઢતું નહીં. એને પોતાને પણ બધાં કિનેરી/કાઇનેરી જેવું કહેતાં, ને તેથી એણે પોતાનું હુલામણું નામ કિની જ જાહેર નામ કરી નાખેલું,



પણ કેશવ જો આ વાત યાદ કરાવતો તો કિનારી સામો હુમલો કરતી, "હા ભઈ, તમારાં સુ-ની તો વાત જ ના થાયને."

આજકાલ સુહાસિનીના ઘણા ફોન આવતા હતા. એ કેશવના મોબાઈલ ફોન પર જ કરતી. કિનારીને એની જાણ બહુ થતી નહીં, પણ એક વાર કેશવ આઘોપાછો હતો, ને મોબાઈલની ઘંટડી વાગતાં કિનારીએ ઉપાડ્યો. એને નવાઈ તો લાગી કે સુહાસિનીને આ નંબર પર ફોન શા માટે કરવો પડે? ઘરના નંબર પર જ કરવાનો હોય ને. ત્યારે તો એણે સાધારણ ભાવે વાત પતાવી, પણ "તમારા બે વચ્ચે એવી ખાનગી શું વાત છે? છાનુંમાનું શું ચાલે છે તમારી વચ્ચે?", એ કેશવ પર તૂટી પડી.


કેશવે એને પાસે બેસાડી, ને કહ્યું, "કાંઈ ચાલતું નથી અમારી વચ્ચે, પણ એવું છે કે ડેવિડ ખૂબ માંદો છે. એને કદાચ પોસ્ટ્રેટનું કેન્સર છે. આ બધી વાત માટે સુહાસિની મને ફોન કરતી હોય છે. સલાહ માગતી હોય છે."

"ઓહો, એ માંદો છે? સારું, એ હું સમજી, પણ મને કહેવામાં શું તકલીફ નડી તમને બંનેને? ને તું ડોક્ટર નથી, તો તારી સલાહ શું કામ લેવી પડે?"

તોયે કેશવે સામે દલીલો ના કરી, કે ગુસ્સો ના કર્યો. રોજની જેમ એણે કિનારીના વાળ પર હાથ ફેરવ્યો, એની આંખોમાં જોઈને મીઠું હસ્યો, ને પછી કિનારીને ગમતી ડીવીડી ચાલુ કરી. હવે ઉદાસ થઈ ગયેલી કિનારી સોફા પર જરા આડી પડી. એને મનમાં થોડી શરમ આવતી હતી. કેવું કરતું હતું એનું મન, પણ એ કેમ આવું કરતું હતું એના કારણથી એનું મન અજાણ ન હતું.

શુજાતખાનના મદિર ગળામાં અમીર ખુસરોનું ગાન ચાલતું હતું. છાપ તિલક સબ છીની રે, મોસે નૈના મિલાય કે... આમ તો સુફી પ્રેમ ગીત, પણ પ્રેમ ગીત તો ખરુંને, કિનારીએ દિલ પર હાથ મૂક્યો. એના મૂડના અણધાર્યા ઉતાર-ચઢાવની પાછળ હતો બિજોન. ને તે ય આટલાં વર્ષે. કિનારી એને ભૂલી જ ગઈ હતી, એમ કહી શકાય. એની યાદની કનડગતને થંભી ગયે જાણે જમાનો વીતી ગયો. કેશવ સાથે અમેરિકામાં જીવન ઘણા સુખમાં ગયું હતું. વહાલસોયાં દીકરો-દીકરી, સારાં મિત્રો, મોટું ઘર, દૂરના પ્રવાસો. એ હસતી રહી હતી, કેશવ એની પર મુગ્ધ રહ્યો હતો.

ભૂતકાળની કોઈ યાદને માટે કોઈ કારણ જ ન હતું, પણ થોડા વખત પહેલાં મેનહેતનમાં ઇન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલના એક પ્રસંગે બિજોનને જોયો હતો. પહેલાં કરતાં સહેજ જાડો, વાળ થોડા ઓછા થયેલા, પણ હતો તો એ જ. બે ફેશનેબલ સ્ત્રીઓનું ધ્યાન એના પર ન્યોછાવર થયેલું હતું. એ અહીં



અમેરિકામાં ક્યાંથી? હવે અહીં રહેતો હશે? તો તો આવી બન્યું, કિનારીને ચિંતા થઈ આવી. બિજોન સાથે વાત કરવા તો એ નહોતી જ ગઈ, પણ એને મળવાનું ના થાય એવી રીતે એ લગભગ સંતાતી રહી હતી. કેશવને નવાઈ લાગેલી કે આફ્ટર-પાર્ટીમાં રોકાવાને બદલે એને જલદી નીકળી કેમ જવું હતું.

બિજોન કિનારીનો પહેલો પ્રેમ હતો. હાય, કદાચ આખરી પણ. એ પછી ક્યાં ફરી પ્રેમ થયો? હાય, એવો રોમાન્ટીક તો નહીં જ ને. કેશવ સાથે ઊંડો સ્નેહ-ભાવ ખરો, પણ તે સહ-સંસારને કારણે. બિજોનની સાથે તો હૃદયે પહેલવહેલી વાર પ્રેમના મારગ પર પગલાં પાડેલાં. બધું જ પહેલવહેલું વળી-એ નજરોનું મળવું, એ શરમાવું, એ હાથ પકડવું, એ હોઠે હોઠ સાથેનું ચુંબન, અને એક વાર...

હવે એ કેશવને આ વિશે કહી દેવા ઇચ્છતી હતી. કિનારીએ સોનેરી કિનાર, પાલવ અને બુટ્ટીઓવાળી કાળી સાડી પહેરી. કેશવે આંખોમાં એટલા પ્રશંસાના ભાવ સાથે એની સામે જોયું કે કિનારીના મન પરથી ફરીથી આગળનું બધું સરી ગયું.

કિનારી ઝબકી ગઈ, ગભરાઈ ગઈ. વર્ષો પહેલાંથી જ્યાં મજબૂત ડેમ બાંધ્યો હતો, તે અચાનક ભાંગી પડવા માંડ્યો? યાદો વહી આવવા માંડી? એ ઊભી થઈ ગઈ, પણ ખરેખર તો, જે એક વારની યાદ એને આવી તે વારે પણ એવું ખાસ કશું બન્યું ન હતું. આલિંગન થયું હતું, સમર્પણ નહોતું જ થયું. ને એથી બિજોનનો કેવો ગુસ્સો સહન કરવો પડ્યો હતો. ફક્ત ગુસ્સો જ નહીં, એના હાથનો પરચો પણ. આ યાદ બિજોનને જોતાં ફરી જીવતી થઈ આવી હતી, ને તેથી જ તો એના મનનો ગભરાટ.

હવે એ કેશવને આ વિશે કહી દેવા ઇચ્છતી હતી, પણ ત્યારે ને ત્યારે સમય હતો નહીં. સાંજે બંનેને એક પાર્ટીમાં જવાનું હતું. કિનારીએ સોનેરી કિનાર, પાલવ અને બુટ્ટીઓવાળી મણિપુરી હાથવણાટની કાળી સાડી પહેરી. કેશવે આંખોમાં એટલા પ્રશંસાના ભાવ સાથે એની સામે જોયું કે કિનારીના મન પરથી ફરીથી આગળનું બધું સરી ગયું. એના જીવનમાં આ એક જ સંબંધ આધારભૂત હતો, તે એ જાણતી હતી. વર્ષોથી જાણતી હતી.

ફરી બિજોન મળી જશે એવી કોઈ શક્યતા હતી નહીં. ગભરાઈ જવાનો કોઈ પ્રસંગ આવવાનો ન હતો, એમ માનીને એ નિશ્ચિત હતી. પાર્ટીમાં ઘણાં જણ આવી ગયાં હતાં, ને પીણાંના ટેબલ પાસે ઘણી ભીડ થઈ ગઈ હતી. કિનારી અને કેશવ ઓળખીતાં મિત્રોમાં સરસ અટવાઈ ગયાં. ના ઓળખતાં કે ઓછું ઓળખતાં હોય તેવાં કેટલાંયને મળવાનો વારો જ ના આવ્યો. વચમાં થોડો વખત બંને છૂટાં પણ પડી ગયાં. કેશવ બીજા પુરુષો સાથે હાથમાં ડ્રિન્ક લઈને ઊભો હતો, બંને દેશોના રાજકારણની ચર્ચા જોરશોરથી ચાલતી હતી. કિનારી જરૂર પ્રમાણે મદદ કરતી હતી - ક્યારેક રસોડામાં, ક્યારેક ગેસ્ટરૂમ તરફના કબાટમાંથી કશું કાઢી લાવવામાં. પાર્ટીમાંથી છેવટે બંને ઘેર જવા નીકળ્યાં ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું. ગાડીમાં બંને ચૂપ હતાં. બંનેએ વિચાર્યું કે એ થાકી હશે, એ થાક્યો હશે. છેવટે કિનારીથી ના રહેવાયું. એણે પૂછ્યું, "એ કોણ હતું?"

"કોણ કોણ હતું?", કેશવે સામે પૂછ્યું.

"અરે, પેલી બહુ દેખાવડી નહોતી એવી એ કોણ હતી? તું બહુ ઓળખતો હોય તેમ વાત કરતો હતો ને."

"ઓહ, એ? એ તો માલા હતી."

"સારું ભઈ, માલા. પણ એ હતી કોણ?"

કેશવે જરાક અટકીને કહ્યું, "કિની, આપણે નક્કી કર્યું છે ને કે પચીસમી લગ્નગાંઠે એકબીજાંને બધું કહી દઈશું? રાહ જોઈ લે ને ત્યાં સુધી?"

"મજાક કરે છે?", કિનારીએ તીખાશથી પૂછ્યું. "બીજાં ત્રણ વર્ષ રાહ જોવાની વાત કરે છે, તે મારી મશ્કરી કરી રહ્યો છે?"

"એવું નથી, કિની. પણ વાત પણ ખાસ કશી અગત્યની નથી રહી હવે. છતાં કહું. ટૂંકમાં. એ માલા સાથે મારું નક્કી થયું હતું."

"શું? એની સાથે તારા વિવાહ થયા હતા?"

"ના, વિવાહ નહીં. થોડી વાતચીત ચાલેલી કુટુંબો વચ્ચે, ને અમે બે-ત્રણ વાર મળેલાં."

"પછી શું થયું? આગળ કેમ ના ચાલ્યું?"

"મને ખબર નથી. મને તો એટલું જ કહેવામાં આવ્યું કે એણે બીજે વિવાહ કરી લીધા છે." હં, એટલે બિચારા તારે પછી મને પરણવું પડ્યું. મારાથી ચલાવવું પડ્યું. બિચારો કેશવ." ફરીથી કિનારીના મનમાં કટુતા ફેલાવા માંડી હતી.

"જો, કિની, ખરેખર તો માલા બિચારી કહેવાય. એ એના

હસબન્ડની વાત કરવા લાગેલી. બીજી સ્ત્રીઓ સાથે ફરે છે. એ તો ઠીક, પણ માલાને મારી પણ બેસે છે?''

વાત બદલતાં કેશવે કિનારીને પૂછ્યું, ''તું પેલાને ક્યાંથી ઓળખે?''

''કોણ પેલો?''

''અરે, જે બહુ દેખાવડી નથી તેનો સારો એવો દેખાવડો હસબન્ડ. તું બહુ ઓળખતી હોય તેમ વાત કરતી હતી ને.'' કેશવે કિનારીના જ શબ્દો વાપર્યા, એના જ સૂરમાં.

તો બિજોન એ માલાનો હસબન્ડ હતો? ને હજી એવો જ ક્રૂર હતો? તો તો માલા બિચારી ખરી જ. પાર્ટીમાં અચાનક એને જોઈને પહેલાં તો કિનારીને ગભરાટ થઈ આવેલો. એ સામસામે થઈ જશે તો? ને ત્યારે કિનારીને કશું સંભળાવવા માંડશે તો? અહીં બધાંની વચમાં ફિયાસ્કો તો નહીં થાય ને. કિનારીએ કાળજી તો લીધી જ, કે એ એકલી ના પડે, ને બિજોનની નજીક પણ ના હોય. વળી એને લાગ્યું કે બિજોને એને જોઈ જ નથી. એને હાશ થઈ કે આટલા બધા લોકોની વચમાં એ બિજોનની નજરે નહોતી પડી.

રસોડાની પાછળના ગેસ્ટરૂમ પાસેના કબાટમાંથી વધારે નેપકીન અને કાંટા-ચમચી કાઢી લાવવા કિનારીને જવું પડ્યું. એ નિશ્ચિત ભાવે એકલી ગઈ. સામેથી આવતી એક મહેમાન સ્ત્રી ગભરાયેલી કેમ લાગતી હશે, એવું સહજ વિચારતી એ આગળ ગઈ તો ગેસ્ટરૂમના બારણાની બહાર બિજોનને ઊભેલો જોયો. હવે તો એ પણ ગભરાઈ. પાછી ફરી જાય તે પહેલાં બિજોન એની પાસે આવ્યો. કિનારીએ જોયું કે એના હાથમાં દારૂ ભરેલો ગ્લાસ હતો, એની આંખો લાલ થયેલી હતી, જબાન થોથરાતી હતી. આશ્ચર્ય જેવું તો એ લાગ્યું કે બિજોન એની સામે જોતો હતો, પણ એની આંખોમાં ઓળખાણનો કોઈ ભાવ ન હતો. દારૂની અસર નીચે એ કોઈ જોર વગરના જાનવર જેવો બનેલો હતો.

કિનારી સહેલાઈથી ખસી ગઈ. બિજોનને ભીંતનો આધાર લેવો પડ્યો. એના હાથમાંનો દારૂ એના કપડાં પર ઢોળાઈ ગયો. તરત મોઢું બગાડીને એ કપડાં ખંખેરતો ગેસ્ટરૂમમાં જતો રહ્યો.

આવી હાલત થઈ ગઈ છે એની? કિનારી નવાઈ પામી. ફરીથી એને માલા માટે સહાનુભૂતિ થઈ. કેવો ઈત્તફાક હતો, એણે વિચાર્યું, કે એક સમયે અમારાં બેનું જીવન આ બે સાથે કંઈક અંશે સંકળાયું હતું, ને કેવી નિરાંત કે એને પોતાને ભાગે કેશવ આવ્યો હતો.

એકદમ ને અચાનક કિનારી નિશાત ગાર્ડનમાં હતી. સ્વચ્છ ને સુગંધી પવન એની આસપાસ ફરી વળ્યો હતો. એના આનંદનો પાર ન હતો. એણે ઊંડો શ્વાસ મનમાં ભરીને આંખો બંધ કરી. જોયું તો એ પોતે હારબદ્ધ ફુવારાની વચ્ચેના પથ પર નાચી રહી હતી, ગાઈ રહી હતી – કોઈ કહે દે ગુલશન ગુલશન, લાખ બહારેં એક નશેમન.

હવે ગાડીમાં એ પોતાના એકના એક ને વહાલામાં વહાલા ઘર તરફ જઈ રહી ત્યારે એનો એકનો એક પ્રેમી એને પૂછી રહ્યો હતો, ''તું ઓળખતી હતી એને?''

મુક્ત થઈ ગયેલી કિનારીએ પણ વાત સાવ બદલી. કહે, ''અરે, જોવા તો દે મોબાઈલ પર કોનો મેસેજ છે?'' પછી વાંચીને એણે સાચી લાગણીપૂર્વક કેશવને કહ્યું, ''જો, બહુ સારા ખબર છે. સુહાસિનીનો મેસેજ છે. એ કહે છે કે ડેવિડ હોસ્પિટલમાંથી ઘેર આવી ગયો છે. ધાર્યું હતું તેટલું ખરાબ સ્ટેજ નથી એના કેન્સરનું. ધીરે ધીરે એને સુધરતું જશે, એમ ડોક્ટરો માને છે. કાલે આપણે મળવા જઈશું, હોં.''

કેશવે પણ નિરાંત અનુભવી, સુહાસિનીએ વિગતે આપણને જણાવ્યું તે સારું થયું, પણ એણે કિનારીને છોડી નહીં. જરા વારમાં, ફરી એણે કિનારીને પૂછ્યું, ''પણ પેલો હતો કોણ એ તો કહે.'' ''અરે, કહું છું. પણ તું કમાલ છે. એ બે જ મિનિટમાં તું મને જોઈ પણ ગયો?''

પછી કિનારીએ બેફિકરી રીતે કહ્યું, ''અરે, કોઈ દારૂડિયો હતો. મારા પર લાઇન મારવા જતો હતો.'' ''ઓહો, એમ કે? તો તો વાંધો નથી.''

''નહીં કે?'', કિનારીએ એને ચિડાવ્યો.

કેશવ શાંતિથી બોલ્યો, ''એટલે કે તને કોઈમાં રસ હોય તો જ મારે ચિંતા કરવાની. બાકી તારા પર લાઇન મારવાની મહેનત તો ઘણાયે કરતા હશે, કિની, પણ એ બુધ્ધુઓને ક્યાં ખબર છે કે તું તો ક્યારનીયે મારી જાળમાં ઝૂલે છે.''

કિનારીનો હાથ પકડી લઈને એ આગળ બોલ્યો, ''ને ક્યારેય તને હું છટકવા દેવાનો નથી.'' ગાડીમાં પ્રસરી ગયેલી કાશ્મીરી હવા કિનારીના હાસ્યથી રણકી ઊઠી હતી. **મ**

રસોડાની પાછળના ગેસ્ટરૂમ પાસેના કબાટમાંથી વધારે નેપકીન અને કાંટા-ચમચી કાઢી લાવવા કિનારીને જવું પડ્યું. એ નિશ્ચિત ભાવે એકલી ગઈ. એવું સહજ વિચારતી એ આગળ ગઈ તો ગેસ્ટરૂમના બારણાની બહાર બિજોનને ઊભેલો જોયો.

## પ્રજ્ઞા પટેલ

# અધૂરી જિંદગી



*બાળવયથી જ સાહિત્યમાં રુચિ. અત્યાર સુધીમાં પરિષદ તેમ જ અકાદમી દ્વારા પુરસ્કૃત કૃતિઓ સહિત કુલ ૯ પુસ્તકો પ્રગટ થયાં છે. લગભગ ૪૦ જેટલી વાર્તાઓ વિધવિધ સામયિકોમાં પ્રગટ થઈ છે. લેખન, વાંચન, પ્રવાસ, ટ્રેકિંગ, ફોટોગ્રાફીમાં રસ છે. હાલ ગુજરાત સરકારના માહિતી ખાતામાં નાયબ માહિતી નિયામકની ફરજ બજાવે છે.*

**પ્રજ્ઞા એ. પટેલ**
**આત્મન્, પ્લોટ નં ૧૬૦**
**સેક્ટર-૨ ડી,**
**ગાંધીનગર ૩૮૨૦૦૨**
**મો. ૯૮૨૫૪ ૩૮૩૯૪**
**ફો. ૨૩૨ ૨૮૮ ૩૩**

મગજની નસો ફાટફાટ થતી હોય એવું લાગ્યું. છેલ્લા અઠવાડિયાથી શ્રેયાની આ દશા છે. શરીર ને મન થાકી જાય એ હદે કામ પહોંચે છે, ખેંચવું પડે છે. આમ તો સરકારી નોકરી, લોકો તો કહે જલસા જ હોય નોકરિયાતોને... પણ દમ નીકળી જાય છે. રાતે તો થાકેલું શરીર ઘેર આવીને પથારીમાં પડે ત્યારે ઢગલો વેરાઈ જાય એમ... વેરાઈ જાય છે.

બે હાથ માથે રાખીને એ બેસી રહી. બંને હાથની આંગળીઓ કપાળે, આંખો પર પસારી, દાબી. પણ એમ તો કંઈ દર્દ મટી જતું હશે? પોતાના જ શરીર સાથે શું થઈ રહ્યું છે સમજાતું નથી. એટલો ખ્યાલ આવે છે કે માથામાં ધીમા ધીમા હથોડા ઝીંકાઈ રહ્યા હોય, સતત ઝમઝમ થયા કરતું હોય એવું થાય છે. બોલવું નથી ગમતું, ઝાઝું સાંભળવું નથી ગમતું, ઉત્સાહથી કંઈ કરવું પણ નથી ગમતું, તો ય સતત ફરજના ભાગરૂપે આવતાં કામ તો કરવાં જ પડે છે.

'મનીષભાઈ, આજે આ બિલો તો દાખલ કરવાં જ પડશે...'

'મિ.પરીખ, ગમે તે સંજોગોમાં આજે ઝેરોક્ષ મશીન રિપેર થઈ જાય એવું કરજો.'

'દામિનીબહેન, આ પેન્ડિંગ કાગળના જવાબ જરા જલદી થાય એનું ધ્યાન રાખજો.'

મિ.ઝાલા, ઑફિસમાં સાફસફાઈ બરાબર થતી નથી. આપણાં ઘર આવાં ગંદાં રાખીએ છીએ? જ્યાં ત્યાં કાગળના ટુકડા ઊડતા હોય-પડ્યા હોય, ફાઈલોના ઢગલા જેમ-તેમ પડ્યા હોય... આવું કઈ રીતે તમને બધાને ગમે છે?

રોજેરોજનાં નવાં નવાં કામ, નવા પડકાર... એકની એક સૂચનાનું વારંવાર પુનરાવર્તન. જવાબમાં મળતાં એ જ બહાનાં... જુદી જુદી દલીલો, બચાવનામાં...

શ્રેયાની ભાવના એવી કે ઑફિસમાં એક પરિવારની આત્મીયતા હોય, બધા પોતાની સ્વશિસ્ત, સ્વજવાબદારીથી કાર્યરત્ બને. મૂળ તો ટેવો સુધરે, વર્તણૂક-વિચારધારા જ બદલાય. પણ થાકી જવાય છે, ક્યારેક નાહિંમત થઈ જવાય છે, બધાને સાથે રાખતાં, બધાને સમજાવતાં.

ઘેર પણ જોવા જ અડીખમ મોરચા ઊભા હોય.

'મમ્મી, મારે સ્કૂલની ફી ભરવાની છે... મમ્મી મારું લેસન બાકી છે, મમ્મી આ દાખલા તું જ શીખવાડને...'

''મમ્મી, મારી સાઈકલમાં રોજ પંક્ચર પડે છે. મારે સ્કૂલે જવાનું મોડું થાય છે ને ટીચર રોજ લડે છે... હવે આ જૂની સાઈકલ હું નહીં ચલાવું...'

આકૃતિ-સ્મિતની પણ કોઈને કોઈ માગણીઓ, ફરિયાદો, અપેક્ષાઓ હોય જ.

'શ્રેયા, મારી બી.પી.ની દવા થઈ રહી છે, આજે જરા યાદ રાખીને...'

'નોકરી તો બધા કરે, તારા જેવી નહીં... ઘર પણ સંભાળવું પડે... તું તો ઘર

તરફ ધ્યાન જ નથી આપતી… હવે મારીયે ઉંમર થઈ… શાક-દળણાં મારાથી નથી થતાં. કરિયાણું પણ હવે તો તું લાવતી નથી.'

સાસુમા તો સહજ ભાવે ઠપકાનાં વેણ સંભળાવતાં જ હોય. વહેલી સવારથી એ કામે વળગી જાય. ચા-નાસ્તો કરવા, કચરા-પોતાં, કપડાં, છોકરાંઓને લેસન, લંચબૉક્સ ભરવા, રસોઈ કરવી. મશીનની જેમ શરીર કામ કરતું રહે… મશીનને પણ થાકવાનો, બગડવાનો અધિકાર પણ…

ફોન બિલ, લાઈટ બિલ, ગૅસ સિલિન્ડર નોંધાવવું, છોકરાંઓની ફી ભરવી, ચેનલવાળાના અઢીસો રૂપિયા, વીમાના રૂપિયા, કરિયાણું, પેટ્રોલનો ખર્ચો અને મકાનની લોનના હપતા, ક્રેડિટ સોસાયટીની લોનના હપતા… દવા-ડૉક્ટરના ખર્ચા… પગાર તો હાથમાં આવ્યો આવ્યો ને તરત પૂરો થઈ જાય. મોંઘવારી કેટલી ? વચ્ચે વાસણ માંજવા બાઈ રાખેલી, ત્રણ મહિના માંડ થયા હશે ને કામ છોડાવી દેવું પડેલું.

'એ તો વહેલા ઊઠીને કામ પરવારવું પડે. આપણને આવી શેઠાઈ ન પોસાય… વાસણ રોજ એંઠાં રહે છે. બરાબર ધોતી-ઊટકતી નથી. હૈયું બાળવા કરતાં હાથ બાળવા શું ખોટા ? તારાથી ન થતું હોય તો હું કરીશ…' સાસુમાની કચકચ… શ્રેયાએ વળી હાશ અનુભવવાની હોય? ઘરનાં કામ તો કરવાં જ પડે ને! ચાર દિવસ સાસુમાએ વાસણ કર્યાં ને પાંચમા દિવસથી, 'મારીયે ઉંમર થઈ, આ ઠોબરાં મારાથી નથી થતાં… બહુ બહુ તો હું વાસણ લૂછી દઉં ખરી, ગોઠવી દઉં…' અને શ્રેયાએ સવાર-સાંજ પાછી એ જ ઉપાધિ માથે ચડાવવી પડી.

આમ તો એ થાકે એવી નથી, શરીર શ્રમ કરવા ટેવાયેલી છે. પણ એકસાથે બધાં કામ, બધી જવાબદારીઓ નથી સંભાળી શકાતાં. સમય પણ જોઈએ ને ! ક્યારેક છોકરાંઓને ભણાવવા બેસે તો રાત્રે વાસણ કરતાં અગિયાર વાગી જાય. એમાં પાછા કોઈ મહેમાન આવી જાય, સાસુમાની ભજન મંડળની બહેનો આવે, ચા-પાણીથી ઓછું જવાય ? કરવું જ પડે, ઘર લઈને બેઠાં છીએ…

શ્રેયાને ઘણી વાર રાકેશ યાદ આવી જાય છે. એ હોત તો ? સસરાનું હાર્ટ એટેકથી મૃત્યુ થયું, ધંધામાં થયેલું દેવું રાકેશના માથે વારસામાં આવ્યું. રકમ પણ નાની નહીં, પૂરા આઠ લાખનું દેવું. લેણિયાતોની ઉઘરાણીઓ, ઘરના ચક્કર… રાકેશ ખાનગી કંપનીમાં પણ પાર્ટ ટાઈમ જતો, સરકારી નોકરી ઉપરાંત સવારના સાત વાગ્યે ટિફિન લઈને નીકળી જતો, રાત પડે વહેલી.

જ્યાંથી જે કામ મળે તે લઈ લેતો. એકાઉન્ટનો



માણસ, કોમ્પ્યુટર પણ આવડે, બે નોકરી ઉપરાંત રાત્રે ઘેર હિસાબના ચોપડા લખે. સતત એક જ લક્ષ્ય-ધૂન, દેવું ઝટ ભરપાઈ થાય, જે પણ રીતે થાય... રૂપિયા રળવા... બે વરસ રાકેશે કાળી મજૂરી કરી, અડધું દેવું ભરપાઈ થઈ ગયું. જ્યાંથી જે મળી તે લોનો લીધી. લેણિયાતોને ભરોસો આવ્યો, તમારા રૂપિયા વ્યાજ સમેત પાછા મળી જશે અને એક રાતે ઝોકાં ખાતી આંખે એ હિસાબના ચોપડામાં લાખો રૂપિયાના આંકડા ટપકાવી રહ્યો હતો... બંને બાળકો લેસન કરીને સૂઈ ગયેલાં, શ્રેયા હિસાબનાં બિલો ફાઈલ કરતી હતી.

'મને કંઈક થાય છે... આ ચોપડો આજે પૂરો નહીં થાય.. પણ કાલે તો આપી દેવાનું છે આ કામ...'

શ્રેયાએ ગરમ કૉફી પીવડાવી. બામ ઘસી દીધો.

'મારાથી નથી રહેવાતું, કંઈક થાય છે...'

'ડૉક્ટરને ઘેર બોલાવી દઈએ, હું ફોન કરું...'

'ના, આપણે દવાખાને જ જઈએ. બાજુવાળાને બોલાવ્યા, એમની ગાડીમાં રાકેશ-શ્રેયા ગોઠવાયાં.. અંધારાને ચીરતી ગાડી દવાખાને પહોંચી, ડૉક્ટરે રાકેશને તપાસ્યો...'

'તમે થોડા મોડા પહોંચ્યા...'

રાકેશ... એ દિવસથી શ્રેયા એની પોતાની જિંદગી, રાકેશની જિંદગી અને સસરાની જિંદગી - ત્રણ જિંદગી એક સાથે જીવી રહી છે.

રાકેશની જગ્યાએ એને નોકરી મળી છે. શરૂમાં તો એના માટે આ એક જુદી જ દુનિયાનો અનુભવ હતો પણ પછી ધીરે ધીરે નોકરીના વાતાવરણથી ટેવાતી ગઈ. શ્રેયા એમ. એ. પાસ છે. એની ઇચ્છા તો પ્રોફેસર બનવાની હતી, પણ પછી 'જ્ઞાતિનો મુરતિયો, સારો વર ન મળે તો...' મમ્મી-પપ્પાના આગ્રહને વશ થઈ રાકેશ સાથે ઘરસંસાર માંડ્યો હતો. જિંદગી ક્યાંથી ક્યાં લઈ જાય છે ? શ્રેયા ઘણી વખત વિચારે ચડી જાય છે. સતત કામના ભારણ સાથેની વ્યસ્ત જિંદગીમાં પોતાના વિશે, પોતાના રસ-રુચિ-સ્વપ્ન, ભાવ-અભાવ, પસંદગીઓ વિશે વિચારવાનો પણ ક્યાં અવકાશ રહે છે? તોય ક્યારેક વિચારે તો ચડી જવાય છે, પણ તરત પછી એ જ કામના ઢગલા... થાકેલું મન-શરીર...

ક્યારેક એને થાય, આકૃતિ-સ્મિતના ખોળે માથું મૂકી સૂઈ જાય, થાક ઉતારે. એમની સાથે, એમની કાલી-ઘેલી ભાષામાં બધી ઝંઝાળ ભૂલી જાય... અવ્યક્તપણે પોતાનાં દુઃખ ને સુખ વહેંચે... પણ જેવી એ પલંગ પર બેસે કે બેય એને ઘેરી વળે... લાડ કરે-કરાવે... માના ખોળામાં માથું મૂકી સૂઈ જવા ઝઘડે... એ થોડી મિનિટોનું તોફાન... શ્રેયાને થાય, ક્યાં છે થાક ? શેનો છે થાક ? એમના ભોળા-માસૂમ ચહેરા જુએ ને પોતાનામાં ચેતનાનો સંચાર અનુભવે. આકૃતિ-સ્મિત તો એમની પોતાની જ જિંદગી જીવશે. સરસ રીતે જીવશે. એમના માથે બીજી કોઈની અધૂરી જિંદગી જીવવાનું નહીં આવે... હા, હું એમ નહીં બનવા દઉં.

અમીષા... બાળપણની મિત્ર. શ્રેયાની શ્રદ્ધાનું - હાશનું કેન્દ્ર. એને મળવા જાય ત્યારે બેય જણ અલકમલકની, સુખ-દુઃખની વાતો કરે, સારું લાગે. અમીષા એની બધી વાતથી વાકેફ હોય, બનતી મદદ કરવા પણ તત્પર હોય, પરંતુ શ્રેયાની એવી જરૂર ભાગ્યે જ પડે. જરૂર એક જ, સધિયારાની, પોતાપણાની, લાગણીઓ વહેંચવાની. અમીષા મહિને-બે મહિને નાના પ્રવાસનું આયોજન કરી જ દે, અમીષાની દીકરી ને આકૃતિ-સ્મિત, શ્રેયા.... ફરવા ઊપડી જાય. ક્યારેક સાસુમા પણ સાથે હોય. અમીષાના એ તો ધંધામાંથી ઊંચા જ ન આવે.

'બહેન, ઘેર નથી જવાનું ? તમારી કેબિનની બારીઓ બંધ કરું?' પટાવાળો જયંતી પૂછી રહ્યો છે, એ ચોંકી.

'હા, હા...' ટેબલ પરના કાગળ-ફાઈલો ઝટપટ સંકેલ્યા અને ઘર તરફ નીકળી.

આજે તો અમિષાને મળીને જ જવું છે. છેલ્લા બે મહિનાથી એને મળાયું નથી... માથામાં ઝમઝમ થાય છે... ઝાટકા વાગે છે... ડૉક્ટર પાસે... ના, નથી જવું. અમીષાને કહીશ, 'સરસ ચા બનાવી દે.... મને માથે જરા બામ ઘસી આપ...' આ વિચારથી એને સારું લાગ્યું.

અમીષાના ઘર પાસે સ્કૂટી પાર્ક કર્યું. પરિચિત ઘરમાં પરિચિત ચહેરો શોધવા માંડી. 'અમીષા... ક્યાં છે ?'

'અરે તું ? ક્યાં ખોવાઈ ગઈ હતી ? કેટલા દિવસે ? આવ બેસ... બોલ શું ચાલે છે ? મારે તો આજે ઘેર મહેમાન જમવા આવવાના છે, એના બિઝનેસ ફ્રેન્ડ્સ... સવારથી તૈયારી કરી રહી છું. પણ તું બેસ તો ખરી...'

'ના, મારે પણ મોડું થાય છે, આ તો...'

'કંઈ ખાસ કામ હતું ? બોલને... આમ કેમ મૂંઝાયેલી છે ?'

''ના રે, આ તો ઑફિસમાં કામ વધુ હતું એટલે... એવું કંઈ નથી. તું તૈયારી કર, હું નીકળું, પછી મળીશું...' અમીષા રોકે એ પહેલાં એ નીકળી ગઈ.

હજુય માથામાં એવું જ ઝમઝમ થાય છે... મટી જશે. એવું જાતે જ કહ્યું. સ્કૂટી સ્ટાર્ટ કર્યું ને ક્યારે ઘર આવ્યું તેનો પણ ખ્યાલ ન રહ્યો. ઘરમાં પ્રવેશી કે તરત આકૃતિ-સ્મિત ઘેરી વળ્યાં...

'મમ્મી, બહુ ભૂખ લાગી છે... મમ્મી... મમ્મી...'

અને તરત એ રસોડામાં કામે વળગી ગઈ. **મ**



"હાલ નિવૃત્ત આર એન્ડ ડી એનાલિસ્ટ. ૧૯૭૫માં પહેલી નવલિકા પ્રગટ થઈ. ૧૯૭૦માં અમેરિકા આવ્યો. ડોલરના સરવાળા બાદબાકીના સમતોલમાં ગુજરાતી વાંચવા લખવાનો અવકાશ જ ન રહ્યો. લગભગ આડત્રીસ વર્ષના લાંબા વિરામ પછી ૨૦૦૮માં નિવૃત્તિની પ્રવૃત્તિ તરીકે ફરી નવોદિત તરીકે વાર્તાઓ લખવાનું શરૂ કર્યું. અમેરિકાના સામયિકોમાં નિયમિત વાર્તામાં પ્રગટ થાય છે. નવલકથા 'શ્વેતા' ૨૦૧૧માં પ્રકાશિત થઈ છે."

**1+732 804 8045**
**shastripravinkant@yahoo.com**

## પ્રવીણ શાસ્ત્રી

# લકી ગ્રે સૂટ

વરસોવા રોડ, અંધેરી વેસ્ટમાં આવેલા દિનકરરાય દેસાઈના વિશાળ બંગલાના દીવાનખાનામાં ચાર વ્યક્તિ નિઃશબ્દ બેઠી હતી.

ચાળીસીમાં પ્રવેશેલા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દિનકરરાય, ટાઈમ્સ ઓફ ઈન્ડિયાનાં પાનાં ફેરવતા રિકલાઈનર પર બેઠા હતા. બાકીના ત્રણ ક્યારે બોમ્બ ફાટશે તેની રાહ જોતા હતા. બાજુના સોફા પર એમનાં પત્ની સરલાબેન કે જેને રમેશ 'ભાભીસાહેબ' કહેતો, તે બેઠાં હતા. સામેની ખુરસી પર ગ્રે સ્સૂટ પહેરીને, ગભરાયેલો, ભયથી થરથરતો રમેશ રડમસ ચહેરે બેઠો હતો. ગળામાં વણબંધાયેલી ટાઈ હતી. આમ તો એ કદીયે ભાઈસાહેબની સામે બેઠો નહોતો, પણ આજે ભાઈસાહેબે જ કહ્યું હતું, ''નાલાયક, મારી સામે બેસ. નીચે નહિ. ખુરસી પર.'' કામ કરવા આવતી ઓગણીસ-વીસ વર્ષની શોભના દાદરના પગથિયા પર બેઠી હતી.

રમેશે ગુનો તો કર્યો જ હતો. ભાઈસાહેબની ગેરહાજરીમાં એણે એમનો લકી ગ્રે સ્સૂટ પહેર્યો હતો. શું શિક્ષા થશે? ગામ પાછા જવું પડશે? માર ખાવો પડશે? એને ભાઈસાહેબના ક્રોધી સ્વભાવનો અનુભવ થઈ ચૂક્યો હતો. એક દિવસ શાહરૂખની અદામાં સિગરેટ પીવાની ટ્રાય કરતાં પકડાઈ ગયો હતો અને ભાઈસાહેબે એક ચમચમતી થપ્પડ લગાવી દીધી હતી.

સાહેબ તો કાલે ગામથી આવવાના હતા. એકદમ આજે આવી ગયા અને તેમના પહેરેલા સ્યૂટ સાથે ઝડપાઈ ગયો.

દિનકરરાય દેસાઈ મુંબઈના જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટટન્ટ હતા. બંગલાના એક ભાગમાં જ એ ની ઓફિસ હતી. મોટે ભાગે તેઓ મોડી રાત સુધી તેમાં કામ કરતા. દિનકરરાય મૂળ તો અમલસાડ પાસેના કછોલી ગામના. એમના પિતા ગુલાબકાકા સ્થિતિસંપન્ન જમીનદાર. ચીકુ અને આંબાવાડીઓ. શેરડીના ઊભા પાકનો સુગર ફેક્ટરી સાથેનો કોન્ટ્રાક્ટ.

ઉમ્મરવાન છતાં તન્દુરસ્ત માતાપિતાને મળવા દિનકરરાય અને સરલાબેન દર પંદર દિવસે કછોલી જતાં.

રમેશના બાપા કાનજીભાઈ, ગુલાબકાકાના ઘર-ખેતરનું વર્ષોથી કામ કરતા. નોકર હોવા છતાં કુટુંબની વ્યક્તિ જેવું માન-સ્થાન પામ્યા હતા. મોટી ઉમ્મરે થયેલો રમેશ બધાનો લાડકો હતો. લાડથી થોડો છકેલો પણ ખરો. રૂપાળા રમેશને સ્કૂલના છોકરાઓએ ચડાવી માર્યો. ''અરે યાર તુ, તો બિલકુલ શાહરૂખ્ખાન દિખ્તા હૈ. વો એસ.આર. કે. ઔર તુ આર. કે. અસ્સલ હિરો હૈ હિરો'' બસ, ભૂત ભરાયું. વાતવાતમાં રમેશ શાહરૂખની કોપી કરવા માંડ્યો. દસમા ધોરણમાં ત્રણ વાર નાપાસ થયો.

ગુલાબકાકાએ કહ્યું, ''દીનુ, આ રમલાને મુંબઈ લઈ જા ને ઠેકાણે પાડ. અહીં

તો ઢોર ચરાવવાના કામમાં પણ આવે એવો નથી. કાનજીનું ઘડપણ રોળવશે.''


બસ, રમેશ મુંબઈ આવી ગયો.

દિનકરરાયને એ ભાઈસાહેબ અને સરલાબેનને ભાભીસાહેબ કહેતો. ભાભીસાહેબને બે મિસકેરેજ પછી ઘણાં વર્ષે સારા દિવસો જતા હતા. ભાભીસાહેબનું દોડીદોડીને કામ કરતો રમેશ એમનો લાડકો થઈ ગયો હતો. રમેશને એક્ટર થવું હતું. ભાભીસાહેબને મસકા માર્યા કરતો હતો. છેવટે ભાભીસાહેબ પીગળ્યાં. એમને થયું, આમ તો શાહરૂખ પણ નવો હતો ત્યારે વાંદરા જેવો જ દેખાતો હતો ને. આજે એ મોટો સ્ટાર થઈ ગયો. કદાચ રમલાનું પણ ભાગ્ય બદલાઈ જાય. તક જોઈને ભાભીસાહેબે સિફારસ કરી. ભાઈસાહેબ સારા મૂડમાં હતા. હસતાં હસતાં ટકોર કરી, વાંદરાને દારૂ પાઈને નિસરણી આપવા જેવું છે. છતાંયે દિનકરરાયે આસિસ્ટન્ટ ડાયરેક્ટર ફારૂખભાઈ પર ચિઠ્ઠી લખી આપી.

રમેશ ચિઠ્ઠી લઈને સ્ટુડિયો પર પહોંચ્યો. જોયું તો એના જેવા સવાસો - દોઢસો છોકરા - છોકરીઓ કંપાઉન્ડમાં આંટા મારતાં હતાં. એક્ટર બનવા આવેલાઓ એક્સ્ટ્રાનું કામ શોધતા હતા. એમાંના કેટલાક અસ્સલ હીરો જેવા લાગતા. ડુપ્લિકેટ હતા. અરે, શાહરૂખખાન જેવા પણ ત્રણ-ચાર અટવાયા કરતા હતા. કોઈકે રમેશનું નામ, સરનામું, ઉમ્મર, ઊંચાઈ અને વજન લખ્યાં. એક-બે ફોટા પાડ્યા. ફોર્મ પર સહી કરાવી. એક્સ્ટ્રા યુનિયનની મેમ્બરશિપના પાંચસો રૂપિયા માંગ્યા.

''અત્યારે તો નથી, કાલે આપી જઈશ.''

આમ, પહેલી શિફ્ટ તો પૂરી થઈ. થોડા ચાલ્યા ગયા. થોડા નવા આવ્યા. કોઈક આવીને ચાર-પાંચને શૂટિંગ એરિયામાં લઈ જતો. બીજા રાહ જોતા. ત્રીજી શિફ્ટ શરૂ થઈ. શાહરૂખ ચાહિયે. નંબર નાઈન અંદર આઓ. શાહરૂખના જેવો જ ડુપ્લિકેટ અંદર ગયો. થોડી વાર પછી બીજો આસિસ્ટન્ટ આવ્યો. વીસ જણાને સિલેક્ટ કર્યા. રમેશનો પણ પત્તો લાગ્યો. ડુપ્લિકેટ શાહરૂખ પાછળ ટોળાએ લાકડી-પથ્થર લઈને જરા દોડવાનું હતું. છ ટેઈક પછી શોટ ઓકે થયો. ટોળામાંના એક્સ્ટ્રાને સાંઠ સાંઠ રૂપિયા આપ્યા. રમેશને કહ્યું, કાલે યુનિયનની ફી ભરશે પછી તને મળશે. રમેશ ખાલી હાથે થાકેલો ઘેર પહોંચ્યો અને એક્ટર થવાનો વિચાર મગજમાંથી



ખંખેરી નાખ્યો.

રમેશે વગર કહ્યે ઘરનું કામકાજ ઉપાડી લીધું. ભાભીસાહેબ ઊઠે તે પહેલાં બ્રેકફાસ્ટ તૈયાર કરી દેતો. ટેબલ પર ન્યૂઝ પેપર, ચશ્માં ગોઠવી દેતો. સાહેબના બુટ પૉલિશ થઈ જતા. ઓફિસમાં મીસ કુલકર્ણી આવે તે પહેલાં ઓફિસમાં બધું વ્યવસ્થિત થઈ જતું. સવારે દસ વાગ્યે શોભના આવતી. તે સીટી વગાડતો એની આગળ-પાછળ ફરીને વગર જરૂરે પણ શોભનાને ઘરકામમાં મદદ કરતો. આ ઈલ્લુ ઈલ્લુ ભાભીસાહેબના ધ્યાન બહાર નહોતું.

> સરલાબેનને અસુખ લાગતાં દિનકરરાય રવિવારને બદલે શનિવારે સાંજે આવી ગયા. સરલાબેન નીચે સોફા પર બેઠાં. દિનકરરાય બેડરૂમમાં કપડાં બદલવા જતા હતા ત્યાં દાદર પર તેમના પગ અટકી ગયા. બારણાંની આડશમાંથી બધું સ્પષ્ટ દેખાતું હતું.

રમેશે બે-ત્રણ વાર દિનકરરાયને કહ્યું હતું, “ભાઈસાહેબ, મને કોઈ જગ્યાએ નોકરી અપાવોને!”

જવાબ મળતો, ‘જોઈશું.’ રમેશને ખબર ન હતી કે એના નામ પર દર મહિને ચાર હજાર જમા થઈ જતા હતા.

દર પંદર દિવસે દિનકરરાય અને સરલાબેન કછોલી જતા. રમેશ પણ સાથે જતો. કોઈક વાર દિનકરરાય એને ડ્રાઈવ કરવા દેતા.

આ વખતે રમેશે ગામ જવાની ના પાડી. “તમે જાવ. મારે આખું ઘર સાફ કરવાનું છે. શોભનાને પણ બોલાવી છે. તમારા રૂમમાં કબાટ ખસેડીને પારણા માટે જગ્યા કરવાની છે.”

“ભલે, અમે રવિવારે સાંજે પાછા આવીશું.”

ખરેખર તો રવિવારે દિનકરરાયની બર્થ ડે હતી. રમેશને નીચેનું દીવાનખાનું શણગારવું હતું. રવિવારે સવારે ફુગ્ગા-રિબન લગાવવાનાં હતાં. રવિવારે મીસ કુલકર્ણી કંઈક લાવવાની હતી. બધું સરપ્રાઈઝ હતું.

સરલાબેનના જીવને અસુખ લાગતાં દિનકરરાય રવિવારને બદલે શનિવારે સાંજે જ આવી ગયા. સરલાબેન નીચે સોફા પર બેઠાં. દિનકરરાય ઉપર બેડરૂમમાં કપડાં બદલવા જતા હતા ત્યાં દાદર પર જ તેમના પગ અટકી ગયા. બારણાંની આડસમાંથી બધું સ્પષ્ટ દેખાતું હતું.

“આ કબાટ ભારે છે. બધાં કપડાં પલંગ પર કાઢ. પછી ગોઠવી દઈશું.”

કબાટ ખૂણામાં ગોઠવાઈ ગયો.

“હવે બાબાનું પારણું અહીં આવી જશે.”

“તને કેવી રીતે ખબર પડી કે બાબો જ આવશે?” શોભનાએ પૂછ્યું.

“આ તો મારી બા કહેતી હતી કે બધ્ધાં લખ્ખણ બાબો આવે એવાં જ છે. બાએ તો બાધા માની છે કે આ વખતે સાજુંસમું કંઈ પણ આવે, એટલે ગંગેશ્વરમાં લઘુરૂદ્ર કરાવવાની છે. તું કોઈને કહેતી નહીં. મેં પણ બાધા માની છે. જો બાબો આવશે તો હું અહીંથી અમિતાભની જેમ ચાલતો સિદ્ધિવિનાયકનાં દર્શન કરવા જઈશ. શોભના! તું મારી સાથે આવશે?”

“મેરે શાહરૂખ કે સાથ કંહીભી જાઉંગી.”

પલંગ પરનાં કપડાં ફરીથી વોર્ડરોબમાં ગોઠવાતાં હતાં.

“આ ગ્રે સ્યૂટ તો સાહેબને આવતોયે નથી, પણ એને એઓ લકી માને છે. સીએની ડિગ્રી મળી ત્યારે પહેરેલો. ભાભીને જોવા ગયેલા ત્યારે પહેરેલો. એમની ઓફિસ શરૂ કરેલી ત્યારે પહેરેલો. હવે સાહેબની ફાંદ વધી છે એટલે પછી ક્યાંથી આવે!”

“તને ફીટ થાય એવો છે.”

“હું પહેરી જોઉં?”

“ટ્રાય કરી જોને. પાછો હેંગર પર લટકાવી દેજે.”

રમેશે સૂટ પહેર્યો. બરાબર ફીટ થઈ ગયો.

“અરે! વાહ મેરે હિરો... તેરે સામને રીયલ શાહરૂખ કા ભી કુછ ક્લાસ નહીં.”

રમેશે શોભનાને ખેંચીને કિસ કરી લીધી. દિનકરરાય જોતા રહ્યા, વિચારતા રહ્યા. “માય લકી ગ્રે સ્યૂટ!”

“હવે છોડ મને.” શોભના અળગી થઈ.

“શોભુ! આ ટાઈ કેવી છે?”

“સરસ મેચ થાય છે.”

“મને ટાઈ પહેરતાં નથી આવડતું. જરા બાંધી દેને. ઘણી વખત ભાભીસાહેબ જ સાહેબને ટાઈ બાંધી આપે છે.”

“મનેયે ક્યાં આવડે છે!”

ટાઈ વગર બંધાયે, ગળામાં લટકી રહી.

“ચાલ શોભના, જરા જલદી કામ પતાવી દઈએ. લારી પરથી ભાઈસાહેબને માટે ગીફ્ટમાં આપવા માટે ટાઈ લાવવી છે. તારે આવવું પડશે. પંચોતરની છે. સાંઠ સુધી આવ્યો છે. મારી પાસે પચાસ જ છે. જરા ખટપટ કરીને,

નખરાં કરીને ઓછું કરાવી જોને. લારી સુધી સ્સૂટ પહેરીને જ જરા વટ મારી લઉં.''

દિનકરરાય નીચે ઊતરી આવ્યા.

''કેમ કપડાં ન બદલ્યાં ? આટલો વખત શું કરતા હતા ?'' સરલાબેને પૂછ્યું.

''તારા રમલાનાં પરાક્રમો જોતો હતો. બદમાસે મારો લકી ગ્રે સ્સૂટ પહેર્યો છે. મારી પર્સનલ વસ્તુ પૂછ્યા વગર લીધી જ કેમ! એનો કેવી રીતે વિશ્વાસ થાય?''

''તમે જાડા થઈ ગયા છો. વીસ વર્ષ પહેલાંનો સ્સૂટ તમને આવતો પણ નથી. રમેશ ભોળીયો છે, પણ હાથનો ચોખ્ખો છે. યાદ છે? મારો ડાયમંડનો સેટ ટેબલ પર રહી ગયો હતો અને સેઈફની ચાવી પણ બહાર પડી હતી. એણે સેટ સેઈફમાં મૂકી, સેઈફ બંધ કરી, ચાવી મુઠ્ઠીમાં પકડી, રાત્રે બે વાગ્યા સુધી આપણી રાહ જોતો બેસી રહ્યો હતો. આવ્યા ત્યારે જાણે તમારો એ બાપ હોય તેમ મારો ઉધડો લીધો હતો. એને કંઈ પણ કહેશો નહીં. એ છોકરા પર હાથ ઉપાડશો નહીં. મારા સમ છે.''

**વીસ વર્ષ પહેલાંનો સૂટ તમને આવતો નથી. રમેશ ભોળિયો છે. હાથનો ચોખ્ખો છે. મારો ડાયમંડનો સેટ ટેબલ પર રહી ગયો. સેઇફની ચાવી બહાર પડી હતી. એણે સેટ સેઇફમાં મૂકી, સેઇફ બંધ કરી. રાત્રે બે વાગ્યા સુધી આપણી રાહ જોતો બેસી રહ્યો હતો.**

''પણ મારો લકી સ્સૂટ...!''

રમેશ અને શોભના દાદર ઉતરતાં હતાં. ભાઈસાહેબને બેઠેલા જોઈને રમેશ ભડક્યો. પાછો ઉપર જવા જતો હતો ત્યાં દિનકરરાયે ત્રાડ નાંખી,

''ગધેડા! નીચે ઊતર.''

રમેશ ધ્રૂજતો-કાંપતો નીચે ઊતર્યો.

''આવો શાહરૂખખાન, આવો. મારી સામે ખુરસી પર બિરાજો... શું લેશો?... ઠંડું કે ગરમ?''

રમેશ ઊભો જ રહ્યો.

દિનકરરાય ગર્જ્યા, ''બહેરો છે? સાંભળ્યું નહિ? બેસ ખુરસી પર.''

રમેશ ખુરસી પર ફસડાઈ પડ્યો. શોભના દાદરના પગથિયા પર જ બેસી પડી.

દિનકરરાય બબડ્યા... ''માય લકી ગ્રે સ્સૂટ''

એમણે પાસે પડેલું ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, ચશ્માં પહેરી ઉથલાવવા માંડ્યું.

બધા જ્વાળામુખી ફટવાની રાહ જોતા હતા. રમેશ વિચારતો હતો હવે શું થશે! ભાઈસાહેબ ઝપેટી નાખશે? મને ગામ ભેગો કરી દેશે? દોસ્તારો મશ્કરી કરશે. એક્ટર બનવા આવ્યો હતો ને! પાછો જઈશ તો શોભનાને આપેલા વચનનું શું? બાપા શું કહેશે?

જામગરી સળગાવીને, કાનમાં આંગળી નાખીને બોમ્બ ફાટવાની રાહ જોતાં છોકરાંઓ જેવી તેમની હાલત હતી.

છેવટે દિનકરરાયે મૌન તોડ્યું. છાપામાં જ માથું રાખીને કહ્યું, ''સરલા! તમારા આ કુંવરજીને જરા ટાઈ બાંધી આપો.''

... કોઈ ચસ્યું નહીં... ફરીથી શાંતિ... શું કરવું તે કોઈને સમજાયું નહી...ભાઈસાહેબે ફરી મોટો ઘાંટો પાડ્યો, ''કેમ બધ્ધા જ બહેરા થઈ ગયા છો? રમલા ઊભો થા. ભાભી પાસે જઈને ટાઈ બંધાવ. બરાબર શીખી લે. અને શોભના તું કેમ પથરો થઈ ગઈ? મેં તને કાંઈ કહ્યું છે? તું પણ ટાઇ બાંધતાં શીખી જા. આ ગધેડાને ગળે રોજ ફાંસો નાંખવો પડશે. કાલે તારી માને લઈ આવજે. મારે ઘણી વાત કરવાની છે. આવતીકાલથી તારે આખો દિવસ અહીં જ કામ કરવાનું છે. તારે બપોરે બે કલાક સીવણ ક્લાસમાં પણ જવાનું છે.''

''ને રમલા! બરાબર કાન ખોલીને સાંભળી લે. કાલે સવારે આપણે સિદ્ધિવિનાયકનાં દર્શને જઈશું. તારે આ જ સ્સૂટ પહેરીને આવવાનું છે.''

''સોમવારે સવારે આર.ટી.ઓ.ની ઓફિસમાં જઈને મહારાષ્ટ્રનું ડ્રાઈવિંગ લાયસન્સ કઢાવવાનું છે.''

''મંગળવારે ગણેશ ચતુર્થી છે. કુલકર્ણી પાસે ઓફિસનું કામ શીખવા માંડજે. રોજ સાંજે તારે કોમ્પ્યૂટરના ક્લાસમાં જવાનું છે.''

દિનકરરાય ઊઠ્યા. રમેશના ગુચ્છાદાર વાળમાં આંગળાં ફેરવીને. ''માય લકી ગ્રે સૂટ'' બબડાટ કરતા, રમેશ અને શોભનાએ વ્યવસ્થિત કરેલા બેડરૂમમાં કપડાં બદલવા ચાલ્યા ગયા.

બોમ્બ ફાટવાને બદલે હરખની રંગીન આતસબાજી ફૂટતી હતી.

ભાભીસાહેબ લકી ગ્રે સ્સૂટમાં શોભતા રમેશને, હર્ષાશ્રુ સાથે ટાઇ બાંધતાં હતાં. **મ**



એકત્રીશ વર્ષની બેન્ક સર્વિસ કરી હાલ નિવૃત્ત. ૧૯ લઘુનવલો, એકસોથી અધિક ટૂંકી વાર્તાઓ અખબારો અને વાર્તામાસિકોમાં પ્રગટી છે. ત્રણ પુસ્તકો ટૂંક સમયમાં પ્રગટ થનાર છે.

**સી ૧૨, મજૂર મહાજન સોસાયટી, ગણદેવી રોડ**
**જમાલપોર**
**નવસારી ૩૯૬૪૪૫**
**ફો. ૦૨૬૩૭ ૨૪૨૦૯૮**
**મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮**

# દિનેશ પંચાલ

# એટેક

ગુણવંતભાઈએ ત્રીસ વર્ષ સુધી સરકારી નોકરી કરેલી. નોકરીમાં એ બે વાર સસ્પેન્ડ થયેલા. દીકરો એમને કહેતોઃ 'પિતાજી, તમે છાશવારે અનીતિ સામે યુદ્ધે ચઢો છો. કેટલીક વાતો ચલાવી લેવી પડે. તમે કળિયુગમાં હરિશ્ચંદ્ર બનવાની કોશિશ કરો છો તેથી અમે મુશ્કેલીમાં મુકાઈ જઈએ છીએ!' ગુણવંતભાઈને ગુસ્સો આવ્યો - 'મારે કારણે તમારે માથે શી મુશ્કેલી આવી?' દીકરો જવાબ આપવા જતો હતો ત્યાં ગંગાબાએ ઊંચા સાદે કહ્યુ - 'તું તારી રૂમમાં જા... આપણે કોઈ ચર્ચા નથી કરવી!' પણ દીકરો જતાં જતાં સંભળાવતો ગયો - 'પિતાજી, ઘણી વાર તમે નાના છોકરા જેવો બફાટ કરી બેસો છો. કોઈ મોં પર કહેતું નથી, પણ મહોલ્લામાં બધાં તમને 'ગુણવંત ગાંડો' કહે છે. સાંભળીએ ત્યારે દુઃખ થાય છે. ગુણવંતભાઈએ કહ્યું- 'દુઃખ લગાડવાની શી જરૂર છે, હું છું જ ગાંડો!'

•••

ગુણવંતભાઈ ગંગાબાને ઘણી વાર કહેતાં- 'ગંગા, બહુ જિવાઈ ગયું... મને નેવ્યાંશી થયાં. તું પંચ્યાશીની થઈ. હવે તેડું આવે તો સંસાર સમેટી લઈએ. હવે જેટલું વધારે જીવીશું તેટલા દુઃખી થઈશું...! મારો સ્વભાવ હું બદલી શકતો નથી. મારાથી ખોટું સહન થતું નથી અને સત્ય છુપાવાતું નથી...!'

'પણ ચૂપ તો રહી શકાયને...?' ગંગાબા વચ્ચે જ ઊકળી ઊઠતાં. વર્ષોથી ભેગો થયેલો રોષ એમના અવાજમાં ધસી આવતો. જોકે મોટા ઝઘડા ખાસ થતા નહિ. ગંગાબાએ ગુણવંતભાઈને તેમની તમામ કમજોરીઓ સહિત સ્વીકારી લીધા હતા. ગરીબ ગુણવંતનું ઘર માંડવામાં ગંગાબાને બહુ તકલીફ પડી હતી. ગુણવંતભાઈમાં વ્યવહારુતા... સમજદારી... દુનિયાદારી... જે કહો તે પહેલેથી જ ઓછાં. દિલમાં જે ઊગે તે મોઢામોઢ કહી દે. એક ઘા ને બે કટકા કરી નાખે... જીવનની મૂળ ગરીબીમાં એ બધાંનો ઉમેરો થતો એટલે સરવાળો મોટો થતો. એક દિવસ ગુણવંતભાઈનો કોઈ જૂનો મિત્ર ઘર પૂછતો આવી ચઢ્યો. આવતાં જ



એણે કહ્યું- 'અલ્યા, તું આટલાં વર્ષથી ગામમાં રહે છે. તને કોઈ ઓળખતું નથી? મેં કેટલાય જણને પૂછ્યું- ગુણવંતલાલનું ઘર કયું? પણ કોઈને ઝટ ખ્યાલ ન આવ્યો.'

'તેં ખોટું પૂછ્યું... ગુણવંત ગાંડાનું ઘર કયું એમ પૂછ્યું હોત તો તરત બતાવી દીધું હોત. અહીં બધાં મને ગુણવંત ગાંડાના નામથી ઓળખે છે!' શબ્દો સાંભળી એં માણસ ચમકીને જોઈ રહ્યો. એને સમજાયું નહિ કે ગુણવંતભાઈ ગંભીરપણે કહે છે કે મજાક કરે છે? દીકરો એ સંવાદ સાંભળી ગયો. પેલા મિત્રના ગયા પછી ગુણવંતભાઈને તેણે ઝાટક્યા - 'પિતાજી, એવું બોલાય? તમારી નહીં તો અમારી ઈજ્જતનો તો ખ્યાલ કરો....?'

એક દિવસ દીકરાનો કોલેજકાળનો જૂનો મિત્ર પધાર્યો. રાત્રે એ બન્ને ઉપલી અગાસીના હીંચકે બેસીને વાતો કરતા હતા. દીકરાએ મિત્ર આગળ હૈયાવરાળ ઠાલવી - 'યાર, બધું સુખ છે, પણ પિતાજી બહુ પ્રોબ્લેમ ઊભા કરે છે...!' મિત્રે કહ્યું- 'નહીં યાર, તારા ફાધર ખરેખર ઈમાનદાર માણસ છે. આજે સમાજમાં હળહળતાં જૂઠાણાં અને તરેહ તરેહની બેઈમાની ચાલે છે ત્યારે આવા પ્રામાણિક માણસોને તો સમાજે ઍવોર્ડ આપવો જોઈએ!'

'તું શો બકવાસ કરે છે યાર...? બેવકૂફીઓ માટે તો વળી ઍવોર્ડ અપાતો હશે? તને એક તાજો કિસ્સો કહુ઼ં સાંભળ. બે દિવસની વાત છે. એ બજારમાં જવા નીકળ્યા. બસ ચૂકી ગયા એટલે કોક છોકરાના સ્કૂટર પર બેસીને બજારમાં આવ્યા. સ્કૂટર પરથી ઊતરીને એમણે છોકરાને પૂછ્યું- 'તારી ઉંમર બહુ નાની લાગે છે. તારું લાઇસન્સ ખરું કે?' પેલાએ ભોળાભાવે કહ્યું- 'ઉંમર ઓછી છે એથી હજી લાઇસન્સ કઢાવ્યું નથી.' બસ થઈ રહ્યું. પિતાજીએ તેને પંદર મિનિટ ભાષણ આપ્યું. પછી ઘસડીને નજીક ઊભેલા ટ્રાફિક પોલીસ પાસે લઈ ગયા અને છોકરા વતી પોતે દંડની રકમ પોલીસને આપતાં કહ્યું- 'આ છોકરા પાસે લાઈસન્સ નથી. એનો કાયદેસર જે દંડ થતો હોય તે લઈ લો!' આવતાં આવતાં ટ્રાફિક પોલીસને પણ કહેતા આવ્યા - 'તમે ડ્યુટી પર છો છતાં બેલ્ટ... યુનિફોર્મ.... બિલ્લો વગેરે કંઈ જ પહેર્યું નથી એ ખોટું કહેવાય!' ટ્રાફિક પોલીસ મને ઓળખતો હતો એથી પપ્પાને જવા દીધા. નહીંતર ચોકીમાં બેસાડી દીધા હોત!'

> 'છોકરા પાસે લાઇસન્સ નથી. કાયદેસર દંડ થતો હોય તે લઈ લો!' પપ્પા ટ્રાફિક પોલીસને કહેતા આવ્યા. 'તમે ડ્યુટી પર છો છતાં બેલ્ટ, યુનિફોર્મ, બિલ્લો વગેરે કંઈ પહેર્યું નથી. ખોટું કહેવાય!' ટ્રાફિક પોલીસ મને ઓળખતો હતો એથી પપ્પાને જવા દીધા.

'હજી આગળ સાંભળ. એક દિવસ રેશનકાર્ડ માટે સરકારી ઓફિસમાં ગયા. ત્યાં બધાં જોડે લડી આવ્યા, 'તમે રિસેસમાં જાઓ છો ત્યારે બધી લાઇટો ચાલુ રાખીને જાઓ છો. તમારા ઘરની લાઈટ આમ ચાલુ રાખો છો? તમારી નિષ્કાળજીને કારણે સરકારે લાઈટનો ખોટો ખર્ચ વેઠવો પડે છે!' એ ઓફિસમાં મહોલ્લાનો એક માણસ સર્વિસ કરે છે. તેણે બાજી સંભાળી લીધી. આવું સતત થયા કરે છે. પિતાજી બહાર નીકળે અને ઘરમાં સૌના જીવ ઊંચા થઈ જાય છે. ગઈ કાલે નગરપાલિકાના પ્રમુખને રૂબરૂ મળીને ખખડાવી આવ્યા. કહે - 'ઘણી વાર તમારા માણસો સ્ટ્રીટલાઈટ બંધ કરવાનું ભૂલી જાય છે. દસ અગિયાર વાગ્યા સુધી લાઈટો બળતી રહે છે. તમારી લાપરવાહીને કારણે શહેરના લોકોને માથે ખોટો ખર્ચ ચઢે છે!'

'અરે...! એક વાર તો પોલીસચોકીમાં જઈને ઈન્સ્પેક્ટરને મોઢામોઢ કહી આવેલા - 'ફલાણા પીઠામાં જઈને તમારા પોલીસો દારૂ પીએ છે અને હપતા પણ ઉઘરાવે છે. તેની સામે તમે કેમ કોઈ પગલાં ભરતાં નથી?' લે સાંભળ... હવે કંઈ કહેવું છે તારે...? તું એવોર્ડ આપવાની વાત કરે છે, પણ એવોર્ડ તો અમને આપવો જોઈએ - સહનશક્તિનો એવોર્ડ...! દર ત્રીજે દિવસે એ કોઈ તોફાન ઊભું કરે છે. એમની ઈમાનદારીનો દંડ અમારે ભોગવવો પડે છે!'

મિત્ર શું બોલે...? એ પણ સાંભળીને ચૂપ થઈ ગયો.

●●●

મૈયતમાં જે કોઈ આવતું તેના મુખેથી એક જ પ્રશ્ન નીકળતો હતો - 'ગુણવંતભાઈને શું થયું હતું? બિલકુલ સાજાનરવા હતા. ગઈ કાલે તો એમની જોડે કલાક વાત કરી. એકાએક શું થઈ ગયું..?' દીકરો કહેતો હતો - 'પિતાજીને રોગ તો કોઈ જ ન હતો, પણ ઉંમરને કારણે થોડા ઢીલા થઈ ગયા હતા. બે દિવસ પર અમે નવા બંગલામાં જવાની તૈયારી કરતા હતા ત્યારે એમણે કહેલું - 'અમને તમે અહીં જ રહેવા દો...' પણ મેં એમની ૯૦મી વર્ષગાંઠ નિમિત્તે એ ચાળીસ લાખનો બંગલો એમને ભેટ આપ્યો હતો. પિતાજીએ બહુ ગરીબી વેઠી હતી. અમે ગામડાના ઘરમાં મોટા થયા હતા. પિતાજી આ સુખનો એટેક ન જીરવી શક્યા!' ગંગાબા સ્ત્રીઓના ટોળા વચ્ચે કહેતાં હતાં - 'બહેન, કોણ અમરપટો લખાવીને આવ્યું છે? તબિયત

તો છેલ્લે સુધી સારી હતી, પણ વર્ષો પહેલાં એક જ્યોતિષીએ કહેલું તે સાચું પડ્યું. નેવું પૂરાં થઈને એકાણુમું બેસશે એટલે તમે...' ગંગાબાની આંખમાંથી આંસુઓ ટપકતાં હતાં, પણ કોણ જાણે કેમ, એમના શબ્દોનો આંસુ સાથે મેળ ખાતો નહોતો. એ બોલતાં કંઈક જુદું હતાં અને રડતાં કંઈક જુદું હતાં.

ગુણવંતભાઈએ એક ટિકિટ ખરીદી. ગુણવંતભાઈના સ્વભાવમાં પહેલેથી ચીવટાઈ. એમણે ટિકિટને તિજોરીમાં મૂકતાં પહેલાં જગમોહનની ટિકિટ પર તેનું નામ લખી દીધું હતું. જેથી ઇનામ લાગે તો કોને ઇનામ મળ્યું છે તેનો ખ્યાલ આવી શકે.

એકાદ મહિનાથી ઘરમાં ઝઘડો ચાલતો હતો. દીકરાએ કડકાઈપૂર્વક કહી દીધું હતું - 'આખી જિંદગી તમારી બેવકૂફી સહન કરીને દુઃખી થતા રહ્યા. હવે આ મામલામાં હું તમારી કોઈ વાત સાંભળવાનો નથી. બા, તું સમજાવ બાપુજીને...!'

થયેલું એવું કે જગમોહન અમેરિકા ગયો અને બીજા અઠવાડિયે જ ત્યાં એક એક્સિડન્ટમાં માર્યો ગયો. ગુણવંતભાઈ ભાંગી પડ્યા, પણ ખરી મુશ્કેલી તો જગમોહનના મર્યા પછી ઊભી થઈ. એ અમેરિકા ગયો તેના થોડાક દિવસો પહેલાં ગુણવંતભાઈ અને જગમોહન બન્ને મિત્રો ખરીદી કરવા નીકળ્યા હતા. જગમોહનની નજર લોટરીના સ્ટોલ પર પડી. એણે એક ટિકિટ ખરીદીને ગુણવંતને આપતાં કહ્યું, 'ગુણવંત, મારી આ ટિકિટ તું સાચવજે અને ઇનામ લાગે તો મને જાણ કરજે. હું લેવા આવીશ. એ બહાને આપણે મળીશું. તું પણ એકાદ ટિકિટ લઈ લે... મને તો આમેય અમેરિકાની લોટરી લાગી છે. કદાચ તારું પણ કિસ્મત ચમકી જાય...!'

ગુણવંતભાઈએ પણ એક ટિકિટ ખરીદી. ગુણવંતભાઈના સ્વભાવમાં પહેલેથી જ ચીવટાઈ હતી. એમણે ટિકિટને તિજોરીમાં મૂકતાં પહેલાં જગમોહનની ટિકિટ પર તેનું નામ લખી દીધું હતું, જેથી ઈનામ લાગે તો કોને ઈનામ મળ્યું છે તેનો ખ્યાલ આવી શકે. લોટરીનો ડ્રો થયો. જગમોહનની ટિકિટ પર ૫૦ લાખનું ઈનામ લાગ્યું. ગુણવંતભાઈનું કહેવું હતું કે કાયદેસર એ પૈસા જગમોહનના જ કહેવાય. આપણો એના પર કોઈ હક નથી...!' દીકરો કહેતો હતો - 'જગમોહનકાકાને ભગવાને બેસુમાર દોલત આપી છે. આ પચાસ લાખ ભગવાને આપણને આપ્યા છે. વળી હવે તો જગમોહનકાકા હયાત પણ નથી. તેમના દીકરાઓ અમેરિકામાં અબજોપતિ બનીને બેઠા છે. પિતાજી, લક્ષ્મી ચાંલ્લો કરવા આવી છે ત્યારે તમે ઈમાનદારીની આડમાં કોઈ મૂર્ખામી ના કરશો...!'

દીકરા આગળ ગુણવંતભાઈનું ન ચાલ્યું. ગંગાબા પણ દીકરાની તરફેણમાં રહ્યાં. ગુણવંતભાઈએ દીકરા જોડે બોલવાનું છોડી દીધું હતું, પણ એમનો આત્મા કકળતો હતો. જાણે એ દીકરાને કરગરીને કહેતા હતાં - 'મરેલા બાપનું દેવુ દીકરાએ ચૂકવવું પડે એવી કાયદામાં જોગવાઈ છે. એ ન્યાયે મરેલા બાપને ઈનામ મળ્યું હોય તેનો હક પણ દીકરાનો જ ગણાય. એ પચાસ લાખની એકેએક પાઈ જગમોહનના દીકરાની જ ગણાય... આપણી નહીં...!'

દીકરાએ નવા બંગલામાં પૂજા કરાવી ત્યારે ગુણવંતભાઈ માંદા પડી ગયા હતા એથી જઈ ના શક્યા, પણ છેલ્લે-છેલ્લે એમણે ગંગાબાને ભીની આંખે વિનંતી કરી હતી - 'ગંગા, આપણે એ બંગલામાં નથી જવું. આપણે આ ઘરમાં જિંદગી વિતાવી છે. અહીં જ મારી આંખ મીંચાય એમ હું ઈચ્છું છું!' ગંગાબાએ એમને સમજાવ્યું - 'તમે જિંદગીભર તમારા મનનું કરતા રહ્યાં. દીકરાએ સુંદર બંગલો બનાવ્યો છે તો એનું મન રાખવા થોડા દિવસ ત્યાં રહીએ. પછી પાછાં આવતાં રહીશું. હું દીકરાને સમજાવીશ...!'

દીકરાએ ગુણવંતભાઈ માટે મોંઘી કફની ખરીદી હતી. દીકરાવહુએ સ્વહસ્તે એ કફની તેમણે પહેરાવી. વહુએ મજાક કરી - 'બાપુજી તમે આ કફનીમાં વરરાજા જેવા લાગો છો...!' દીકરો હરખથી બોલ્યો- 'પિતાજી મારા તરફથી આ બંગલો તમને ભેટમાં આપું છું..!'

ગુણવંતભાઈ કારમાંથી ઊતર્યા અને બંગલામાં પહેલે પગથિયે પગ મૂક્યો ન મૂક્યો ને ઢળી પડ્યા.

• • •

સ્મશાને એક જ વાત ચર્ચાતી હતી. ગુણવંતભાઈ ભગવાનના માણસ હતા. એમની જીવનભરની પ્રામાણિકતા રંગ લાવી. દીકરાને ભગવાને એવી બરકત આપી કે તેણે બાપને ચાળીસ લાખનો બંગલો ભેટમાં આપ્યો. જોકે સૌને એક વાતનું આશ્ચર્ય થયું હતું. એમને નખમાંય રોગ નહોતો. અચાનક આ એટેક કેમ આવ્યો? ગંગાબાના દિલમાં જ્યોતિષીના શબ્દો ઘૂમરાઈ રહ્યા હતાં - '-અંતે તમે કોઈ અસાધ્ય રોગમાં એટેકથી મરશો!' ઈમાનદારી ગુણવંતભાઈનો અસાધ્ય રોગ હતો. ગંગાબા સિવાય મહોલ્લાના કોઈ માણસને જાણ થઈ ન શકી કે ગુણવંતભાઈને હ્રદયરોગનો નહીં, ઈમાનદારીનો એટેક આવ્યો હતો...! મ



*વિખ્યાત ગુયટે પારિતોષિક વિજેતા સિગફ્રિડ લેન્ઝ (Siegfried Lenz) જર્મન વાર્તાકાર, નવલકથા-લેખક અને નાટ્યાકાર છે. કેટલાક કહે છે કે લેન્ઝ એ સમયના અન્ય પ્રતિષ્ઠિત સાહિત્યકારોની માફક જર્મનીની નાઝી પાર્ટીના સભ્ય બનેલા. વિશ્વયુદ્ધ પછી લેન્ઝ હિજરત કરીને ડેન્માર્ક ગયા ને ત્યાં યુદ્ધકેદી તરીકે પકડાયા. ત્યાંથી છૂટ્યાબાદ તેમણે એક દૈનિકમાં નોકરી લીધી, અને સમય જતાં ગુન્તર ગ્રાસ તથા વિલી બ્રાન્દ્તના સાથી બનીને રાજકારણમાં કર્મશીલ થયા. સિગફ્રિડ લેન્ઝ હાલ જર્મન લિપિ અને શાસ્ત્રીય ઉચ્ચારની એક સંસ્થામાં સક્રિય છે.*


***વાર્તા સંકલન અને ભાવાનુવાદ બાબુ સુથાર***
***૧+૨૧૫ ૩૩૮ ૩૫૬૯***
***basuthar@gmail.com***

## સિગફ્રિડ લેન્ઝ/જર્મન વાર્તા

# અબોલા

બોલેરુપમાં બે કુટુંબો રહેતાં હતાં. બેઉ એકબીજાનાં પાડોશી. એમનાં ખેતરો પણ એકબીજાની પાસે આવેલાં હતાં. એમનાં છોકરાં પણ એક જ નિશાળમાં ભણવા જતાં હતાં અને એમના ઘરમાં કોઈનું મરણ થાય તો એઓ એમનાં શબ પણ એક જ કબ્રસ્તાનમાં દાટતાં. તો પણ એ બન્ને કુટુંબો વચ્ચે બસો વરસથી અબોલા હતા. એ બન્ને કુટુબોની અટક પણ એક જ હતી : ફેડરસન. પણ એમની વાત કરતી વખતે આપણે કોઈ ગરબડ ન કરી બેસીએ એ માટે આપણે એક કુટુંબને ફેડરસન ઈસ્ટ (પૂર્વમાં રહે છે એટલા માટે) અને બીજા કુટુંબને ફેડરસન વેસ્ટ (એ પશ્ચિમમાં રહે છે) કહેશું. કેમ કે બોલેરુપના લોકો પણ એ બન્ને કુટુંબો વચ્ચે ગોટાળો ન થાય એટલે આ બે નામથી ઓળખે છે.

આ બન્ને કુટુંબોએ છેલ્લાં બસો વરસથી એક શબ્દનો પણ વ્યવહાર કર્યો નથી. એમની વચ્ચે એટલો બધો ખાર હતો કે એ લોકો એકબીજાંને ગંધાતાં, ગોબરાં, હલકાં, ટૂંકી પૂંછડીવાળાં ગણતાને ખૂબ ઊંડેથી ધિક્કારતાં, સંપૂર્ણપણે ધિક્કારતાં, કેમ કે બન્નેનાં નામ પણ એક હતાં.એમણે નામ બદલવાનો નિર્ણય લીધેલો. પણ, એમના મોવડીઓ સામેવાળો પહેલ કરે એની રાહ જોઈ રહ્યા હતા. એટલે એ બન્નેએ ફેડરસન



નામ ચાલુ રાખેલું.

ક્યારેકસામેવાળાનો ઉલ્લેખ કરવો પડે તો એ લોકો સામાને વરુ, દેડકો, સાપ કે સાપણ કહેતા. અને એમના આવા તીખા અબોલાનું કારણ? કોઈ કહેતું કે એક વાર એક કુટુંબના ગાડાનું પૈડું ગુમ થઈ ગયેલું અને એમણે માની લીધું કે સામેવાળા એ પૈડું ચોરી ગયા હશે. એમ દુશ્મનાવટ થઈ ગઈ. તો વળી બીજુંકહેતું કે હકીકતમાં એકનુંમરઘાં રાખવાનું એક પાંજરું ચોરાયેલું ત્યારે એમને લાગેલું કે સામેવાળો જ ચોરી ગયો હશે. હજી એક ત્રીજી વાત પણ ચાલે છે. કહેવાય છે કે એક કુટુંબે બીજા કુટુંબની વાડ તોડી નાખેલી એટલે દુશ્મનાવટનાં બીજ રોપાયેલાં.

> બસો વરસના અબોલા પછી, એક સાંજે, બન્ને કુટુંબના વડાઓ એટલે ફેડ્રીશ ઇસ્ટ, લીઓ વેસ્ટ હોડીઓ લઈને દરિયે ગયા. બોલરુપના બધા ખેડૂતો દરિયામાંથી માછલીઓ પકડતા. એમાં ફેડ્રીશ ઈસ્ટ અને લીઓ વેસ્ટનો પણ સમાવેશ થાય છે.

જે હોય તે. આ બન્ને કુટુંબોમાં કોઈ સામા કુટુંબનો ઉલ્લેખ કરે તો ગળા પર છરી ફેરવતું હોય એવો ઈશારો કરી પોતાનું ઝનૂન પ્રગટ કરે. સાહેબ, મારો સાળો તો કહે છે કે જો એ વખતે બોલનારની કાંખમાં કોઈ બાળક હોય તો એ બાળક પણ રાતુચોળ થઈ જતું! જો કે, મને એમાં અતિશયોક્તિ લાગે છે. પણ, એક વાત નિર્વિવાદ છે : જો આ બન્ને કુટુબોને એક જ જગ્યાએ ભેગા થવાનું થતું તો બધા મુઠ્ઠીઓ ભીંસી, દાંત કચકચાવી, એકબીજાથી ઊંધી દિશામાં જોતા જોતા સાપ ફુત્કાર કરે એવા ફુત્કાર કરતા. પણ ઘણાં કુટુંબોમાં આવું બનતું હોય છે.

તમને જરા નવાઈ લાગશે પણ એક વાત કહું? મેં આ બન્ને કુટુબના મોવડીઓને એક તોફાની સાંજે એમના આ દુશ્મનાવટથી છલોછલ અબોલા તોડતા જોયા છે. તમે નહીં માનો પણ ચાલો, હું તમને માંડીની એ વાત કરું.

**૨**

બસો બસો વરસના અબોલા પછી, એક સાંજે, બન્ને કુટુંબના વડાઓ એટલે કે ફેડ્રીશ ફેડસરન ઇસ્ટ, અને લીઓ ફેડસરન વેસ્ટ, એમની હોડીઓ લઈને દરિયે ગયા. બોલરુપના બધા જ ખેડૂતો દરિયામાંથી માછલીઓ પકડતા હોય છે. એમાં આ ફેડ્રીશ ફેડસરન વોન ઈસ્ટ અને લીઓ ફેડસરન વોન વેસ્ટનો પણ સમાવેશ થાય છે. જેટલો ફિક્કો અને નિર્જીવ દરિયો હતો એટલી જ ફિક્કી અને નિર્જીવ એક સાંજે આ બન્ને હોડીઓ લઈને દરિયે ગયા. વાતાવરણમાં જેવી આકરી ગરમી હતી એવો જ આકરો બફારો હતો. જાણે કંઈક નવાજૂની ન થવાની હોય! એ સાંજનિરાંતે મહાલી શકાય એવી તો ન જ હતી. પેલા બન્ને મોવડીઓ એવો દેખાવ કરતા હતા દરિયામાં હતા, જાણે કે એ દરિયામાં એમનાપોતાના સિવાય બીજું કોઈ છે જ નહીં. એમણે પોતપોતાની હોડીઓ એક થાંભલા સાથે બાંધી, પછી પેલી માછલીઓ ભરેલી ટોપલીઓ હોડી તરફ ખેંચી. અને પછી એ ટોપલી પરનું દોરડું છોડીનેએમાં પકડાયેલીમાછલીઓને હોડીમાં ઠાલવી. એ દરમિયાન, પેલા વાતાવરણે કંઈક નવાજૂની કરી નાખવાનું વચન આપ્યું હતું એનો પરચો કરાવ્યો.

જોતજોતામાં બાલ્ટિકના દરિયા પર તોફાનછવાયું. આકાશ બદલાયું. તોફાની પવન ફૂંકાવા લાગ્યો. દરિયો હચમચી ઊઠ્યો, મોજાં વાંસવાંસ થપાટ મારી ઉછળવા લાગ્યાં. આપણા પેલા બે જણશું બની રહ્યું છે એ સમજે એ પહેલાં તો ધોધમાર વરસાદ વરસવા લાગ્યો અને એ સાથે જ દરિયાકાંઠો પણ અંધકારમાં ગરકાવ થઈ ગયો.બન્ને મોવડીઓ પોતાની બધી શકિત ને આવડત વાપરીને હલેસાં મારી હોડીને કાંઠે લઈજવાનો ઝઝૂમવા લાગ્યા. પણ હોડીઓ એક ક્ષણે આગળ તો બીજી ક્ષણે પાછળ જતી.

હવે આપણે ફેડ્રીશ અને લીઓને તોફાનની સામે સંઘર્ષ કરતા રહેવા દઈએ. પવનની ગતિને આપણે હજી પણ વધારે ઝડપી બનાવીએ. એમને વાવાઝોડા સાથે લડતા કરી મૂકીએ. આપણે ધરાઈ જઈએ ત્યાં સુધી આપણે એમની સામે પડકારો ઊભા કરીએ. આ બધુંઆપણે કરી શકીએ એમ છીએ. એમાં આપણને કોઈ મર્યાદા નડવાની નથી, પણ એમ કર્યા પછી વારતા આગળ ન વધે તો? તેથી આપણે એ દરિયાના પ્રવાહની સામે, એનાં મોજાંની સામે, જોરદાર ફૂંકાઈ રહેલા પવનની સામે, તોફાની મોજાંઓની સામે લડી રહેલા એ બન્ને જાની દુશ્મનોને આપણે ગમે તેમ કરીને આ તોફાનમાંથી બહાર કાઢી એકબીજાના મોઢામોઢ તો મૂકવા જ પડશે ને?

આખરે એમ થયુંઃ એ બન્નેની હોડીઓ એક જ મોજા પર સવાર થઈ, એકબીજા સાથે અથડાઈ અને આખરે એ તોફાનની સામે ન ઝઝૂમી શકેલી બન્ને હોડીઓ દરિયામાં ડૂબવા માંડી.

હવે એ બેમાંથી એકેયને તરતાં આવડતું ન હતું. એટલે બન્ને સામ સામે વળગી પડ્યા અને એકબીજાને સજ્જ  ડ પકડી

રાખ્યા.ત્યાં તો એ બેયડૂબવા લાગ્યા. એક સાથે દરિયાનું પાણી ગટગટાવવા માંડ્યા, અનેપાછા દરિયાની સપાટી પર આવવા લાગ્યા. ત્યાંએક જોરદાર મોજાની થપાટે એ બન્ને દરિયાકાંઠા તરફ ફેંકાઈગયા. અને એકબીજાને વળગેલી હાલતમાં દરિયાની તાણમાંથી કાંઠા પર ધકેલાઈ આવ્યા. પોતે કાંઠે આવી ગયા છે જોઈ બન્ને ખુશ થઈ ગયા. હજી એ બંને વળગેલા જ હતા. કાંઠે ફેંકાઈ આવ્યા પછી એ બન્ને એકબીજાનો હાથ ઝાલીને કાંઠા પર જ સાથે થાકીને બેઠા.


પછી ફેડ્રીશે કહ્યુંઃ કેવું તોફાન, હેં? અને બસો વરસના અબોલા તોડ્યા. એનો જવાબ આપતાં લીઓએ કહ્યુંઃ સાચી વાત છે. ખૂબ ખરાબ સ્થિતિ આ માછલીઓ માટે. પછી બન્ને જણે પોતપોતાના ખિસ્સામાંથી નાનકડી, ચપટી આકારની, રમની બોટલો બહાર કાઢી. અને ચીયર્સ ફેડરીશ ચીયર્સ લીઓ જેવા શબ્દોનો વિનિમય કર્યો.

**૩**

હવે આપણે થોડો સમય પસાર થવા દઈએ અને એ બન્નેને પેલી રમની બોટલો ખાલી કરવા દઈએ. એક વાતની નોંધ લઈએ કે એ બન્નેએ પોતપોતાની રમની બોટલોનો વિનિમય કર્યો હતો. એમણે એકબીજાને હુંફ આપી હતી; તાળીવ્યવહાર પણ કર્યો હતો, બાલ્ટિકના તોફાની દરિયાની સામે નજર પણ નાખેલીબન્ને હસેલા પણ ખરા. અને પછી ખાલી બોટલો દરિયામાં પધરાવેલી. ને એકબીજાનો હાથ પકડી સમુદ્રકાંઠાની કરાડોમાં માર્ગ કાઢતાં, જંગલમાં આવ્યા અને જંગલમાંથી માર્ગ કાઢતાં ગામમાં આવ્યા.

એ બન્ને એક બીજાનો હાથ ઝાલીને ગામ તરફ ચાલતા હતા ત્યારે એમણે કોઈ ગીત ગાયેલું કે નહીં એની તો કોઈને ખબર નથી પણ બંને હાથ પકડીને ગામના ચોતરા સુધી આવેલા ખરા. પણ પછી તરત હાથ છોડી દઈ, એક બીજા સામે ઘુરકીને એક ઝાટકા સાથે છૂટા પડેલા. કહેવાય છે કે છૂટા પડતી વખતે એ બન્નેએ જડબાં પણ કચકચાવતાં તંગ કરી દીધેલાં. અને પછી લીઓએ ફેડ્રીશફેડરસને ને કહેલું, સાલા દેડકા અને ફેડરીશે લીઓ ફેડરસનને કહેલું, સાલા બિલાડા. અને પછી એક પૂર્વમાં ચાલ્યો ગયેલો અને બીજો પશ્ચિમમાં. ત્યાર પછી એ બન્ને કુટુંબો પર ફરી કરુણ ચૂપકીદી છવાઈ ગઈ અને ત્યાર પછી એ બન્ને કુટુંબોનાં સંતાનો ફરી એક વાર બસ્સો વરસથી એકબીજા માટે કેળવેલા તીખા ધિક્કારમાં કાયમને માટે લપેટાઈ ગયાં. **મ**


મમતા
વાર્તામાસિક



આવતી કાલના વાર્તાલેખકોનું આજનું માસિક

**મમતાનું વાર્ષિક લવાજમ**
**ભારતમાં રૂ. ૨૦૦ (૧૨ અંક)**

**લવાજમ સીધું બેન્કમાં ભરી શકાય છે.** "Mamata Monthly" a/c no. 20202011000306 Bank of India, Gandhinagar 382 016 IFSC BKID 0002020 **આ ફોર્મ ભરી મોકલવાનું સરનામુંઃ રીડર્સ પેરેડાઇઝ ૬ ઉત્સવ રો હાઉસ સાલ હોસ્પિટલ સામે થલતેજ, અમદાવાદ ૩૮૦ ૦૫૨**

'મમતા'નું વાર્ષિક (૧૨ અંક)નું લવાજમ રૂ. ૨૦૦/- ચેક/ડી.ડી નં. ______________ દ્વારા આ સાથે મોકલું છું / અથવા તા.______________ ના રોજ 'મમતા વાર્તામાસિક'ના ખાતામાં સીધું જમા કરાવ્યું છે. મને નીચેના સરનામે 'મમતા' મોકલશો.


ગ્રાહકનું નામ ______________
વ્યવસાય (સ્વૈચ્છિક) ______________
ફોન ______________ મોબાઈલ ______________
સરનામું ______________
______________
______________ પિન કોડ ______________





# ઓરહાન પામુક/રાગ વિશ્વરંજની

# કેફિયત










૨૦૦૬માં સાહિત્યનું નોબેલ પારિતોષિક મેળવનાર ઓરહાન પામુક આજે તૂર્કી ભાષાનો સૌથી વધુ જાણીતો લેખક છે. એના એક વિધાનથી ટર્કીના રાજનેતાઓ એટલા અકળાઈ ગયા હતા કે સરકારે એની સામે દેશનું અપમાન કરવાનો કેસ કર્યો, જેમાં ત્રણ વર્ષની સજાની જોગવાઈ હતી. એક સ્વિસ પત્રને આપેલી મુલાકાતમાં પામુકે કહ્યું હતું કે, ૧૯૧૫માં ટર્કીની સરકારે આર્મેનિયન પ્રજાનો મોટા પાયે નરસંહાર કર્યો હતો. આને કોઈ રાજનેતા સ્વીકારવા તૈયાર નથી, જ્યારે સહન કરનાર પ્રજા પામુકના આ કથનને ટેકો આપે છે. એના પર કરાયેલા કેસ બાદ વિશ્વના અનેક બૌધ્ધિકોએ આ પગલાનો સખત વિરોધ કર્યો અને છેવટે ટર્કીની સરકારે કેસ પાછો ખેંચ્યો.

૧૯૫૨માં જન્મેલા પામુકના પરિવારમાં ઈજનેરોની સંખ્યા વધારે હતી. વડીલોની ઈચ્છા હતી કે એ પણ ઈજનેરીનો અભ્યાસ કરે. નાનપણથી ચિત્રકળાના શોખના લીધે બધાને આશા હતી કે એક દિવસ એ સારો આર્કિટેક્ટ બનશે. બધી જ આશાઓથી વિપરિત એણે પ્રથમ નવલકથા લખી. ટર્કીમાં સૈનિક વિદ્રોહ થયો અને આ નવલકથા ત્યારે જ પ્રકાશિત થઈ શકી, જ્યારે એ ત્રીજી નવલકથા લખી રહ્યો હતો. પામુક કહે છે કે, ટર્કીમાં ગદ્ય લેખનને કારકૂની ગણવામાં આવે છે અને ખરું સાહિત્ય કવિતા ગણાય છે. ઓટોમાન સુલ્તાનો પણ પોતાને શાયરીના દીવાના ગણતા હતા. અઢાર વર્ષની ઉંમરે પામુકે કવિતાઓ લખી પણ ફાવટ ન આવતાં નવલકથા લખવાની શરૂઆત કરી. એ કબૂલ કરે છે કે, એની લેખન પ્રવૃત્તિ પણ એક કારકૂનના કાર્ય જેવી વિગતવાર અને ધીમી છે.

વિવિધ મુલાકાતોમાં એણે પોતાની લેખન પધ્ધતિને આ રીતે સમજાવી છે - હું ઘરના વાતાવરણમાં લખી નથી શકતો માટે એક જુદો ફ્લેટ રાખું છું. જ્યાં આખો દિવસ ઓફિસની જેમ કામ કરું છું. જર્મન લેખક ટોમસ માનને હું મારો હીરો માનું છું. માન પોતાનું લખાણ છપાવતા પહેલા પરિવાર સમક્ષ એનું પઠન કરતા હતા. મારી

***વિવિધ સ્રોતોમાંથી સંકલન***
***અને ગુજરાતી રજૂઆત***
***બકુલ બક્ષી***
***મો ૯૮૨૫૫ ૦૩૮૭૮***
***bakulbakshi@***
***hotmail.com***

નવલકથા છપાય તે પહેલાં પત્નીને વંચાવું છું. દરેક નવલ લખતા પહેલાં એનાં પ્રકરણો અને પાત્રોની સંપૂર્ણ રૂપરેખા તૈયાર કરી લઉં છું. પ્રકરણો લખતી વખતે કોઈ સળંગતા જાળવતો નથી, પણ છેલ્લું પ્રકરણ હંમેશ અંતમાં જ લખું છું. પ્રથમ પુરુષ એકવચનમાં જ લખવું મને ફાવે છે. દરેક પુસ્તક મારી પ્રગતિનું સોપાન છે. મારું દરેક પુસ્તક જુદું હોય છે અને એમનામાં કોઈ સમાનતા નથી હોતી. ટર્કીની સંસ્કૃતિ પર પશ્ચિમ અને પૂર્વ બંનેની અસર છે - મારા વ્યક્તિત્વમાં પણ આ સમન્વય વર્તાય છે. હું કોઈ બીજા લેખકને મારો સ્પર્ધક નથી માનતો. મારી સ્પર્ધા મારી પોતાની જાત સાથે છે.

બસ્સો વર્ષ પહેલાં લખાયેલું આજે કોઈ વાંચતું નથી. મારી હયાતી બાદ મારું લખાણ વંચાય તેવી ખોટી આશા નથી રાખતો. મારી દૃષ્ટિએ સાહિત્યનો પણ એક સમકાલીન સંદર્ભ હોય છે. આજે મારા વાચકોની સંખ્યા વિદેશમાં વધારે છે, છતાં હું તૂર્કી ભાષામાં અને તૂર્કી સંસ્કૃતિ વિશે જ લખું છું. મેં ક્યારેય વિદેશી વાચકોને ધ્યાનમાં રાખી લખ્યું નથી. મને કોમ્પ્યુટર નથી ફાવતું. હું લોંગ હેન્ડમાં કાગળ પર લખું છું. બીજા લેખકોના ઈન્ટરવ્યૂ વાંચીને પ્રેરણા મેળવું છું અને ક્યારેક એમની લેખન પધ્ધતિ પણ અપનાવું છું.


એની નવલકથા ''માય નેમ ઈઝ રેડ'' સોળમી સદીની એક રહસ્યકથા છે, જે ફેન્ટસી અને કોયડાઓથી ભરેલી છે. ''સ્નો'' સમકાલીન ટર્કી વિશે છે. બરફમાં ઢંકાયેલા અને દુનિયાથી વિખૂટા પડી ગયેલા એક ગામની કથા છે. વાર્તાનો નાયક પશ્ચિમની એકલતાથી કંટાળીને વતન પાછો આવે છે, પણ એનું વતન બદલાઈ ચૂક્યું છે. એનું પુસ્તક ''ઈસ્તનબૂલ'' એક શહેરની આત્મકથા છે. પોતાના જીવનની ઘટનાઓ અને શહેરમાં આવતો બદલાવ સમાંતર ચાલે છે. પામુક આ નવલકથાને પોતાના પ્રિય શહેર ઈસ્તનબૂલને લખેલો એક પ્રેમપત્ર માને છે. તાજેતરની નવલકથા ''મ્યુઝિયમ ઓફ ઈનોસન્સ'' જીવન સાથે સંબંધિત સામાન્ય વસ્તુઓના સંગ્રહ વિશે છે. આત્મકથા સાથે સંકળાયેલી વસ્તુઓનું એક સંગ્રહાલય યાદોને વસ્તુઓથી જોડે છે.

પામુકની લેખન પ્રવૃત્તિને લેખક બનામ રાજનીતિ નામ આપી શકાય. સરકારે કેસ કર્યા બાદ ટર્કીનાં સમાચારપત્રોમાં એની ટીકા કરતાં ઘણાં લખાણો છપાયાં હતાં. પોતાના દેશનાં સામયિકોમાં એનાં પુસ્તકોની નિષ્પક્ષ સમીક્ષા પણ છપાતી નહોતી. એણે સરકાર પર જે આરોપ મૂક્યો તેના માટે પોતાના જ દેશમાં આ લેખકે મોટી કિંમત ચૂકવવી પડી છે. કેસ થયા બાદ પોતાના વિધાન માટે માફી માંગવાનો ઈન્કાર કર્યો અને આ અભિપ્રાયને એ દોહરાવતો રહ્યો. નોબેલ પારિતોષિક મળ્યા બાદ એણે તૂર્કી સાહિત્યને જે પ્રસિધ્ધિ અપાવી તેનાથી એની સામે થતી ટીકાનું વલણ કૂણું પડ્યું છે. પામુક કહે છે કે મને રાજનીતિમાં કોઈ રસ નથી, પણ એક લેખક તરીકે હું વાસ્તવિકતાની અવગણના નથી કરી શકતો.

પામુકે પોતાના વિચારો પ્રતિક્રિયાની પરવા કર્યા વિના વ્યક્ત કર્યા છે. પ્રખ્યાત લેટિન અમેરિકન લેખક ગેબ્રિયલ ગાર્સિયા મારકવેઝ કહે છે - આજે લોકોને નેતાનાં કથન કરતાં લેખકની વાત પર વધારે વિશ્વાસ છે. ઓરહાન પામુકે એ પુરવાર કરી બતાવ્યું છે. **મ**


**હવે પછી મમતાનું લવાજમ મનીઓર્ડરથી સ્વીકારાશે નહીં.**

મમતા વાર્તામાસિક



**મમતાનું લવાજમનું સીધું બેન્ક એકાઉન્ટમાં જમા કરાવી શકાશે.**

**"Mamata Monthly",**
**a/c no. 202020110000306**
**Bank of India**
**Gandhinagar- 382 016**
**IFSC BKID0002020**

**પેમેન્ટ કરીને નામ અને સરનામાનું ફોર્મ ભરી મોકલવું જરૂરી છે (જુઓ પાનું ૩૬).**

**લવાજમ બાબત એક અગત્યની જાહેરાત**

## છાયાછબીલી બે વાર્તાઓ

### જ્યોતિ પી. દવે/ **હું સવલી**

હું સવલી, મને ના ઓળખી? હું અહીં પાંહેની ઝૂંપડપટ્ટીમાં જ રહું. કાગળો વીણવાનું મારું કામ રસ્તા પર પહેલા ફૂચો વળી ગયેલા કાગળોમાં લખેલું લખાણ વાંચવાનું બહુ મન થાય. પણ શું કરું મને નિહાળે મોકલે કુણ? કાગળો વીણવા, કાપડની ફેરી કરવી. ક્યાંક દુકાનોમાં કચરા પોતા કરવા આવાં કામો કરતાં કરતાં એકવાર મને ઈલાબુન મળ્યાં. મારી ભણવાની ધગશ જોઈ એમણે મને નિરંતર શિક્ષણના વર્ગોની માહિતી આપી. સાંજે આવા વર્ગોમાં જઈ ભણવાની વાત જાણી મને ખૂબ સારું લાગ્યું.

ધીરે ધીરે મને ભણવામાં રસ પડ્યો. ઘણી વસ્તુ શીખવા અને જાણવા મળી મને આ વર્ગોમાં. હવે મને લખતાં, વાંચતાં આવડી ગયું છે. અરે હવે તું હિસાબમાં પણ પાક્કી થઈ ગઈ છું એવું બધા સાહેબોને બુનો કહેવા લાગ્યાં છે. મને એવું લાગી રહ્યું હતું કે હું જેમ ભણી એમ જમુનીને પણ ભણાવું. મેં મંજુમા ને જમુનીને ભણાવે એ માટે બહુ સમજણ આલી... પણ મંજુમા કાંઈ માને?



મેં ધીરે ધીરે મારી ચાલીની નાની નાની છોડીઓને થોડું ભણાવવાનું શરૂ કર્યું. હવે મને કાપડની ફેરી કરવામાં પણ વધારે પૈસા મળવા લાગ્યા. હિસાબ મને આવડે એટલે કોઈ હવે ઓછા રૂપિયા હાથમાં દઈ દે એવું હાલતું નહીં. આ રૂપિયામાંથી હું ચોપડીઓ લઉં પેન્સિલ ને પેનું લઈ બધાને દઉં. સાંજ પડે બધા કામ કરવા શેરીમાં ભેગા થઈ ભણીએં... લખીએ, જુદાં જુદાં ચિત્રો દોરીએ. જમુનીને પણ આ બધું ગમે... થોડાદી એ આ બધુ જોતી રહી અને એક દી સાંજે ભણવા આવી. મને કેતીતી, સવલી બુન મનેય થોડા રૂપિયા આલજો, કાલ હું ય બજારમાંથી નોટ લઈ આવે! મેં કીધું અરે, તું હજી નાની છો... હું લાઈ દઇશ. તો મંગુમાસી કે, અરે હું અલાઈ દઈશ છોડી, તું ચિંતા ના કરીશ. મેં તો ભોળા ભાવે રૂપિયા ૨૦ દઈ દીધા.

બીજા દી બપોરે કાપડના ડ્રેસની ફેરી કરવા હું નીકળી. મેં મંગુમાસી અને જમુનીને બજારમાં જાતા જોયાં. અને મને હરખ થ્યો. મંગુમાસી જમુનીને ભણાવશે એ વિચારે મારો હરખ માતો નહોતો. મને થયું લાવ જઈને જોવું એ કઈ ચોપડીઓ લે છે...? પણ આ શું? ચોપડા માટે લીધેલા રૂપિયામાંથી મંજુમાસી જમુનીને નાસ્તો કરાવી રહ્યા છે. નાની જમુનીને સારા સારા નાસ્તાની લાલચ આપી ભણવાની વાત ને ભુલાવી મંજુમાસી અને જમુની નાસ્તો કરવામાં મશગૂલ છે. પાછળની નોટો ચોપડીઓની દુકાનવાળાને જે રૂપિયા મળવાના હતા એ નાસ્તાવાળા બાપાને મળ્યા... મને દુઃખ થયું... પણ હશે... જમુની જે ખાય એ એના પેટમાં અમી થાવ.

નાની જમની કાંઈ સારું ખાઈને કેટલી ખુશ છે એ જોઈ મારું દુઃખ પણ ઓછું થઈ ગયું... ખુશી મેળવવાની પણ આવડત જોઈએ ને? ભણતરની જોડે ગણતર પણ જોઈએ ને?...

***એમ-૯ સ્વસ્તિક એપાર્ટમેન્ટ નારાયણનગર***
***પાલડી, અમદાવાદ ૩૮૦ ૦૦૯ મો. ૯૮૨૪૫ ૧૨૪૫૬***

### કોકિલા રાવળ/ **મન્સૂર**

મમતા અને મન્સૂર સાથે મોટાં થયાં હતાં. બંને પાડોશીના નાતે બહુ નજીક આવી ગયેલાં. બંનેના જીવ મળી ગયા હતા. બંનેને વાંચવાનો બહુ શોખ હતો. ચોપડીઓની અદલબદલ કરતાં જુવાન થતાં બંને વચ્ચે ચિઠ્ઠીઓની આપલે પણ થવા લાગી.

મમતાની માના ચારે હાથ મન્સૂર પર હતા. તે મન્સૂર પર ઓવારી જતી. તેને ભાવતા મગજના લાડુ, ગોળપાપડી વગેરે બનાવતી ત્યારે મન્સૂરનો ભાગ રાખતી. મન્સૂર અને મમતા એકબીજાના ઘરે ગમે ત્યારે આવતાં જતાં.

કોલેજનો સમય આવતાં મન્સૂર આગળ ભણાવા અમેરિકા જવાની ઇંછા રાખતો હતો. તેણે પોતાના માબાપને વાત કરી. તેના માબાપને મન્સૂર શાદી કરીને જાય તેવી ઈચ્છા હતી. તેઓએ કહ્યું કે એમની નજરમાં અકબરભાઈ સલાટવાળાની દીકરી રોશન હતી. જ્યારે મન્સૂરે કહ્યું કે 'મારું મન બાજુવાળી મમતા પર ઢળે છે.' ત્યારે માબાપે કહ્યું કે 'હમણાં હિન્દુ મુસલમાનના મન ઊંચા છે. એટલે અમારી સલાહ મમતા સાથે લગન ન કર તેવી છે.' મન્સૂરે જણાવ્યું કે 'તો પછી હું લગ્ન કર્યા વગર અમેરિકા જઈશ.'

અમેરિકા જઈ મન્સૂરે થોડાં વરસ ગાળ્યાં. કામ કરતાં કરતાં ભણ્યો એટલે વધારે વર્ષ નીકળી ગયાં મમતા સાથે પત્રવ્યવહાર તો ચાલુ હતો. અમેરિકામાં તેને રચના અને કવિતા નામની બહેનપણીઓ પણ થઈ. પરંતુ મમતાની તાલે કોઈ ન આવે!

લગ્ન માટે મમતાના ઘણાં માગાં આવ્યાં હતાં પણ તેણે કોઈને કોઠું આપ્યું નહોતું.

આ બાજુ મન્સૂરનાં માબાપની તબિયત લથડતી ચાલી. તેમણે ભારત આવી એક વખત તેમને મળી જવા કહ્યું. મમતા ઘણીવાર મન્સૂરના માબાપને મળવા જતી અને એમનો ખ્યાલ રાખતી. મન્સૂર ભારત આવ્યો ત્યારે માબાપે કહ્યું કે 'આ વખતે લગ્ન કરીને મમતાને સાથે લેતો જા. તારે તો ત્યાં રહેવું છે. ત્યાં તને નાતજાતનો વાંધો નડશે નહિ.'

મમતા અને મન્સૂર પહેલાંની જેમ મળવાં લાગ્યાં. બંને સાહિત્યની વાત કરતાં અને તેમની વાત ખૂટતી જ નહિ. બંનેએ એક બીજાને લગ્નના કોલ આપ્યાં. તેની મા તેનું સુખ ઇચ્છતી હતી એટલે તેને મન્સૂર સાથે લગ્ન કરે તેનો કશોજ કોઈ વાંધો નહોતો. મમતાના બાપાને મુસલમાન સાથે લગ્ન કરે તે બહુ પસંદ નહોતું. મા-દીકરી બંનેની ઇચ્છા હોવાથી બહુમતી સામે નમતું મૂક્યું. મન્સૂર અને મમતા તો એમને બાળકો થશે એનાં નામ શું પાડવાં, કોની અટક એમને લગાડવી, એવાં એવાં સ્વપ્નાં જોવાં લાગ્યાં.

એક દિવસ બંનેએ નક્કી કર્યું કે બે દિવસ પછી થનાર સાહિત્ય સભાનો લાભ લઈ, ત્યાં તેમણે લગ્ન વિષે જાહેરાત કરવી.

સાહિત્ય સભાનો દિવસ આવ્યો. ભરી સભામાં તક મળતાં મમતાની માએ મન્સૂરને ચાંદલો કરી વધાવ્યો અને તેમનાં લગ્નની વાત જાહેર કરતાં કહ્યું કે, 'મારી મમતા તને સોંપું છું.' મમતા સ્મિત કરતાં પાછળ જ ઊભી હતી. મોટા ભાગનાં સભાનાં માણસો મલકી ઊઠ્યાં. કોઈએ અવાચક થઈ મોંએ હાથ દઈ દીધા. કોઈએ સેલ ફોન ઉપાડી તેની પત્નીને ખબર આપ્યાં. આગળ બેઠેલા એક વયોવૃદ્ધ ભાઈ સ્થિતપ્રજ્ઞ થઈ બેઠા હતા- કાનનું હીઅરિન્ગ એઈડ ઘરે રહી ગયું હતું.

મમતાના માએ આગળ ચલાવ્યું , 'છ-છ છોકરાંનો બાપ થજે એવા આશીર્વાદ આપું છું, સામન્ય રીતે સોનો શુભ આંકડો વપરાય પણ મમતાની મા છું, એનો વિચાર કરવો જોઈએ ને!' મમતાના બાપુ મોઢું વકાસી જોઈ રહ્યા, હાથમાં કેમેરા હોવા છતાં ફોટા પાડી ન શક્યા.

***૧+૨૧૫ ૪૮૨ ૦૯૨૪***
***raval.kishor@gmail.com***

# ‘મમતા’ જાહેર ખબરના દર




# MAMATA

## Monthly Magazine of Gujarati Short Stories

# Advertising Tariff

| Size | Dimensions (in cms.) | 4-Colour (in Rs.) | B/W (in Rs.) |
|---|---|---|---|
| | Width x height | | |
| Full Page | 19.5 x 25.8 | 10,000 | 6,000 |
| Half Page (Horizontal) | 16.5 x 11 | 6,000 | 3,500 |
| Half Page (Vertical) | 8 x 21.8 | 6,000 | 3,500 |
| Column Ad. | 5.5 x 21.8 | - | 3,000 |
| Quarter Page | 8 x 10.5 | - | 2,000 |
| Strip Ad. | 16.5 x 5 | - | 2,000 |
| 2 Column x 5 Ad. | 11 x 5 | - | 1,500 |
| Single Column Ad. | 5.5 x 5 | - | 1,000 |
| Premium Positions | | | |
| Second Cover | 19.5 x 25.8 | 12,000 | - |
| Third Cover | 19.5 x 25.8 | 12,000 | - |
| Last Cover | 19.5 x 25.8 | 15,000 | - |

**Special Package Discount :** For 12 Issues - 30%
For 6 Issues - 25%
For 3 Issues - 20%

**For Advertising Enquiries**
**Contact: 084888 73909**



'મમતા'ના મમત્વથી નવોદિત વાર્તાકારો નીતર્યા

Retail Price Rs. 20/-
Annual Subscription Rs. 200/- (12 issues)
Vol. 1 No. 6, April 2012

GUJGUJ13769/06/1/2011-TC




**આ ચિત્ર ઉપરથી ૫૦૦ શબ્દોની છાયાછબીલી વાર્તા લખો ને એક વર્ષનું લવાજમ જીતો**

Edited, Published & Printed by the Owner A. V. Thakar from 977/2 Sec 7-C, Gandhinagar 382007, India
Printing Press Allied Offset Printer (Gujarat) Pvt Ltd, 14/2 Kalidas Mill Compound, Gomtipur, Ahmedabad 380021, India

Please Return Undelivered Mail to 'Mamata' Administrative Office
c/o Readers Paradise, 6 Utsav Row House, Opp SAL Hospital, Thaltej, Ahmedabad 380052, India
Phone 079 4007 4342